સાચા સમાચાર

દલિત શક્તિ વિશેષાંક

# ગુજરાત વિકાસ સમાચાર



# વિકાસનો મતલબ 'ઓછી ગરીબી' હોય તો ભારતના વિકસિત રાજ્યોમાં ગુજરાતનો નંબર પંદરમો છે

વિકાસમાં ભારતનું કયું રાજ્ય પહેલા નંબરે આવે છે એવા પ્રશ્નના જવાબમાં 'ગુજરાત' નથી આવતું. વિકાસની સીધી સાદી વ્યાખ્યા એટલે જેમ જેમ ગરીબી ઘટે તેમ વિકાસ થયો કહેવાય એવી સામાન્ય લોકોની સમજ છે. આ સમજ પ્રમાણે ભારતના રાજ્યોને ગોઠવીએ તો જ્યાં સૌથી ઓછી ગરીબાઈ છે તેવા રાજ્યોની યાદીમાં ગુજરાતનો નંબર ૧૫ મો આવે છે. આ આંકડા 'રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા' ના છે.

ગરીબીની રેખા કેટલે આંકવી તેનું દેશમાં એક માપ નથી. ભારતના તમામ રાજ્યો ગરીબીની રેખા પોતાના રાજ્યમાં અલગ-અલગ આંકે છે.

૨૦૦૪-૨૦૦૫ ના વર્ષ દરમિયાન ગુજરાતમાં ભાજપ સરકાર હતી અને તેના મુખ્યમંત્રી મોદી હતા. તે વર્ષમાં ગુજરાતે ગામડે રહેતાં જે કુટુંબોની આવક ૫૦૧ રૂપિયા ૫૮ પૈસાથી ઓછી હતી અને શહેરી વિસ્તારમાં રહેતાં જે કુટુંબની માસિક આવક ૬૫૯ રૂપિયા ૧૮ પૈસા હતી તેમને 'ગરીબીની રેખા' નીચે ગણ્યા. આ પ્રમાણે જોતાં ગુજરાતના ગામડે રહેતાં ૧ કરોડ ૨૮ લાખ ૫૦૦ લોકો અને શહેરમાં રહેતાં ૪૨ લાખ ૯૦ હજાર લોકો અત્યંત 'ગરીબ' ગણાયા. એટલે કે આખા ગુજરાતમાં ૧ કરોડ ૭૧ લાખ ૪૦ હજાર લોકો 'ગરીબાઈની રેખા' નીચે જીવતા હતા. આ થઈ આખા ગુજરાતની ૩૧.૬ ટકા વસ્તી.

૨૦૦૯-૨૦૧૦ ની સાલમાં ફરી ગરીબી તોલવામાં આવી. આ તોલવાવાળા મુખ્યમંત્રી પણ મોદી હતા. આ વર્ષે મોંઘવારીને ધ્યાનમાં લઈ 'ગરીબાઈ ની રેખા' અધ્ધર કરવામાં આવી. ગામડે રહેતાં જે કુટુંબોની માસિક આવક ૭૨૫ રૂપિયા અને ૯૦ પૈસાથી ઓછી હતી તેમને અને શહેરી વિસ્તારમાં રહેતાં કુટુંબો કે જેની માસિક આવક મહીને ૯૫૧ રૂપિયા અને ૪૦ પૈસાથી ઓછી હતી તેમને 'ગરીબાઈની રેખા' નીચે એટલે કે અત્યંત ગરીબ ગણવામાં આવ્યા. આ આંકડા પ્રમાણે ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ૯૧ લાખ ૬૦ હજાર અને શહેરી વિસ્તારોમાં ૪૪ લાખ ૬૦ હજાર લોકો 'અત્યંત' ગરીબ જણાયા. એટલે કે પાંચ વર્ષના વિકાસ પછી પણ ગુજરાતમાં બધા મળીને ૧ કરોડ ૩૬ લાખ અને ૨૦ હજાર લોકો અત્યંત ગરીબ હતા. આ થયા ગુજરાતના ૨૩ ટકા લોકો.

૨૦૧૧-૧૨ ની સાલમાં ગરીબાઈની રેખા બદલવામાં આવી. ગામડે રહેતાં અને મહીને ૯૩૨ રૂપિયાની તથા શહેરમાં રહેતાં અને ૧૧૫૨ રૂપિયાથી ઓછી માસિક આવકવાળા કુટુંબોને 'અત્યંત ગરીબ' ગણ્યા. આંકડો તો હજુ ૧ કરોડથી નીચે આવતો નથી. આ વખતે પણ મુખ્યમંત્રી એના એજ હતા. આ વર્ષે ગુજરાતમાં ૧ કરોડ ૨ લાખ ૨૩ હજાર લોકો 'ગરીબાઈની રેખા' હેઠળ જીવતા જોવા મળ્યા. યાદ રાખીએ કે આ બધા સરકારના પોતાના આંકડા છે.

ભારતના બીજા રાજ્યોમાં વિકાસ થયો છે? આ આંકડા જોઈએ તો જણાશે કે ભારતના ૧૪ રાજ્યો ગરીબી ઘટાડવામાં ગુજરાત કરતાં આગળ છે. ૨૦૧૧-૧૨ ના વર્ષમાં જ જોઈએ તો જણાય છે કે, ભારતમાં સૌથો ઓછી ગરીબીવાળા રાજ્યમાં ગોવા પ્રથમ નંબર પર આવે છે. ગોવામાં માત્ર ૫.૦૯ ટકા લોકો ગરીબાઈની રેખા નીચે આવતા અત્યંત ગરીબો છે. ૨૦૦૪-૨૦૦૫ ની સાલમાં ગોવા દેશમાં નવમા નંબરે આવતું હતું. સાત વર્ષના ગાળામાં તે નવમાં સ્થાનેથી પહેલા નંબરે આવી ગયું.

ભારતમાં સૌથી ઓછી ગરીબીવાળા રાજ્યમાં કેરાલા બીજા નંબર પર આવે છે. કેરાલામાં માત્ર ૭.૦૫ ટકા લોકો ગરીબાઈની રેખા નીચે આવતા અત્યંત ગરીબો છે. ૨૦૦૪-૨૦૦૫ ની સાલમાં કેરાલામાં ૧૯.૬ ટકા લોકો અત્યંત ગરીબ હતા અને દેશમાં કેરાલા સાતમા નંબરે આવતું હતું. સાત વર્ષના ગાળામાં તે સાતમાં સ્થાનેથી બીજા નંબરે આવી ગયું.

ભારતમાં સૌથો ઓછી ગરીબીવાળા રાજ્યમાં હિમાચલ પ્રદેશ ત્રીજા નંબર પર આવે છે. હિમાચલ પ્રદેશમાં માત્ર ૮.૦૬ ટકા લોકો ગરીબાઈની રેખા નીચે આવતા અત્યંત ગરીબો છે. ૨૦૦૪-૨૦૦૫ ની સાલમાં હિમાચલ પ્રદેશમાં તેના ૨૨.૯ ટકા લોકો અત્યંત ગરીબ હતા અને દેશમાં તે છઠ્ઠા નંબરે આવતું હતું. સાત વર્ષના ગાળામાં તે છઠે સ્થાનેથી ત્રીજા સ્થાને આવી ગયું.

૨૦૦૪-૫ ની સાલમાં ગુજરાતનો નંબર પંદરમો હતો. ૨૦૦૯-૧૦ ની સાલમાં ગુજરાત પાછળ પડી સોળમાં નંબર પર ગયું. ૨૦૧૧-૧૨ માં ગુજરાતે વિકાસ કરી ગરીબી ઘટાડવા ઘણી મહેનત કરી એટલે સોળમાં નંબરેથી આગળ જરૂર આવ્યું; પણ તેનો નંબર પંદરમો જ રહ્યો.

વિકાસની વાત અહિયાંથી આગળ વધે છે. ગુજરાતે ગરીબાઈની રેખા આંકી છે તેના કરતાં ભારતના ૧૮ રાજ્યોએ ગરીબીની રેખા ગુજરાત કરતાં ઓછી આવકે આંકી છે તો પણ ગુજરાત વિકાસમાં પાછળ છે.

ગુજરાત કરતાં જે રાજ્યો વિકાસમાં આગળ છે તેમના નામ આ પ્રમાણે છે: ગોવા, કેરાલા, હિમાચલ પ્રદેશ, સિક્કિમ, પંજાબ, આન્ધ્ર પ્રદેશ, દિલ્હી, જમ્મુ-કાશ્મીર, હરિયાણા, મેઘાલય, ઉત્તરાખંડ, તમિલનાડુ, ત્રિપુરા અને રાજસ્થાન

આપણને આશ્ચર્ય જરૂર થશે કે વિકાસમાં ગુજરાત પાછળ હોવા છતાં સમાચાર પત્રો, રેડીઓ, ટી.વી. બધામાં ગુજરાત કેમ છવાઈ ગયું છે? એનો જવાબ સીધો-સરળ છે; 'પ્રચાર'. બીજું કારણ સ્પષ્ટ છે; વિકાસ મુઠ્ઠીભર લોકોનો થયો છે જે ક્યારેય 'ગરીબાઈની રેખા' હેઠળ આવતા ન હતા. ત્રીજું કારણ પણ સરળ છે. ગુજરાતમાં પૈસાદાર અને ગરીબ વર્ગ વચ્ચેની ખાઈ બીજા બધાં રાજ્ય કરતાં ઘણી પહોળી છે.

## ભારતમાં કુપોષણ

બાળકની ઉંચાઈ વધે તેમ તેનું વજન વધવું જોઈએ. વજન વધારવા ખોરાક જોઈએ. ઉંચાઈના પમાણમાં વજન ન હોય તેને 'કુપોષણ' કહેવાય. ભારતના આ નકશામાં જે રાજ્યો કાળા રંગમાં દર્શાવ્યા છે ત્યાં કુપોષણ સૌથી વધુ (૨૧.૧ ટકા કરતાં વધુ) છે. જે રાજ્યો ઘાટા ગ્રે રંગમાં બતાવ્યા છે ત્યાં કુપોષણ નું પ્રમાણ મધ્યમ (૧૬.૯ ટકા થી ૨૧.૧ ટકા વચ્ચે છે. જે રાજ્યો આછા ગ્રે રંગમાં બતાવ્યા છે ત્યાં કુપોષણ સૌથી ઓછું એટલે કે (૧૬.૯) ટકા થી ઓછું છે.

### ૨૦૧૫-૧૬માં ક્યા રાજ્યમાં અને કેન્દ્ર શાષિત પ્રદેશમાં કેટલું (ટકા) કુપોષણ?




| | |
|---|---|
| ઝારખંડ | ૨૯ |
| દાદરા અને નગર હવેલી | ૨૭.૬ |
| ગુજરાત | ૨૬.૪ |
| કર્ણાટક | ૨૬.૧ |
| મધ્ય પ્રદેશ | ૨૫.૮ |
| મહારાષ્ટ્ર | ૨૫.૬ |
| દમણ અને દીવ | ૨૪.૧ |
| પોંડીચેરી | ૨૩.૬ |
| છત્તીસગઢ | ૨૩.૧ |
| રાજસ્થાન | ૨૩ |
| ગોવા | ૨૧.૯ |
| હરિયાણા | ૨૧.૨ |
| બિહાર | ૨૦.૮ |
| ઓડીશા | ૨૦.૪ |
| પશ્ચિમ બંગાળ | ૨૦.૩ |
| તામિલનાડુ | ૧૯.૭ |
| ઉત્તરાખંડ | ૧૯.૫ |
| આંદામાન અને નિકોબાર | ૧૮.૯ |
| તેલંગાણા | ૧૮ |
| ઉત્તર પ્રદેશ | ૧૭.૯ |
| અરુણાચલ પ્રદેશ | ૧૭.૩ |
| આન્ધ્રપ્રદેશ | ૧૭.૨ |
| દિલ્હી | ૧૭.૧ |
| આસામ | ૧૭ |
| ત્રિપુરા | ૧૬.૮ |
| કેરાલા | ૧૫.૭ |
| પંજાબ | ૧૫.૬ |
| મેઘાલય | ૧૫.૩ |
| સિક્કિમ | ૧૪.૨ |
| લક્ષદ્વીપ | ૧૩.૮ |
| હિમાચલ પ્રદેશ | ૧૩.૭ |
| જમ્મુ-કાશ્મીર | ૧૨.૧ |
| નાગાલેન્ડ | ૧૧.૨ |
| ચંડીગઢ | ૧૦.૯ |
| મણીપુર | ૬.૮ |
| મિઝોરમ | ૬.૧ |

# સર્વોચ્ચ અદાલતનો હુકમ છે પણ ગુજરાત સરકારને એનો અમલ કરવાનું સુઝે ત્યારે ખરું !

તારીખ ૨૭ માર્ચ ૨૦૧૪ ના રોજ ભારતની સર્વોચ્ચ અદાલતે ૧૯૯૩ પછી ગટર સફાઈ કરતાં મૃત્યુ પામેલા લોકોના કુટુંબીને ૧૦ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો હુકમ કરેલો છે. અદાલતે એ પણ જણાવ્યું કે સલામતીના સાધનો વગર કોઈને ગટરમાં ઉતારવું તે ગુન્હો છે.

૧૯૯૬માં નવસર્જન ટ્રસ્ટ દ્વારા માથે મેલું ઉપાડવાની પ્રથા સામે આઝાદી પછી પ્રથમવાર ગુજરાતની વડી અદાલતમાં જાહેર હિતની અરજી કરવામાં આવી હતી.

ત્યાર બાદ સમગ્ર દેશમાં માથે મેલું ઉપાડવાની પ્રથા સામે અંદોલન છેડાયું. ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ સરકારી આંકડા દેશમાં સાડા સાત લાખ સફાઈ કામદારોનો આંકડો દર્શાવે છે પરંતુ સામાજિક સંસ્થાઓના અભ્યાસ મુજબ ભારત દેશમાં આજે પણ ૧૨ લાખ જેટલા સફાઈ કામદારો માનવ મળની હાથ દ્વારા સફાઈના કામમાં રોકાએલા છે. ભારતીય રેલ વિભાગ સફાઈ કામદારોને કામે રાખતું ભારતનું બીજા નંબરનું સૌથી મોટું એકમ છે. સર્વોચ્ચ અદાલતે પોતાના ચુકાદામાં નોંધ્યું છે કે સૂકાં જાજરૂ ખતમ થવાના બદલે વધી રહ્યા છે અને આવા સૂકાં સૌચાલયની સંખ્યા ૯૬,૦૦,૦૦૦ ની થવા જાય છે.

માનવ ગરિમા ટ્રસ્ટના અભ્યાસ મુજબ ૧૯૯૩ પછી આજદિન સુધીમાં માત્ર ગુજરાતમાં એકસો ચોપ્પન ગટર કામદારના મોત થયા છે પરંતુ આમાંના માત્ર ૧૧ લોકોનેજ વળતર ચૂકવાયું છે.

ખાસ નોંધવાની બાબત એ છે કે એક પણ કિસ્સામાં સર્વોચ્ચ અદાલતના હુકમ અનુસાર ૧૦ લાખ રૂપિયાનું વળતર ચૂકવાયું નથી. સર્વોચ્ચ અદાલતના હુકમને પ્રગતિશીલ ગુજરાત સરકાર જાણે ઘોળીને પી ગઈ છે.

વિકાસ ગામડામાં નહિ પણ શહેરોમાં થાય છે એવી એક સામાન્ય છાપ જોવા મળે છે. આ સંદર્ભમાં નોંધવાનું કે એકસો ચોપ્પન ગટર કામદારના મૃત્યુમાંથી ૬૨ મોત માત્ર અમદાવાદ શહેરમાં જ નોંધાયા છે. ૧૦ બનાવોમાં મુત્યુ પામનારના વારસદારને રહેમરાહે નોકરી આપવામાં આવી છે. આ બનાવોમાં વળતર આપવું કે કેમ તેઓ સરકાર પ્રશ્ન ઉઠાવી રહી છે.

દહેગામ નગરપાલિકા સર્વોચ્ચ અદાલતના હુકમ અનુસાર વળતર આપવા આનાકાની કરતાં કહે છે કે 'બે કામદારના મરણ ખાનગી કોન્ટ્રેક્ટ દરમિયાન થયા છે જેમાં નગરપાલિકાની જવાબદારી કેવી રીતે બને?'.

સરકાર ભૂલે છે કે કાયદાની વિરુદ્ધ જઈ પોતાની જવાબદારીમાંથી છટકવા તેણેજ કોન્ટ્રેક્ટ પધ્ધતિ શરુ કરી છે.

જામનગરમાં સરકાર કઈ હદે અસંવેદનશીલ બની શકે છે તેનો કિસ્સો ધ્યાનમાં આવ્યો છે. એક સફાઈ કામદારને ગેસની અસર થતાં તેને બચાવવા બીજા ચાર કામદારોને ગટરમાં ઉતરવાનું કહેવામાં આવ્યું હતું. આ ચાર જુવાન કામદારોના પણ મોત થયા હતા. હવે પાંચ વર્ષ બાદ સરકાર માત્ર એક જ કામદારને વળતર આપવાની જવાબદારી લેવા તૈયાર છે.

સ્વચ્છતા મિશન સફાઈ કામદારોના શ્રમ અને બલિદાનના કારણે જ ચાલે છે. એનો જશ સરકાર ખાટવા માંગે છે પણ એના પાયામાં જેમની જિંદગી હોમાય છે તેમને વળતર ચુકવવામાં આનાકાની કરે છે. મહત્વનો પ્રશ્ન એ છે કે સર્વોચ્ચ અદાલતનો ચુકાદો હોવા છતાં સરકાર વળતર ચુકવતી નથી તો આવા ચુકાદો ન હોય તો સરકાર પોતાની મેળે સફાઈ કામદારોના હિત વિષે કઈ વિચારે ખરી?




ભારત સરકારના લેબર બ્યુરોના આંકડા મુજબ ૨૦૦૯ ની સાલમાં ભારતમાં ૮,૮૯,૦૦૦) આઠ લાખ નેવ્યાસી હજાર) નોકરીઓનું સર્જન થયું હતું. પણ 'વિકાસ' ની ભારોભાર વાતો વચ્ચે ૨૦૧૬ ની સાલમાં ૯ મહિનામાં માત્ર ૨,૩૧,૦૦૦ નોકરીઓનું જ સર્જન થયું હતું.

# વિકાસની દુનિયામાં 'કુપોષિત' બાળકો, ધાત્રી માતા, સગર્ભા સ્ત્રી અને કિશોરી

**(મોહનભાઈ પરમાર અને કલ્પેશ આસોડીયા)**

બનાસકાંઠા જીલ્લામાં કાંકરેજ તાલુકાના પાંચ ગામની શાળામાં મુલાકાત લેતાં જણાયું કે સરકારી આંગણવાડીમાં ભણતાં ૫૮ બાળકો 'કુપોષણ'થી પીડાઈ રહ્યા છે. અતિશય કુપોષિત બાળકોને 'લાલ' અને પ્રમાણમાં ઓછા કુસ્પોષિત બાળકોને 'પીળા' રંગની ઓળખ સરકારી ચોપડે આપવામાં આવે છે. આ આંકડા સરકારી છે અને ૨૦૧૭ ની સાલના છે. આ પાંચ ગામમાં આંગણવાડીમાં આવતા ૬૮૨ બાળકોમાંથી ૧૬ બાળકો કુપોષિત (લાલ) અને ૪૨ બાળકો કુપોષિત (પીળા) જણાયા. એટલે કે સાડા આઠ ટકા બાળકો કુપોષિત જણાયા.



સુદ્રોષણ, ટોટાણા, ઓઢા, શિયા અને ભદ્રેવાડી ગામમાં વધુમાં જણાયું કે કુપોષિત બાળકોમાં બાળકીઓનું પ્રમાણ ૬૪ ટકા છે. કુપોષિત બાળકોમાં સૌથી વધુ બાળકો અન્ય પછાત વર્ગ (ઓ.બી.સી) જોવા મળ્યા જેમનું પ્રમાણ ૮૧ ટકા છે. આ તમામ કુપોષિત બાળકો માત્ર દલિત-ઓ.બી.સી અને લઘુમતી સમાજના છે. સરકારી કાર્યક્રમમાં સગર્ભા સ્ત્રી, ધાત્રી માતા તેમજ કિશોરીના આરોગ્યની પણ તપાસ થાય છે. કુલ ૯૨ સગર્ભા સ્ત્રીઓમાંથી ૧૩ એટલે કે ૧૪ ટકા કુપોષિત જોવા મળી. કુલ ૨૭ ધાત્રી માતામાંથી ૨ કુપોષિત જોવા મળી. સૌથી ચિંતાજનક બાબત કિશોરીના આરોગ્યને લગતી છે. કુલ ૨૬૬ કીશોરીમાંથી ૬૯ એટલે કે ૨૬ ટકા કિશોરી કુપોષિત જણાઈ.

# વિકાસશીલ ગુજરાતની વાસ્તવિકતા





**રમીલાબેન-મધુબેન-પ્રીતીબેન**

અમદાવાદ શહેરમાં વસતા દલિતોની જીવન જીવવા માટેના સંઘર્ષની વ્યથા અને ગુજરાતના કહેવાતા વિકાસ અંગે તેમના પ્રત્યાઘાતો;

**રાજપુર-ગોમતીપુર**
**જીવરામ ભટ્ટ ની ચાલી-**

અહી મહેસાણા જીલ્લાના આંબલીયાસણ ગામના ૨૨ થી ૨૫ કુટુંબ આશરે ૬૦ વરસથી વસવાટ કરે છે તેમના વડવાઓ જયારે અમદાવાદમાં મિલો શરુ થઇ ત્યારે આવેલા અને ચાલીઓમાં વસેલા. પરંતુ મિલો બંધ થવાથી રોજગારી અને અન્ય કામધંધો ન મળતાં તેઓ ફૂટપાથ અને રસ્તા પર પડેલો કચરો વીણીને કુટુંબ નું ગુજરાન ચલાવવા લાગ્યા.

આ ચાલીમાં સરેરાશ એક કુટુંબ ના બે થી ત્રણ સભ્યો કચરો વીણવા જાય છે તેઓ બધા સવારે ૬ વાગ્યે રાજપુરથી મણીનગર વિસ્તારમાં આ કામ કરવા જાય છે અને કચરો વીણીને ૨ વાગ્યે પરત આવે છે જેમાં એક વ્યક્તિ સરેરાશ ૪૦ કિલો કચરો વીણે છે. આ લોકો આ કચરો લાવવા માટે પેડલ રીક્ષાનો ઉપયોગ કરે છે જેનું ભાડું ૩૦ થી ૪૦ રૂ થતું હોય છે.

ઘરે લાવ્યા બાદ આખો દિવસ તેનું સોર્ટીંગ કરવામાં આવે છે જેમાં કાગળ – પ્લાસ્ટિક-પાણીની વેસ્ટ બોટલ-પુંઠા અને દુધની થેલીઓ –બુટ ચપ્પલ- લાકડાં- વિગેરે અલગ અલગ થેલામાં તારવવામાં આવે છે જેમાં ઘરના બે થી ત્રણ સભ્યો રોકાયેલા રહે છે. સાંજે છુટું પાડેલું જે તે મટીરીયલ વેચવા જાય છે. જેના તેમને ૧૦૦ થી ૧૫૦ રૂ મળે છે.

આ કામમાં ખાસ કરીને બહેનો રોકાયેલા હોય છે અને તેમની સાથે બાળકો પણ કચરો વીણવા સાથે જતા હોય છે.



**નહેરુનગર નાડીયાવાસ- લાલ બંગલા, હાટકેશ્વર**

અહીં લગભગ ૧૦૦૦/ ૧૫૦૦ જેટલા કુટુંબ આશરે ૬૦ વર્ષથી વસવાટ કરે છે જેઓ મૂળ મહેસાણા જીલ્લાના જુદા જુદા ગામના લોકો છે આટલા વિશાળ સમુદાયમાં કોઈની પાસે સરકારી નોકરી નથી.




તમામ પુરુષો છૂટક મજુરી કરે છે અને બહેનો કાગળ કચરો વીણવા જાય છે. આ બધા બહેનો મણીનગર અને રામોલ જનતા નગર વિસ્તારમાં જાય છે.

અહીં પણ બીપીએલ કાર્ડ કોઈની પાસે નથી અને સરકારના ગરીબ કલ્યાણ મેળા કે રોજગાર મેળા નો લાભ એકપણ વ્યક્તિને મળેલ નથી-

અહીંયા ખુબ ગીચ વસ્તી હોવાથી વીણીને લાવેલ કચરો મુકવાની જગ્યા નથી હોતી જેથી પુલ નીચે ચાલીની બહાર કચરાના થેલા મુકતા હોય છે- તાજેતરમાં એક બેનના ૨ મોટા થેલા જેમાં ૧૦૦ કિલો કચરો ભરેલો હતો જે કોઈ અસામાજિક તત્વો એ બાળી મુકેલ. મ્યુનીસિપલ કોર્પોરેશન દ્વારા આ બહેનોને એવી કોઈ જગ્યા પણ ફાળવવામાં આવતી નથી.

અહીં દારૂનું ખુબ મોટું પ્રમાણ છે ઘરેલું હિંસા ના બનાવ પણ વધુ છે બાળકોના શિક્ષણ અને આરોગ્યનો મુદ્દો ચિંતાજનક છે. સ્થાનિક કોર્પોરેટર ક્યારેય મુલાકાત લેતા નથી. તંત્ર દ્વારા આ વિસ્તારમાં કોઈજ કાર્યવાહી થઇ નથી. અહીના લોકોની મુખ્ય જરૂરિયાત આવાસની છે જેમાં કોઈ સ્કીમ માં તેમને આવરી લેવાય તેવું ઈચ્છે છે.

અહીના લોકોને પૂછ્યું કે આપણે ત્યાં બુલેટ ટ્રેન અને મેટ્રો ટ્રેન આવશે તો તમને શું ફાયદો થશે તેઓ કહે છે કે આ બધું અમારા ગરીબો માટે ક્યાં છે પૈસાદાર લોકો માટે છે અમે મહિનામાં જેટલું રળી શકીએ એટલું તો ભાડું છે માટે અમને અમારી રોજગારી કે પાયાની સુવિધા મળે તેવા કામ સરકાર કરે તો માનીએ બાકી આ સરકાર ગરીબોની નથી.

સૌથી દુ:ખની વાત એ છે કે આ નાડીયા સમાજના લોકો સામે આજ સુધી કોઈ સંસ્થાએ પણ જોયું નથી અને તેમના પ્રશ્નો વિષે કોઈએ કામ જ નથી કર્યું. દલિતોમાં વાલ્મીકી સમાજ જેવીજ બદતર જિંદગી જીવતા આ સમાજને જાણે ઘોર અન્યાય થયો છે.

## આ છે વિકાસશીલ ગુજરાતના વિકાસનું મોડલ જયાં દલિતોનો વિકાસ નજરે પડે છે...



## આ કામ વિષે તેમના અભિપ્રાય

- બહેનો અને બાળકો સાથે ચર્ચા કરતાં જાણવા મળ્યું કે આ કામમાં તેમની જિંદગી નીકળી ગઈ પરંતુ સરકાર તરફથી તેમને કોઈ મદદ કે સહાય મળી નથી-
- તેમને કમરના દુખાવાની અને પગની તકલીફ રહે છે, ગંદા કચરા ના લીધે તેમને શ્વાસ અને ચામડીના રોગ થાય છે.
- સવારે વહેલા આ કામમાં જવું પડે છે માટે જાતીય સતામણી અને છેડતી પણ થાય છે અને લોકો દ્વારા તિરસ્કારનો સામનો પણ કરવો પડે છે. તેમજ ઘણા લોકો આ કામની મશ્કરી પણ કરતા હોય છે.
- છેલ્લા ૫ વર્ષ થી સરકાર દ્વારા ચાલતો ડોર ટુ ડોર કચરો ઉઘરાવવાના પ્રોજેક્ટ ના લીધે તેમને દરરોજ મળતો કચરો હવે ખુબ ઓછો થઇ ગયો છે જો તેઓ મોડા પડે તો તે દિવસે કચરો મળતો નથી.
- આ ૨૨ કુટુંબમાંથી મોટાભાગના પાસે બીપીએલ કાર્ડ નથી- અને સરકારની કોઈ પણ જાતની સહાય હજુ સુધી મળી નથી.
- સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલ નોટબંધી અને જીએસટી ના કારણે હવે આ મહિલાઓને રોજના કાગળ કચરાના ભાવ મળતા નથી પહેલા તેમને ૧૦૦ થી ૧૫૦ રૂ. મળતા હતા જયારે હવે ભાવ ડાઉન થતાં માંડ ૭૦ થી ૮૦ રૂ. મળે છે.
- તેમના બાળકો સરકારી શાળામાં ભણે છે. ખાનગી શાળામાં ભણાવવું તેમના માટે સપનું છે. બાળકો આ કામ કરવા માંગતા નથી તેઓ ભણી ગણીને નોકરી કરવા માંગે છે.
- કુટુંબ ના પુરુષો છૂટક મજુરી કરે છે. અને કોઈ કારખાનામાં જાય છે. પણ મોટાભાગના પુરુષો દારૂ પીવે છે અને જુગાર રમે છે. ઘરની તમામ જવાબદારીઓ સ્ત્રીઓના માથે છે.
- અહીં પીવાનું પાણી આવે છે પણ એક કલાક સુધી ગંદુ વાસ મારતું પાણી આવે ત્યાર બાદ ચોખ્ખું પાણી આવે છે. ચાલીમાં ગટર વ્યવસ્થા છે પણ જયારે ઉભરાય ત્યારે જલ્દીથી સાફ કરવા માણસો આવતા નથી. આવાસ મોટાભાગે પતરાંવાળા છે. મુખ્યમંત્રી આવાસ યોજનાનો લાભ પણ હજુ આ લોકોને મળ્યો નથી.
- ગુજરાતમાં ચારેય તરફ વિકાસ થઇ ગયો છે તેવી વાતો ચાલે છે ત્યારે કાગળ કચરો વીણી પેટ ભરતા લોકોનો વિકાસ કેટલો તો તેઓ જણાવે છે કે અમારે તો આખી જિંદગી આજ કામ કરવાનું સરકાર રોડ બનાવે અને બગીચા બનાવે પણ અમારે તો ત્યાં જઈને કચરો જ વિણવાનો. અમને કોઈ પણ ગરીબ કલ્યાણ મેળા કે રોજગારી મેળા નો લાભ મળેલ નથી. બીપીએલ કાર્ડ કોઈની પાસે નથી. સરકારી લોન કે સહાય મળેલ નથી.
- કાગળ કચરો વીણનાર દલિતોનો બહુ મોટો વર્ગ અમદાવાદની ચાલીઓમાં રહે છે પણ સરકારે કે સ્થાનિક રાજકારણીઓએ કોઈ દિવસ આ વર્ગની નોધ લીધી નથી.
- કચરાના પીઠાના માલિક ને મળતા તેઓ જણાવે છે કે જયારથી નોટબંધી અને જીએસટી લાગુ થયું ત્યારથી કાગળ કચરા અને પ્લાસ્ટિક ના ભાવ ડાઉન થઇ ગયા છે. બધો માલ પડી રહે છે. આ બહેનો બધું વીણીને અહીં વેચવા આવે છે પણ ભાવ ખુબ ઓછા થઇ ગયા છે, જેથી તેમની રોજની આવક ખુબ ઘટી ગઈ છે. તેમણે કહ્યું કે એમને પહેલા ૧૦૦ થી ૧૫૦ રૂ. રોજના મળતા હતા જે હવે ૭૦ થી ૮૦ રૂ. મળે છે.

હવે આ ધંધો બંધ કરવો પડે તેવી પરિસ્થિતિ ઉભી થઇ છે. મોટા વેપારીઓ હવે માલ લેવા તૈયાર નથી. પાણીના પાઉચ પહેલાં ૧ રૂ. માં મળતા હવે ૨ રૂ. થઇ ગયા ૧૦૦ ટકા વધારો જયારે કાગળ અને ભંગારના ભાવ ડાઉન થઇ ગયા શું આને વિકાસ કહેવાય જ્યાં ગરીબ માણસ પીવાનું પાણી પણ પી ના શકે.

## વિકાસની પોલ અને વાસ્તવિકતા

**વટવા**
**ચિસ્તીયાનગર–બીબીતળાવ**









અહીં ૨૦૦૨ના કોમી રમખાણ બાદ બેઘર થયેલા મુસ્લિમ સમુદાયના લોકો રહે છે આ વસ્તી ખાનગી માલિકીની જગ્યામાં લોકોએ પ્લોટ વેચતા રાખી મકાન બનાવેલા છે-અહી મોટાભાગે મહિલાઓ છૂટક મજુરી કરે છે જેમાં મોતીકામ–ભરતકામ અને ગોળી બિસ્કીટ ના ગલ્લા કે નાની દુકાન ચલાવે છે અને ભાઈઓ રીક્ષા-ગેરેજ કે ચીકન ઈંડા નો ધંધો કરે છે.

અહીં લગભગ ૫૦૦ થી ૧૦૦૦ કુટુંબ વર્ષોથી વસવાટ કરે છે પરંતુ એકેય કુટુંબ પાસે એપીએલ કે બીપીએલ એકેય કાર્ડ નથી અને દરેકની પરિસ્થિતિ નબળી છે સામાન્ય જિંદગી જીવતા આ સમુદાયને સરકાર તરફથી આજદિન સુધી કોઈપણ સહાય કે યોજનાનો લાભ મળ્યો નથી. પીવાનું પાણી સવારે ફક્ત અર્ધો કલાક આવે છે.

નોટબંધી અને જીએસટી લાગુ થયા બાદ અહીં જેમની માસિક આવક ૧૦૦૦૦ હતી તેમની ૫૦૦૦ થઇ ગઈ છે કારણકે નોટબંધીના એ ત્રણ માસ આ લોકોને ખુબજ તકલીફ પડી આખો દિવસ લાઈનમાં ઉભા રહીને પાછા આવતા હતા અને જે વસ્તુ ઉધારમાં મળતી હતી તે પણ બંધ થઇ ગઈ. પેટ્રોલ ડીઝલ મોઘું થાય પણ જો રીક્ષાનું ભાડું વધારીએ તો લોકો બેસતા નથી. બહેનો સિલાઈનું કામ કરે છે જેમાં પણ મજુરી ઘટી જતા હવે ઘર ચલાવવા માં ખુબ તકલીફ પડે છે. અહીં સહયોગ અને જનવિકાસ દ્વારા બહેનોના સંગઠન અને જાગૃતિનુ કામ થયું છે તેમજ બાળકોના શિક્ષણ અંગે પણ કામ થયું છે.



**અમરાઈવાડી- સવગુણનગર**

આ ચાલી આશરે ૬૦ વર્ષ જૂની છે અને અહી કાઠીયાવાડ સુરેન્દ્રનગરના અમદાવાદમાં મજુરી અર્થે આવેલા દલિતો વસવાટ કરે છે મોટાભાગના યુવાનો કડીયાકામ અને ઘર ધોળવાના કામ કરે છે બહેનો ઘરના કામ ઉપરાંત ઘરગથ્થું મજુરી કરી રોજના ૫૦ થી ૬૦ રૂ. કમાય છે.

અહીંના લોકોના તમામના રેશનકાર્ડ અને જરૂરી પુરાવા હજુ પણ ગામોમાં જ છે જેથી શહેરમાં તેમને સરકારી યોજનાનો કોઈપણ લાભ મળતો નથી અને ગામડામાં પણ નહિ. પાંચ બાય પાંચની ઓરડીઓ અને રૂમોમાં રહેતા આ દલિતોને શહેરમાં ચાલીઓમાં જીવન ગુજારવાથી વિશેષ કોઈ ફાયદો નથી. અહીં આશરે ૨૫ થી ૩૦ ચાલીઓમાં સુરેન્દ્રનગરના દલિતો રહે છે પણ ગામના કે શહેરમાં કોઈપણ જાતનો વિકાસ તેમના ભાગે આવ્યો નહિ. નજીકના કારખાનામાં યુવાનો બહેનો કામ કરવા જાય અથવા ઘરે મજુરીનું કામ લાવીને કરે. જેમાંથી વર્ષમાં લગ્ન કે મરણના ખર્ચાઓમાં બધું પતિ જાય. જેથી વ્યાજે પૈસા લાવીને પણ ઘરનું ગુજરાન ચલાવવું પડે છે.

બાળકો અહીંની સરકારી શાળાઓમાં ભણે છે અને ઔધોગિક વિસ્તાર નજીક હોવાથી ૧૬ થી ૧૮ વર્ષની ઉમર થી જ કામ કરવાનું ચાલુ કરી દેતા હોય છે. અહીંની ચાલીનો વિસ્તાર ક્યાંક આપણને મુંબઈની ઝુંપડપટ્ટી વિસ્તારની ઝલક બતાવે છે, ગીચતા, અગવડો અને અભાવની વચ્ચે પેટ ભરવાનો સંઘર્ષ જ મુખ્ય રહે છે. અહીં પણ કોઈને ગરીબ કલ્યાણ મેળા કે રોજગાર મેળાનો કોઈ લાભ મળ્યો નથી.

સરકારની વિકાસની વાતો અને જાહેરાતો વચ્ચે વાસ્તવીકતા જોતાં જે યુવાનો મકાન ધોળવાના કામમાં જોડાયેલા છે તેમને કલરના અને અન્ય મટીરીયલ્સના ભાવ વધવાથી આ વરસે કામ મળતું નથી કારણ કે લોકોને મકાન રંગકામનો ખર્ચ પરવળતો નથી.



બીજી તરફ નોટબંધીએ ગરીબોની કમર તોડી નાંખી અને વસ્તુઓમાં જીએસટી લાગુ થતા જીવન જરૂરી વસ્તુઓ મોઘી બની જેથી તહેવારો અને પ્રસંગોમાં કલરકામ કામ કરનાર લોકોને બમણો માર પડ્યો. ભણતા બાળકોની ફી ભરવાના પ્રશ્નો ઉભા થયા.

મોટાભાગના લોકોએ જણાવ્યું કે સરકારે જે પુલ- રોડ–બગીચા બનાવ્યા છે તેમાં ગરીબોને શું ફાયદો કે એનાથી ગરીબી હલ થવાની નથી. મેટ્રો કે બુલેટ ટ્રેનનો લાભ પણ ગરીબોને નથી મળવાનો. હા મજુરો માટે ભોજન અને મુખ્યમંત્રી આવાસ યોજનાથી અમુક ગરીબોને લાભ થયો છે જેમાં પણ દલિતો ને ખુબ ઓછો લાભ છે.

બીજી તરફ શહેરના આ વિસ્તારોમાં દારૂ-જુગાર- ગુંડાગર્દી-છેડતી અને દુષણો વધી ગયા છે આવનારો સમય વિકટ રહેશે અને ધંધા-રોજગારમાં દલિતો અને મુસ્લિમો વચ્ચે હરીફાઈ ચાલી રહી છે જે પણ ભવિષ્યમાં જોખમકારક બનશે તેવું લાગે છે.

શહેરના આ વિસ્તારોમાં હવે રહેવાની અને મકાન બનવવાની ઈચ્છા ખુબ પડકારદાયક છે. મહેનત કરીને જીવન જીવવું અઘરું છે માટે બે નંબરના અને ગેરકાનૂની ધંધાને છૂટો દોર મળી જાય છે અને મોંઘા મકાનોમાં સીધા અને મહેનતુ લોકો કરતાં માથાભારે લોકોનું વર્ચસ્વ વધી ગયું છે.

એટલે વિકાસ ગાંડો થયો છે એ વાસ્તવિકતાને સમજીને ગરીબો-દલિતો-મુસ્લિમો પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા સંઘર્ષ તો કરી રહ્યા છે પણ આ સંઘર્ષ આંતરિક સંઘર્ષમાં પરિણમશે તેવું આજનું રાજકારણ કહી રહ્યું છે.

# વિકાસઃ દલિતોની હિજરત અને સામાજીક બહિષ્કાર

દલિતો પર અત્યાચારનો કોઈ જો સૌથી વધુ ગંભીર ગુનો હોય તો તે એ છે કે માનસિક-શારીરિક ત્રાસ હેઠળ દલિતોને પોતાની જન્મભૂમિ છોડી હિજરત કરવા મજબુર કરવા. આવોજ અન્ય ગંભીર ગુનો સામાજિક બહિષ્કારનો છે. ગોલાણા હત્યાકાંડમાં પણ દલિતોએ તે ગામેથી હિજરત કરી ન હતી. ગુજરાતમાં વિકાસની મુલવણી કરવી હોય તો પૂછવું પડે કે દલિતોના સામાજિક બહિષ્કાર અને હિજરતના ગુના ઘટ્યા કે વધ્યા?

૧૯૮૯માં કોંગ્રેસના પ્રયત્નોના કારણે 'અત્યાચાર ધારો' દાખલ થયો. ૧૯૮૯ થી માંડી ૨૦૧૭ સુધીનો ઈતિહાસ જોતાં ધ્યાનમાં આવે છે કે હિજરત અને સામાજિક બહિષ્કાર તે બંને ગુનાનું પ્રમાણ વધી રહ્યું છે.

૧૯૮૯થી ૧૯૯૦ દરમિયાન ગુજરાતમાં કોંગ્રેસ સરકાર હતી. આ સમયગાળા દરમિયાન સામાજીક બહિષ્કાર/હિજરતનો એક જ ગુનો બનાસકાંઠામાં નોંધાયો.

૧૯૯૦ માં છ મહિના માટે ચીમનભાઈ પટેલના નેતૃત્વમાં જનતા દલ અને ભાજપની સરકાર બની હતી. આ સમયગાળા દરમિયાન સામાજીક બહિષ્કાર/હિજરતનો એક પણ ગુનો ન નોંધાયો.

૧૯૯૦ ઓકટોમ્બર થી ૧૯૯૪ સુધી જનતા દલ અને કોંગ્રેસની સરકાર હતી. આ સમયગાળા દરમિયાન સામાજીક બહિષ્કાર/હિજરતના ત્રણ ગુના મહેસાણા અને



ભાવનગરમાં નોંધાયા.

૧૯૯૪-૧૯૯૫ દરમિયાન કોંગ્રેસ સરકાર ચાલી. આ સમયગાળા દરમિયાન સામાજીક બહિષ્કાર/હિજરતનો એક પણ ગુનો ન નોંધાયો.

૧૯૯૫-૯૬ દરમિયાન ભાજપની સરકાર કેશુભાઈ પટેલ અને સુરેશ મહેતાની આગેવાનીમાં ચાલી. આ સમયગાળા દરમિયાન સામાજીક બહિષ્કાર/હિજરતનો એક પણ ગુનો ન નોંધાયો.

૧૯૯૬ થી ૧૯૯૮ દરમિયાન રાષ્ટ્રીય જનતા પક્ષ ની સરકાર ચાલી. આ સમયગાળા દરમિયાન સામાજીક બહિષ્કાર/હિજરતના છ ગુના નોંધાયા.

૧૯૯૮ થી ૨૦૦૧ દરમિયાન કેશુભાઈ પટેલ ની આગેવાનીવાળી ભાજપ સરકાર ચાલી. આ સમયગાળા દરમિયાન સામાજીક બહિષ્કાર/ હિજરતના પાંચ ગુના નોંધાયા.

૨૦૦૧ થી ૨૦૧૪ દરમિયાન નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી રહ્યા. આ સમયગાળા દરમિયાન સામાજીક બહિષ્કાર/હિજરતના ૮૫ ગુના નોંધાયા. આ ગુના ગુજરાતના ૧૭ જીલ્લામાં નોંધાયા.

આગળના તમામ વર્ષોમાં આવા ગંભીર ગુના માત્ર સાત જિલ્લામાંજ નોંધાયા હતા. અગાઉના ૧૨ વર્ષમાં આવા ગંભીર ગુના માત્ર ૧૫ નોંધાયા હતા તે મોદીના રાજ દરમિયાન વધીને ૧૪ વર્ષમાં ૮૫ થયા. આનંદીબેન પટેલની સરકારમાં સામાજીક બહિષ્કાર/હિજરતના ૧૦ ગુના નોંધાયા.

છેલ્લે ૨૦૧૬ થી અત્યાર સુધી વિજય રૂપાણીના વડપણ હેઠળ ભાજપ સરકાર ચાલી. આ સમયગાળા દરમિયાન સામાજીક બહિષ્કાર/હિજરતના પાંચ ગુના નોંધાયા.

અત્યાચાર ધારાના અમલ બાદ ગુજરાતમાં સામાજીક બહિસ્કાર/હિજરતના ૧૧૨ ગુના નોંધાયા છે; તેમાં સૌથી

**૨૦૦૧ થી ૨૦૧૪ દરમિયાન નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી રહ્યા. આ સમયગાળા દરમિયાન સામાજીક બહિષ્કાર/ હિજરતના ૮૫ ગુના નોંધાયા.**

વધુ ગુના ભાવનગર જીલ્લામાં (૧૪); અમરેલી જીલ્લામાં (૧૨); બનાસકાંઠા (૧૨); સુરેન્દ્રનગર (૧૦); તથા પોરબંદર, અમદાવાદ અને મહેસાણામાં ૭ -૭ બનાવો નોંધાયા છે.

આ ગુનાઓના સંદર્ભે સૌથી અગત્યની વાત એ જણાય છે કે આમાંના ૨૩ ટકા ગુનાઓ પાછળ મુખ્ય કારણ જમીન જણાય છે. બીજું મોટું અગત્યનું કારણ આભડછેટ હોવાનું માલુમ પડે છે.

અપણી સમક્ષ મોટો પ્રશ્ન એ છે કે સમય જતાં કાયદાનું સામ્રાજ્ય વધવું જોઈએ તેના કરતાં વિપરીત જ્ઞાતિ વ્યવસ્થા વધુ મજબુત થઇ રહી છે.

# અસુરક્ષિત પરપ્રાંતના મજુરો

સુનીતા બંજારેની ઉંમર ૨૬ વર્ષ છે અને તે પાંચ વરસના દીકરા અને ત્રણ વર્ષની દીકરીની માં છે. તેનો પતિ અકાળે મૃત્યુ પામતા સુનીતા વિધવા બની છે. સુનીતા કે તેના પતિએ કદાચ ભારતનું બંધારણ વાંચ્યું ન હતું એટલે તેમને ભારત દેશના નાગરિક તરીકે દેશના કોઈપણ ખૂણે જઈ રોજગારી મેળવવાનો મૂળભૂત અધિકાર છે તેની જાણ ન હતી. પણ વખાના માર્યા રોટલાની શોધમાં તેઓ ગુજરાત આવ્યા હતા.

છત્તીસગઢ કુદરતી સંપત્તિથી ભરપુર રાજ્ય છે પણ ત્યાં પણ વિકાસ માટેની દોટમાં સ્થનિક ગરીબો શોધ્યા જડતા નથી. પૈસાદારો વધુ ધનિક બની ગયા છે એટલે જેમની પાસે હાથ-મજુરી માત્રની આવડત છે તેમને રોટલાની શોધમાં ભટકવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. સુનીતા અને તેનો પતિ પણ બાળકોને લઈને ૨૦૦૧૫ ની સાલમાં વિકાસશીલ ગુજરાત રાજ્યમાં આવી ગયા. ધોળકા તાલુકાના ચલોડા ગામે ઈંટના ભઠ્ઠામાં તેમને ઈંટો પાડવાનું કામ મળ્યું. રહેવા માટે ખેતરમાંજ કાચી ઈંટ-પ્લાસ્ટીકનું છાપરું અને પીવા માટે ખેતરનું ખારું પાણી. જાજરૂ-પાણી તો વાડે જ હોય.

દિવાળી હમણાં જ પતી હતી ને કાળી મજુરી કરી દિવસના અંતે આ કુટુંબ સુતું હતું ત્યાં તેમના આવાસમાં ઝેરી સાપ ઘુસી ગયો અને પતિને ડંસી ગયો.

**ભઠ્ઠાના માલિકને વધુ કોઈ આપત્તિ વહોરવી ન હતી. સુનીતાદેવીને ૨૦,૦૦૦ રૂપિયા પકડાવી દીધા અને સુનીતા પોતાના પતિને સ્થળાંતરની ભૂમીમાં જ દફનાવી પોતાના બાળકોને લઈ છત્તીસગઢ પછી ફરી**

સ્થળાંતરિત મજુર ટોળકીનો એક સરદાર મજુર-માલિક વચ્ચેની કડી હોય. સરદારને અને તેના દ્વારા માલિકને રાત્રે બે વાગે બનેલી ઘટનાની જાણ કરી. આ વાતને ગંભીરતાથી લેવાવાળું અને તેને દવાખાને લઇ જવાવાળું કોઈ ન મળ્યું. વિનંતી-આજીજીમાં સવાર પડી ગઈ. છેવટે સુનીતાદેવીનેજ પોતાના ધણીને રિક્ષામાં નાંખી દવાખાને લઈ જવો પડ્યો. પણ ત્યાં સુધીમાં ઘણું મોડું થઇ ગયું હતું. ઈંટના ભઠ્ઠામાં સુરજ ઉગી ગયો હતો પણ સુનીતા અને તેના બે બાળકોની જીંદગીમાં અંધારાં ઉતરી આવ્યા હતા.

ભઠ્ઠાના માલિકને વધુ કોઈ આપત્તિ વહોરવી ન હતી. સુનીતાદેવીને ૨૦,૦૦૦ રૂપિયા પકડાવી દીધા અને સુનીતા પોતાના પતિને સ્થળાંતરની ભૂમીમાં જ દફનાવી પોતાના બાળકોને લઈ છત્તીસગઢ પછી ફરી. ઝાંઝગીર ચાંપા જીલ્લાના દરેક ગામથી પચ્ચીસ-ત્રીસ કુટુંબો ઈંટો પાડવા દર વર્ષે ગુજરાત આવે છે. આંતરરાજ્ય સ્થળાંતરિત મજુરો માટે તેમના હક્કોના રક્ષણ માટે કાયદો જરૂર છે. ગુજરાતને જ્યાં એની બહુમતી ગરીબ પ્રજા દેખાતી નથી ત્યાં એને પરપ્રાંતના મજુરોના હક ક્યાંથી દેખાય?

# વરઘોડો કાઢવામાં એમને સો ટકા અનામત જોઈએ છે

વિકાસનો સાચો અર્થ એ છે કે લોકો સામાજિક પ્રશ્નો પર વૈજ્ઞાનિક ઢબે વિચારતા થાય. આર્થિક સંપત્તિ વધે પણ તેની સાથે સામાજિક અસમાનતા વધે એને વિકાસ કઈ રીતે કહેવો?

ભાજપ સરકારે વહીવટ સુધારવા નવા જીલ્લા અને તાલુકા ઉભા કર્યા પણ એમ થવાથી આભડછેટ જેવા સામાજિક પ્રશ્નો યથાવત રહ્યા.



આવો એક નવો બનેલો જીલ્લો તે અરવલ્લી. તેમાં મોડાસા તાલુકાનું કુડોલ ગામ. દલિત નવયુવાનની પણ અન્ય યુવાનની જેમ પોતાના લગ્નના ફુલેકામાં ઘોડા પર બેસવાની ઈચ્છા હતી. તેના સપનાની વાત ગામના રજપૂત-બ્રાહ્મણ સુધી પહોંચી. તેમની અકળામણની વાત વરરાજાના બાપ સુધી પહોંચી. આથી વરઘોડો નીકળે તે પહેલા પોલીસને જાણ કરાતાં વરઘોડાના રક્ષણ માટે આઠ પોલીસ જવાનો હાજર રહ્યા.

વરઘોડો ઓછા અજવાળાવાળા વિસ્તારમાં પ્રવેશતાંજ તેના પર ભારે પત્થરમારો થયો. એક પોલીસ જવાનને પણ માથામાં ઈજા થઈ. હુમલો રાત્રે સાડા દસ વાગે થયો અને હુમલો કરનાર ટોળું ચાળીસ-પચાસ લોકોનું. આ ઘટના ૨૪ મે ૨૦૧૪માં બની.

અઢી મહિના પહેલા તારીખ ૬ માર્ચના રોજ આવી જ ઘટના સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના તાજપુરી ગામે બની હતી. અહીંયા થયેલ પથ્થરમારામાં બે ડઝનથી વધારે દલિતો ઘવાયા હતા.

આવા હિચકારા હુમલામાં દલિતો ફરિયાદ નોંધાવે એટલે હુમલાખોરોને લાગે કે પોતાને અન્યાય થયો છે; જાણે દલિત વરઘોડો બેન્ડ-વાજાં સાથે નીકળે તેના પર હુમલો કરવાનો પોતાનો અધિકાર હોય! એટલે તે પછીની પ્રતિક્રિયા સામાજિક બહિષ્કારની આવે. બહિષ્કારમાં દૂધ-જીવન જરૂરિયાતની ચીજવસ્તુ-ખેતરમાં મજુરી-લોટ દળવાનું બંધ- ખેતીના સાધનોની આપ-લે પર પ્રતિબંધ જેવી વર્ષોથી નક્કી થયેલી યાદી અમલમાં આવે. કુડોલમાં પણ સામાજિક બહિષ્કાર થયો.

આભડછેટ અને સામાજિક બહિષ્કાર સામે રક્ષણ માટે ડો. આંબેડકરે 'સેપરેટ સેટલમેન્ટ' (અલગ વસવાટ) સુચવેલો કે જ્યાં દલિતો બીજા સમાજના સામાજિક-આર્થિક વર્ચસ્વમાંથી મુક્ત થઇ સ્વાયત્ત જિંદગી જીવી શકે.

આવા બનાવો સામે વળતરની વાતમાં સમાનતાની અને ડો. આંબેડકરે સૂચવેલ જ્ઞાતિ વ્યવસ્થાના નિકંદનની વાત વર્ષોથી અભરાઈ પર મૂકી દેવાની રાજકીય સંસ્કૃતિ બની ગઈ છે.

# ગધેમાર વિસ્તાર; ધોળકા

**(પ્રીતીબેન વાઘેલા)**

ધોળકા શહેરના 'ગધેમાર' વિસ્તારમાં સુરજ મોડો જાગે છે. સવારે ત્રણ વાગે લોકો જાગી જાય છે. અમદાવાદમાં શાકભાજી રાત્રે ઠલવાય છે અને ત્યાંથી જથ્થાબંધ ભાવે શાકભાજી લાવી તેને લારીમાં ગોઠવી, પાણી છણકોરી વહેલી સવારે ધોળકા શહેરની સોસાઈટીઓમાં શાકભાજી વેચવા નીકળી પડવું તે અહીંયા રહેતાં લગભગ ૩૦૦ 'દેવીપુજક' પરિવારો માટે નિત્યક્રમ છે. સંપત્તિમાં બધા પાસે શાકભાજી વેચવા માટે ચાર પૈડાવાળી 'લારી' છે જેને દિવસભર હાથથી ધકેલવી પડે છે. આ વ્યવસાયમાં સ્ત્રી 'પુરુષ સમોવડી' છે.

બપોરે એકાદ વાગતાં ઘરે જઈ રોટલા ભેળા થવાનું અને પડખું ફર્યા-ન-ફર્યા કરી સાંજે 'લારી' માંડવાની.

એમનું રહેણાંક 'છાપરાં' જે તેમણે પોતાના શ્રમ-પરસેવાથી બનાવેલા છે.

'મૂડી' નો અભાવ છે એટલે ઘણા 'વ્યાજે' પૈસા લઇ એમાંથી દીવસનો ધંધો કરી સાંજે કમાણીમાંથી 'મૂડી-વ્યાજ' ભરપાઈ કરે છે. મોટાભાગના બી.પી.એલ. લાભાર્થી ન હોઈ સસ્તા-અનાજના ગરીબને એકમાત્ર મળતાં સરકારી લાભથી વંચિત છે.

વ્યવસાયને કારણે જાત-ભાતના લોકોના સંપર્કમાં આવે છે અને એટલે સમાજમાં જ્ઞાતિના આધારે ચાલતાં સંગઠનો જોઈને એટલે એમની ફરિયાદ રાજકીય સ્વરૂપની છે, 'અમારા સમાજમાં કોઈ લડવા-બોલવાવાળું નથી એટલે અમારો 'અવાજ' આગળ જતો નથી.' પહેલાં નોટ-બંધી અને પછી 'જી.એસ.ટી.' થી તેમના ધંધાને ઘણું નુકસાન થયું છે. શાક મોંઘુ થવાથી 'ખરીદી' ઘટી છે. અગાઉ તેમને દિવસભરની રઝળપાટને અંતે ૨૦૦-૩૦૦ મળતા હતા તે હવે ઘટીને ૧૫૦-૨૦૦ થઇ ગયા છે. ક્યારેક 'માલ' વેચાતો નથી એટલે પડી રહે છે. આવી પરિસ્થિતિ તેમનું 'અર્થતંત્ર' ખોરવી નાંખે છે.

ઘરમાં ચાર છોકરાં હોય તેમાંથી એકને ભણવાની તક મળે છે. માં-બાપને બાળકો ભણાવવાનું પોષાય તેમ નથી. બીજી પેઢી આ વારસાગત 'ધંધો' સંભાળી લેશે. અહીં રહેતાં લોકોમાંથી ઘણાં, શહેરમાં બે પૈસા વધારે મળે તેવી ગણતરી કરી 'સ્થળાંતર' કરી આવેલા છે. એમની પાસે મકાન નથી એટલે શહેરમાં અગાઉથી રહેતાં સગાંના ઘરની બાજુમાં પડેલી ખુલ્લી જગ્યામાં 'ઝુંપડું' ટાણે છે. સમાજ એક-બીજાને ટેકો કરે છે. પેટ એમની પાસે ઘણા કામ કરાવે છે જે તેમને મંજુર નથી. 'દારૂ-બંધી' ગુજરાતમાં લોકોને 'નોટ-બંધી'ની જેમ પરેશાન કરતી નથી એટલે એ અંગે આંતરે દહાડે થોડા નૈતિકતાના હોબાળા થાય છે અને અંતે ઘીના ઠામમાં ઘી પડી રહે તેમ લોકો દારૂ-બંધીથી ટેવાઈ જાય છે.

# સસ્તા અનાજની દુકાનમાં 'અનાજ' મળે પણ મહિનાના 'છેલ્લા' દિવસોમાં

**(મંજુલાબેન મકવાણા અને ડાહ્યાભાઈ દાફડા)**

શાંતુબેન ગભરૂભાઈ 'ભરવાડ' કોમના છે. એમને જી.એસ. ટી. વિષે ખબર નથી પણ કહે છે,



'જી.એસ.પી.' આયા પછી હાલત કફોડી થઇ છે. તેમને પાંચ બાળકો છે અને વિધવા તરીકે મોંઘવારીમાં ઘરનું ગાડું કેમ હાંકવું તે તો તેજ જાણે. પતિના મરણ પછી સસરાની જમીનમાંથી ભાગ મળ્યો છે પણ સુકીભઠ્ઠ જમીન છે. એમની ગણતરી 'નાના' ખેડૂતમાં થાય છે, પણ કોઈ લાભ મળતો નથી. 'સહાયના ફોરમ ભરીયે ત્યારે કે છે તમને અનો લાભ ના મલે. રેશન કાર્ડમાં પુરતું અનાજ નથી આપતા અને આપે તે પણ મહિનાના છેલ્લા દિવસોમાં. તે લેવા પણ આખા દા'ડાની મજુરી ભાંગીને 'અંગુઠો' પાડવા લાઈનમાં ઉભા રહેવાનું'.

શાંતુબેનને અગાઉ વિધવા સહાયના ૧૦૦૦ રૂપિયા મળતા હતા તે બંધ થઇ ગયા છે. કારણ, સરકારને ખબર. શાંતુબેનને સરકારના વ્યવહારથી લાગી આવ્યું છે. કહે છે, 'બહુ વિકાસ થયો એમ કહી સરકાર અમારા જેવા બેનોની મજાક ઉડાવી રહી છે'.

# 'આધાર કાર્ડ' મળ્યું; 'આધાર' છીનવાઈ ગયો

**(વિભીષણ પાત્રે)**

૩૨ વર્ષની કુમારી બાઈ સતનામી પણ પાંચ બાળકીની માતા છે અને વિધવા થઇ છે.

છત્તીસગઢના બલાદા બાઝાર જીલ્લાના કસડોલ તાલુકાના દોન્ગ્રીદીહ ગામની કુમારી બાઈ પણ પોતાના ગામના અન્ય મજુરો સાથે સાણંદના શેઠ અરવિંદ પ્રજાપતિના ભઠ્ઠામાં ઈંટો પાડવા ૨૦૧૪ની સાલમાં આવી હતી. કાચી ઈંટો અને ઉપર લોખંડનાં પતરાં એજ તેમનું આવાસ. ઉંચાઈ થોડીજ હોય એટલે ઉનાળામાં પતરાં તપી જાય. કામ કરતાં બીમાર પડે તેનો ઈલાજ તો પોતેજ કરવાનો. પીવા માટે-ન્હાવા ધોવા માટે એકજ ખારું પાણી.

**ગામેથી કહેણ આવ્યું કે 'આધાર કાર્ડની ઝુંબેશ ચાલી રહી છે. આધાર કાર્ડ નહિ હોયતો રેશન કાર્ડ બંધ થઈ જશે'**

કામ શરુ કર્યાને હજુ બેજ મહિના થયા હતાને ગામેથી કહેણ આવ્યું કે 'આધાર કાર્ડની ઝુંબેશ ચાલી રહી છે. આધાર કાર્ડ નહિ હોયતો રેશન કાર્ડ બંધ થઇ જશે'. ગરીબ લોકોનો આધાર કોઈ એક જગ્યાએ સંપૂર્ણ ક્યાંથી હોય?

વેરવિખેર ટુકડા જેવી સરકારી યોજના અને રોટલા માટે સ્થળાંતરનું મિલન થાય તો આધાર ઉભો થાય.

એમની વાત સાચી પણ હતી. રેશન કાર્ડ એટલે જીવાદોરી અને એ ટકાવવું હોયતો મહાભારતના સાતમાં કોઠાનું યુદ્ધ જીતી 'આધાર કાર્ડ' તો મેળવવું જ પડે.

પતિની સુચનાથી કુમારી બાઈ પોતાના પર આધારિત સૌથી નાના બાળકને પોતાની સાથે લઈને વતનની વાટે પડી. ચાર બાળકો પતિ વિષ્ણુપ્રસાદ પાસે રહ્યા.

બાઈ કુમારી હજુ ગામ પહોંચી આધાર કાર્ડની લાઈનમાં ઉભી રહે તે પહેલાં સમાચાર આવ્યા કે તેનો પતિ મરણ પામ્યો છે. વળતી સવારે તે કામ કરવા ન ઉઠ્યો એટલે કોઈ તેને ઉઠાડવા ગયું ત્યારે ખબર પડી કે તે મરણ પામ્યો છે.

આગલી રાત્રે તો દસ વાગ્યા સુધી એ ઈંટો પાડવાના કામે લાગેલો હતો. માલિક કે ગુજરાત સરકારે પોતાની જવાબદારી બનતી હોવાનો પરચો ન આપ્યો. હવે બાઈ કુમારી પોતાના વતનમાં જ મજુરી કરી પોતાના બાળકોનો ઉછેર કરી રહી છે.

# ધમકી આપી ત્યારે પૈસા છૂટ્યા

**(વિભીષણ પાત્રે)**

છત્તીસગઢ રાજયના ઝાંઝગીર-ચાંપા જીલ્લાના પામગઢ તાલુકાના ભદરા ગામના ૩૮ વર્ષના શ્યામસુંદર સોનવાની ગુજરાત ઈંટો પાડવા આવેલા. કામ સારું ચાલતું હતું પણ ભઠ્ઠા માલિકનો સરકાર સાથે કરાર તુટ્યો એટલે કામ બંધ થયું. હિસાબ માંગ્યો તો માલિકે ૬,૨૦૦ રૂપિયાના ચાર ચેક પકડાવ્યા.

શ્યામસુંદરને લાગ્યું કે વતન જઈ ચેક વટાવવાના બદલે ગુજરાતમાંજ વટાવી લેવા સારા. બેન્કમાંથી કહેવામાં આવ્યું કે ચેક આપનારના ખાતામાં પૈસા નથી. માલિક ગલ્લાતલ્લાં કરવા લાગ્યો. છેવટે શ્યામસુંદરે પોલીસ મથકે ફરિયાદ કરવાની ધમકી આપી. માલિકે કહ્યું કે તે શિક્ષક છે એટલે ફરિયાદ ન કરશો. અઠવાડિયામાં માલિકે ૨૪,૦૦૦ રૂપિયા રોકડા આપતાં શ્યામસુંદર પોતાના વતન પાછા ફર્યા.

# અધિકારોની સલામતી અને વિકાસ વચ્ચે કોઈ સંબંધ ખરો?

**(વિભીષણ પાત્રે)**

છત્તીસગઢ રાજયના બિલાસપુર જીલ્લાના મસ્તુરી તાલુકાના પચપેડી ગામેથી ૧૨ કુટુંબો ઈંટો પાડવા ભરૂચ જીલ્લાના જંબુસર તાલુકાના ગજેરા ગામે ૨૦૧૬માં આવ્યા હતા. માલિકનું નામ લાલમિયાં સાકરમિયાં. શરીરમાં તાકાત હતી તેટલી તનતોડ મહેનત કરી. કોઈનું સપનું કમાણીમાંથી દીકરી પરણાવવાનું હતું તો કોઈનું સપનું ઘરવખરી વસાવવાનું હતું. ખિસ્સા-ખર્ચી માલિક પાસેથી ઉધાર પેટે મળી રહેતી હતી.

મહિનાઓ બાદ હિસાબ કરવાનો સમય આવ્યો. માલિકે જાણે આશ્ચર્ય પામતો હોય તેમ હાથ ઊંચા કરી દીધા અને કહ્યું, 'તમારા પૈસા તમારા ગામનો દલાલ સરદાર રાધેશ્યામ મધુકર લઇ ગયો છે.' માલિકે તેનો હિસાબ જાણે પતી ગયો હોય તેમ ચાલતી પકડી. માલિક-દલાલ મળી ગયા હતા.

મજુરો સાથે મળી જંબુસર મથકે પહોચ્યા. તેમની ફરિયાદ ન લીધી અને સલાહ આપી કે તેમના વતનમાં ચાલ્યા જાય. માલિકના અસામાજિક તત્વો તેમને મજુર અધિકારીના ઉપરી અધિકારી પાસે પહોંચતા રોકતા હતા. એકવારતો ભરૂચ સ્ટેસને તેમને ૨૪ કલાક કેદ કરી રાખ્યા. વર્ષો પહેલાં નવસર્જને આદિવાસી ઈંટ કામદારોને કાઠીયાવાડના માલિકે ગમાણમાં પૂરી રાખેલા તેમને પોલીસની મદદથી છોડાવેલા એટલે આવી ઘટના ગુજરાતમાં બનેજ નહિ તેવું માની ન લેવાના પુરાવા મળી રહે.

થાકી-હારી-કંટાળી આ મજુરો પોતાના વતને પાછા ફર્યા. તેમના હિસાબે તેમને માલિક પાસેથી રૂપિયા ૭,૪૫,૯૦૦ લેવાના નીકળતા હતા. વતન પાછા ફરેલા ૩૨ જેટલા મજુરોને ગાંધી-સરદાર-છોટે સરદારના ગુજરાતની ન્યાયપ્રિયતા નો કડવો અનુભવ થઇ ગયો હતો. વતને જઈ આ શ્રમિકોએ પોતાના લોહી-પરસેવાની કમાણી મેળવવા પોલીસ અને મજુર અધિકારી સમક્ષ ફરિયાદ નોંધાવી છે. હમણાં તો તેઓ ધક્કા ખાઈ રહ્યા છે અને ન્યાય મળશે તેની આશા રાખી રહ્યા છે.

ગુજરાતના શહેરોના વિકાસના પુરાવા આપતી ઈમારતોની લાલ ઈંટોમાં આવા છેતરાયેલા મજુરોના લોહી મિશ્રિત પરસેવાના લાલ છાંટા અંકાયા હશે. અધિકારોની સલામતી અને વિકાસ વચ્ચે કોઈ સંબંધ ખરો?

# કાયદા કરતાં કુટુંબની આર્થિક સલામતી ભલી

**(બાલકિશોર છત્તર)**

ઉરેશ સીકા હવે ૩૩ની ઉમરે પહોચ્યો છે. ઓડીશા રાજ્યના બારઘર જીલ્લાના તોરા ગામેથી ૨૩ વર્ષની ઉમરે તેણે રોટલો રળવા ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પગ માંડેલો. ગામે તેનું કુટુંબ ખેતીની જમીન ન હોઈ મજુરીથી પેટ ભરતું. એની સાથે બીજા ત્રણ મિત્રો પણ આવેલા અને સીક્યુરીટી કંપનીમાં કામે લાગેલા પણ તે મિત્રો પાછા ચાલ્યા ગયા. ઉરેશને દિવસના ૪૦૦ રૂપિયા ચૂકવાય છે પણ તે પૈસા કમાવવા તેણે દરરોજ બાર કલાક કામ કરવું પડે છે. અઠવાડિયે તેને એક રજા, પ્રોવીડંડ ફંડ અને આરોગ્યની સવલત મળે છે. તે પોતાના માલિકને ઓળખતો નથી કારણ તેણે સુપરવાઈઝર સાથેજ પનારો પાડવાનો હોય છે. બીમારીની રજા મળે છે પણ પુરા પૈસા પગારમાંથી કપાઈ જાય છે. કાયદા અનુસાર તો ફરજ આઠ કલાક જ નિભાવવાની આવે પરંતુ કાયદાના રક્ષણ કરતાં તેને પોતાના કુટુંબનો એકમાત્ર આધાર છે તે નોકરીની સલામતી વધારે વહાલી લાગે છે.

# સપનું તૂટતા ચાર પેઢી લાગી

બે નાની બાળકી અમદાવાદના વિકાસશીલ વિસ્તારના બંગલામાં ઝાડુ-પોતા કરવામાં પોતાની માને મદદ કરી રહી છે. એક બાળકી આ વર્ષે ત્રીજા ધોરણમાંથી ઉઠી ગઈ છે. હકીકતે એને શાળામાંથી ઉઠાડી લીધી છે એવું કહીએ તે વધારે યોગ્ય હશે. એનાથી નાની બહેન શાળામાં પગ માંડે તે પહેલાંજ કુટુંબે નક્કી કરી લીધું છે કે ભણવા કરતાં એ ઝાડુ-પોતું કરવાનું શીખી લે તે વધારે સારું રહેશે.

આ સાત લોકોનું કુટુંબ મલાવ તળાવના 'લેક-ફ્રન્ટ' વિસ્તારમાં રહે છે તેવું કહીએ તો તેમનું ભારે અપમાન ગણાય. આજુબાજુના વિસ્તારનું ગંદુ પાણી તળાવમાં ઠલવાય છે. ચોમાસામાં તળાવ ઉભરાય એટલે બધું પાણી ઘરમાં ભરાઈ જાય છે. આઠ ફૂટ લાંબા-પહોળા એક ઓરડાવાળા રહેણાંકને 'ઘર' કહેવાય કે કેમ તે સવાલ છે. માટીની ભીંતો અને વાંસ-પ્લાસ્ટીકનું બાથરૂમ તે તેમનું રહેણાંક છે પણ એમનો વિકાસ ચોક્કસ થયો છે કારણ આ બાળકીઓના દાદા-દાદી જયારે રાજસ્થાનના શિરોહી તાલુકામાંથી ઝનૂની સપનું લઈને અમદાવાદ ૪૦ વર્ષ પહેલા આવેલા ત્યારે તે લારી ખેંચવાની અને ઈંટ ભઠ્ઠામાં કામ જેવી છૂટક મજુરી કરતાં કરતાં અમદાવાદના ફૂટપાથ પર સ્થાયી થયા તે પહેલા સોળ નાના-મોટા શહેરોમાં રઝળેલાં.

આ બાળકીઓના પિતા શ્યામજી, તેમના પિતા પેથાજી અને તેમના પિતા ભાથીજી એંસી વીઘા જમીનના માલિક હતા ને ખેતરમાં કુવો પણ ખોદાવેલો. એમની માના કારજમાં પૈસા ગામના વાણીયા પાસેથી ઉછીના લીધેલા અને પઠાણી વ્યાજ ચઢતું ગયું. પૈસાની ઉઘરાણી આકરી અને અપમાનજનક બની અને એક વાર બધા લોકોની હાજરીમાં જાહેર સામાજિક પ્રસંગમાં એમને ઉઘરાણી બાબતે માર પડ્યો. ભાથીજીને લાગી આવ્યું. બધી જમીન જે ભાવ મળ્યો તેમાં ગીરવે મૂકી દીધી ને દેવું ચૂકવી દીધું. સપનું સેવ્યું કે ગુજરાત જઈ પૈસા કમાઈશું અને જમીન છોડાવીશું.

આજે આ બાળકીઓ રોટલા ભેળા થવા મજૂરીએ લાગી છે ત્યારે પોતાના વડવાઓના અને ઈતિહાસ બની ગએલા સપનાંઓની વાર્તા સાંભળવા



સિવાય બીજું કશું કરી શકે તેમ નથી. તેમની ગણના બાળમજુરમાં થતી નથી કારણ પ્રગતિશીલ ગુજરાતમાં સરકારી તંત્ર એટલી મોટી પરિયોજના પૂરી કરવામાં લાગ્યું છે કે આવા 'ક્ષુલ્લક અપવાદ' નજરે નિહાળવા તેમની પાસે સમય અને મન નથી.

બાળકીઓના બાપે નાનપણમાંજ આગળ વધવાની હિંમત ખોઈ દીધી. માં-બાપના સંતાનોમાં બે ભાઈ હતા અને એમાંથી એક માંદો પડ્યો. એની સારવારમાં રૂપિયા દોઢ લાખ ખર્ચાયા. મહિને સો રૂપિયા પર દસ રૂપિયાના વ્યાજના પૈસા વાળવામાં બીજા ભાઈએ પાંચમાં ધોરણનું શિક્ષણ છોડી લારી ખેંચવાની મજુરીમાં લાગવું પડ્યું. બીમાર ભાઈ મરી ગયો.

આ ઘર સરકારના બુલડોઝર નીચે વિકાસના માર્ગમાં અવરોધરૂપ હોઈ એકથી વધુ વાર ધ્વસ્ત થયું છે. માખી-મચ્છર-ગંદકી-ગંધ તેમને પજવી શકે તેટલા નબળા તેઓ રહ્યા નથી. ક્યારેક ઘરે મહેમાન આવે ત્યારે નક્કી કરવું પડે છે કે ઘરમાં કોણ સુઈ જશે અને રસ્તા પર કોણ સુઈ જશે.

આ કટુંબ એકલુ રહેતું નથી. શહેરોમાં સૌથી વધુ વિકાસ ઝુંપડપટ્ટીનો થાય છે એટલે અહીંયા લગભગ ૮૦૦ જેટલા ઝુંપડા થયા છે જેમાંથી રાજસ્થાનના શિરોહી-બાડમેર-પાલીથી આવેલ ૧૦૦ કુટુંબ છે. બાળકીનો બાપ સૌથી વધુ પાંચ ચોપડી ભણ્યો છે અને વસ્તીની એક યુવતી બાર સુધી ભણી છે. બચત-રોકાણ-શેર-સરપ્લસ જેવા શબ્દો અહી સાંભળવા મળતાં નથી. બાળકીના દાદા-દાદી હવે મજુરી કરવા સક્ષમ રહ્યા નથી. દાદી પાસે જે પણ મિલકત-બચત ગણો તે તેમના ચાંદીના કડલાં હતા પણ મરણ પામેલ દીકરાને બચાવવામાં વેચાઈ ગએલ છે.

આ કુટુંબ 'માજીરાણા' કહેવાય છે. ભીલ પ્રજાએ મહારાણા પ્રતાપને મુસલમાન બાદશાહના આક્રમણ સામે ઝઝૂમવા પોતાના તીર-કામઠાથી મદદ કરેલ તેના બદલામાં તેમનો રાજયમાં સ્વીકાર થયેલો. મહારાણા રાજપૂત અને આ ભીલ. જ્ઞાતિવ્યવસ્થા બાધારૂપ બનતાં રાણાની મા એ વચલો રસ્તો કાઢી બધાને કપાળે તિલક કરતાં તે ભીલ મટી 'માજી (ના) રાણા' બન્યા તે કહાની મેં પાકિસ્તાનથી નિરાશ્રિત બનીને ભારત પરત આવેલા માજીરાણા સાથે ૧૯૮૦ માં કામ કરતાં-કરતાં સાંભળેલી.

બાળકીઓને નાની ઉંમરમાં મા પોતાની જોડેજ મજુરીમાં રાખે તેની પાછળ આર્થિક કરતાં સામાજિક ગણતરી વધુ હોય છે. ગરીબી અને દારૂ-ચરસનું વ્યસન સિક્કાની બે બાજુ સમાન છે. વિકાસશીલ શહેરોમાં સ્ત્રી સલામતી સૌથી મોટો પડકાર છે. બાળકી માની સાથે મજુરીમાં હોય તો નજર સામે રહે છે.

સરકારી યોજનામાં રેશન કાર્ડ મળ્યું છે પણ રેસન મળતું નથી. આધાર કાર્ડ પણ છે પણ તે આર્થિક આધારનો માપદંડ નથી બની શક્યું. સ્થાનિક રાજકારણીઓ અને થોડા ખર્ચની મદદથી વીજળી મળી છે. રાજસ્થાનના સ્થળાંતરિત મજુરો પોતાના અન્ય ઓળખીતાં સાથે સંબંધ જાળવે છે અને તેમની માહિતી મુજબ મલાવ તળાવ, થલતેજ, નારોલ પાસે શિવરાજ, વેજલપુર, વાસણા, પ્રવીણ નગર, સોમેશ્વર, લાંભા, ઠક્કરનગર જેવા વિસ્તારોમાં તેમની ૨૦૦ થી વધુ વસાહતો છે. ઘણા રાજસ્થાની કુટુંબો આર્થિક રીતે સદ્ધર થયાં છે જેમાં મોટાભાગના અહી વર્ણવેલા લોકોનો સમાવેશ થતો નથી.

મલાવ તળાવના ૮૦૦ ઘરની વસ્તીમાં એક જુનું ટીવી જોવા મળ્યું. ખાડા ભરી-ભરી જમીન સમતળ બનતી જાય છે અને નવા ઝુંપડા માટે જગ્યા બને છે. આ વસ્તી 'હેરીટેજ' નો ભાગ નહિ બની શકે. એમ બનેતોજ આ ઝુપડા ધ્વસ્ત થતાં બચે.

**ગોરધન જયપાલ અને ચંદનકુમારે બે દિવસની મુલાકાતને આધારે આ વર્ણન કર્યું છે. નામ બદલ્યા છે કારણ અજ્ઞાતવાસ એજ ગરીબોની સલામતી બની રહે છે.**

# આત્મહત્યા ન્યાયની નિષ્ફળતા છે

ધોળકા તાલુકાના કેલીયાવાસણા ગામે લક્ષ્મીબેન રામજીભાઈ રહે છે. તે વિધવા છે અને તેમના જીવન-નિર્વાહનો એકમાત્ર આધાર તેમનો ૨૭ વર્ષનો અપરિણીત દીકરો દશરથ. સરકારી ચોપડે દશરથનું મોત આત્મહત્યા તરીકે નોંધાયું છે અને ધોળકા પોલીસે અકસ્માત-મોતની નોંધણી કરી છે. પોતાના દીકરાએ આત્મહત્યા કરી જિંદગી ટૂંકાવી છે એતો વિધવા મા પણ પોતાની ફરિયાદમાં કહે છે. આત્મહત્યા કરવાનું કારણ પોલીસ નોંધતી નથી. દશરથ ખેતમજુરી કરતો હતો અને ગામના પટેલનું ખેતર ભાગે વાવતો હતો. પાક લણાઈ-વેચાઈ ગયો પણ પટેલે પૈસા ચૂકવ્યા નહિ. પોતાના હાથમાં કાયદો લેવાનું દશરથ માનતો ન હતો એટલે એણે પટેલ ખેડૂતની મારઝૂડ કે હત્યા કરી નથી. તેણે



પોલીસમાં જઈ જાણ કરી. પોલીસે તેની ફરિયાદ લેવાના બદલે સમજાવી પાછો મોકલ્યો. પોલીસે કાર્યવાહી ન કરી એટલે બીજીવાર પણ જાણ કરી. છેલ્લે પોતાની માને જાણ કરી કે તે ફરી પોલીસમાં ફરિયાદ આપવા જવાનો છે અને આ વખતે પોલીસ ફરિયાદ નહિ સ્વીકારે તો પોલીસ મથકની સામેજ મરી જશે. જયારે એને ખાતરી થઇ કે ન્યાય નહિ મળે ત્યારે તેણે પોલીસ મથક સામેજ જાહેરમાં ઝેર ગટગટાવ્યું.

રાજય પોતાનો વિકાસ દેખાય તે માટે ગુનાખોરી ઓછી દર્શાવે છે અને તેમ કરવા માટે તેમની પાસે હાથવગું સાધન છે કે ગુનો નોંધવો જ નહિ. નવસર્જનના અભ્યાસનું તારણ છેકે દલિત અત્યાચારના ગુના નહિ નોધવાનું ગુજરાતમાં પ્રમાણ દોઢસો ટકા છે.

# કાગળ-કચરો વીણવામાં પણ સલામતી નથી

**(જયેશ પરમાર અને લક્ષ્મણ મકવાણા)**

ગુજરાતનો વિકાસ માપવાનું જાણે એકમાત્ર સાધન એ છે કે રાજ્યમાં ફેક્ટરી કેટલી ખુલી. ઘણા લોકો રોજગારી, પછી તે હંગામી અને ઓછા પગારવાળી હોય તો પણ વખાના માર્યા સ્વીકારી લે છે. પણ ખાસ કરીને એવા ઘણા દલિત કુટુંબો છે જેની સ્ત્રીઓને આવી ફેક્ટરીએ ફેંકી દીધેલ કચરામાંથી બે ટંકના રોટલા મળી રહે છે.

અમદાવાદ-બાવળાની વચ્ચે આવેલ ચાંગોદર ગામે ઘણા કારખાનાં આવેલા છે જેમાં દુર-દુરના વિસ્તારોમાંથી બેકારોની ફોજ રોટલા રળવા આવે છે. ભારતમાં સૈન્યની ફોજ કરતાં બેકારોની ફોજ મોટી છે.

તારીખ ૨૭/૨/૨૦૧૪ના



દિવસે નિત્યક્રમ પ્રમાણે પોતાના ખભે ખાલી થેલો ભેરવી ગંગાબેન કચરો વીણવા નીકળી પડ્યા. એમની ઉંમર ૬૫ વર્ષની. કચરો વીણતા લોકોને માટે પી.એફ. કે ગ્રેજ્યુઈટી સાથે નિવૃત્તિ અથવા વી.આર.એસ. લેવાની સરકારી જોગવાઈ નથી. હાથ-પગ ચાલે ત્યાં સુધી વૈતરાં જાણે વારસામાં મળ્યા હોય છે. ગંગાબેન બપોરે ૧૨ના સુમારે પાછા વળતાં જેથી રોટલા ઘડી શકે. પણ તે દિવસે તે બપોરે પાછા આવ્યા નહિ. ખાસ્સીવાર રાહ જોઈને ગંગાબેનને શોધવા કુટુંબી નીકળી પડ્યા. સાંજ સુધી ન મળતાં ફળિયાના બીજા લોકો પણ શોધવા લાગ્યા. ગંગાબેનની લાશ બીજા દિવસે એક કારખાનાના પાછળના ભાગેથી કાંટા-ઝાંખરાં વચ્ચે જોવા મળી. એમના બે કાનની બુટ કાપેલી હતી અને એકમાત્ર જણસ, પહેરેલી બુટ્ટી ગુમ હતી. કપડાં અસ્તવ્યસ્ત હતા, અંગત ભાગેથી લોહી નીકળેલ હતું અને સાથળ પર ઈજાઓ હતી જે વૃદ્ધ શરીર સાથે છેડછાડની ચાડી ખાતા હતા.

તબીબી અહેવાલો ભારે વીસંગત છે. પોસ્ટ-મોર્ટમ અહેવાલમાં વીર્યની હાજરી; અંગત ભાગમાં ઈજાને આધારે બળાત્કારની કોશિષ દર્શાવી છે પણ એફ.એસ.એલ. નો અહેવાલ જુદો પડે છે. પોલીસ વધુ તપાસ કરી રહી છે. ગંગાબેન રહ્યા નથી અને ભીખ માંગવાના બદલે કાગળ-કચરો વીણીને રોટલો રળતી વૃદ્ધ અને સ્વમાની દલિત સ્ત્રી પોતાની ઈજ્જત ગુમાવી મરી ચુકી છે.

પોલીસ આરોપીને શોધી શકી નથી. જ્યાં કાગળ-કચરો વીણીને પેટનો ખાડો પુરતી વૃદ્ધ સ્ત્રીઓની સલામતી ન હોય તેને વિકાસ કઈ રીતે કહેવો?



# પેન્સન વગરના વૃદ્ધો

**(ગોરધન જયપાલ અને ચંદનકુમાર)**

ત્રીસેક વર્ષ પહેલાં પોતાના માદરેવતન શિરોહી જીલ્લાના મુંઢ મંદાપર ગામે ભારે દુષ્કાળ પડતાં ઘરમાં ખાવા દાણો પણ ન રહેતાં ચંપાબેને પોતાના પતિ સાથે અમદાવાદને પોતાનું વતન બનાવેલું. ખુલ્લા આકાશ નીચેની રઝળપાટ હવે કૈલાશ તલાવડી શંકરપુરમાં પરિણમી છે. ચંપાબેને પોતાનું આયખું લોકોના ઘરે વાસણ માંજવામાં અને ઝાડુ મારવામાં કાઢ્યું છે. લારી ખેંચતા-ખેંચતા પતિની જિંદગી ઘણા વર્ષો પહેલાંજ ખેંચાઈ ગઈ. પોતાની ચાર દીકરીમાંથી તેમણે બેને પરણાવી છે અને નાનીબેને વારસામાં પોતાનું વાસણ-ઝાડુ નું કામ સોંપ્યું છે. ચંપાબેનને એવું જ્ઞાન લાધેલુ કે ઘર ભાડાનું હોય તો સારું. અડધી રાત્રે કોઈ તોડી ન પાડે. તે પોતાના એક ઓરડાના મકાનનું હાલ અઢી હજાર રૂપિયા ભાડું ભરે છે. લાઈટનું બીલ જુદું. મહેમાન આવે ત્યારે તેમને રાખવાની મોકાણ થાય છે. ચંપાબેને વૃદ્ધ પેન્સન મળે તેવું સાંભળેલં. અને ઘણાં પ્રયત્નો પછી પણ પેન્સન મેળવી શક્યા નથી.

# સમજણ આવી ત્યારથી કામે લાગ્યા છે

**(જયેશ પરમાર, લક્ષ્મણ મકવાણા અને પરસોત્તમ મકવાણા)**

શૈલેશની ઉંમર ૨૨ અને તેના નાનાભાઈ અજીતની ઉંમર ૨૦ વર્ષ. બંને નિશાળ ગયા નથી અને સમજણ આવી ત્યારથી 'ધંધે' લાગી ગયા છે. તેમનો ભાણિયો લાલો ૧૪ વર્ષનો છે. ૯મું ધોરણ ભણી તે પણ પોતાના મામા સાથે 'ધંધે' લાગ્યો છે. લાલાના બાપુ થોડા વર્ષ પહેલાં આજ જગ્યાએ પાણીનું મશીન ચાલુ કરતાં સખત દાઝી ગયા અને મરી ગયા હતા ત્યારથી તે તેની મા સાથે મોસાળમાં રહે છે. વિધવા બેનનો નાનો દીકરો ત્રીજી ચોપડી ભણે છે. બેનને વિધવા સહાય મળી નથી. આ ઠાકોર કુટુંબ છે અને તેમનું કામ મીઠું પકવવાનું છે. આ કુટુંબ 'ગરીબી રેખાની ઉપર' સરકારના ચોપડે નોંધાયું છે કારણ કંતાનની કોટડીમાં 'ટી.વી.' છે અને તેમની પાસે 'મોટરસાયકલ' છે.

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકામથકથી વીસેક કીલોમીટરના છેડે ખારાઘોડા છે. ગામથી ૭-૮ કિલોમીટર દુર મીઠાનું 'અગર' છે. આ કુટુંબ પાસે ચાર 'પાટા' જમીન હતી જેમાં તે મીઠું પકવતા હતા. પોતાના પંડે મીઠાની ખેતીમાં ઝાઝું મળતું ન હતું એટલે રૂ.૧,૧૯,૫૦૦ ના એક પાટાના ભાવે જમીન કંપનીમાં વેચી દીધી. હવે એક વખતની પોતાની જમીનમાં મીઠું પકવવા કંપનીની મજુરી કરે છે.

મીઠાની ખેતી મહેનત માંગી લે છે એટલે મદદમાં તેમણે દૂરના સગા એવા અમરસીભાઈને મહિને ખાવા-પીવા અને ૩૦૦૦ રૂપિયે રાખ્યા છે. અમરસીભાઈ પોતાની ઉંમર ૫૧-૫૨ કહે છે અને તે અપરિણીત છે. મીઠું પાકતાં નવ મહિના લાગે એટલે કંતાનની ઝુંપડી અગરમાં જ છે. રાંધવા-સામાન સંઘરવાની એક ઝુંપડી અલગ. પંદર દહાડે એકાદ વાર ન્હાવા-ધોવા વારાફરતી ગામે જાય છે. ખાનગી વાહન મળે નહીં એટલે બચત કરી પોતાનું વાહન તો રાખવું જ પડે એટલે એક મોટરસાઈકલ છે.

પીવાના પાણી માટે રૂપિયા ૫૦૦ નો ટાંકો પંદર દહાડે-મહિને ભરાવી લેવાનો. જનરેટર રાત્રે ચાલે જેનાથી 'કુઈ'નું ખારું પાણી 'પાટા'માં વાળવાનું. એક સામાજિક સંસ્થાએ સૂર્ય શક્તિથી ચાલતી ૬ પેનલવાડી વ્યવસ્થા ગોઠવી આપી છે. દિવસે તેનાથી પાણીનો પંપ ચાલે. સંસ્થાને સૂર્ય-ઉર્જાની વ્યવસ્થાની લોન ભરપાઈ પેટે મહીને ૬૦૦૦ રૂપિયા ચુકવે છે.

આ કુટુંબ 'પોચું મીઠું' પકવે છે તેનો તેમને ૧૦૦ કિલોનો ૨૧ રૂપિયા ભાવ મળે છે. 'ગાંગડા' કે 'વડાગરું' મીઠું પકવેતો ૧૦૦ કિલોનો ભાવ ૨૨-૨૩ રૂપિયા મળે. તેમણે 'ડીઝલ' ખર્ચ ખાતે કંપની પાસેથી ૧૦,૦૦૦ રૂપિયા 'ઉપાડ' લીધો છે. સાત લોકોનું કુટુંબ આજ કામ કરે છે. ગયા વર્ષે ખેતીનો બધો ખર્ચો કાઢતાં તેમને ૩૦,૦૦૦ રૂપિયા મળ્યા હતા. આ પૈસામાંથી તેમનું આખા વરસનું ગુજરાન ચલાવવાનું.

જમવામાં સવાર-સાંજ બાજરીના રોટલા-ડુંગળી બટાકાનું શાક. ચારે બાજુ આવાં અન્ય કુટુંબો રહે છે તેમની છાપરી જોઈ શકાય છે. સરકારે 'રણ'માં શાળા ઉભી કરી છે ગયા વર્ષે આ શાળામાં ૭ બાળકો ભણતા હતા. સરકારી સેવા પછી ૧૦૮ની હોય કે નર્સની હોય, તે બધું ગામમાં; અગરમાં નહી.

અમરસીભાઈના પગ ઉઘાડા છે. જુવાનિયાના પગમાં ચપ્પલ છે. ખારા પાણીમાં રહી તેમના પગનાં તળિયા એટલા સખત થઈ જાય છે કે ચિતા પર દેહ સળગી જાય પણ પગનાં તળિયા ન બળે.

અગરની બાજુમાં મીઠું મશીનમાં સાફ કરી તેના કોથળા ભરવાનું કંપનીનું કામ ચાલે છે. ૨૨ વરસનો વિષ્ણુ અહીંયા મીઠાના કોથળા ઠેલણ ગાડીમાં ભરી દુર ઢગલા કરવાનું કામ કરે છે. આ કામ કંપની 'ઉચ્ચક' કરાવે છે. સરવાળે આખો દિવસ ખુલ્લા તડકે મજૂરી કરવાના દોઢસો રૂપિયા પડે. સ્ત્રીઓ બધી અગરમાં કામ કરે છે. અગરના કામ ઉપરાંત 'રોટલા' તો એમણે ટીપવાના. ગામમાં બધાં કુટુંબ પાસે કાચા મકાનો છે. તે પોતાના 'વિકાસ' માટે મથે છે. સાંજ પડે પછી 'કોઈના ઘરે મીઠું માંગીએ તો 'અપસકન' થાય' તેવી ગુજરાતમાં માન્યતા પ્રચલિત છે. આ કુટુંબોનું આખું 'આયખું' મીઠામાં જાય છે.

સરકારનો કરોડો રૂપિયાના આંધણવાળો 'રણોત્સવ' અહીં નથી. આ કુટુંબે વડાપ્રધાનનું નામ સાંભળ્યું નથી અને 'મુખ્યમંત્રી'ની તેમને ખબર નથી. 'રાહુલ ગાંધી' તેમને ત્યાં આવેલા તે યાદ છે પણ તે શું કરે છે તેની ખબર નથી.




# મોતના કુવા દલિતો માટે અનામત છે

તારીખ ૩૦ માર્ચ ૨૦૧૪ના રોજ મૂળ પાલનપુરના નીવાસી ત્રણ દલિતો ઊંઝા ખાતે ખાનગી કંપનીના માલિકો દ્વારા આપેલ ખાળકુવા સાફ કરતાં મરણ પામ્યા. આવા ગંભીર બનાવો ગુજરાત માટે નવા નથી. નવસર્જન દ્વારા ૧૯૯૬માં માથે મેલું પ્રથા સામે લડત ઉપાડવામાં આવી તેનો સૌથી મોટો વિરોધ ગુજરાત સરકારે કર્યો. વિદેશમાં ગુજરાતની છબી ખરડાવવાનો પણ આરોપ મુકાયો.

ટેકનોલોજી વગર વિકાસ શક્ય નથી. હજારો કરોડ રૂપિયા સરકારે ઉદ્યોગોને વેપારમાં આધુનિક ટેકનોલોજીના ઉપયોગ માટે આપ્યા છે. માથે મેલું દુર થાય અને મોતના કુવામાં નવલોહિયા દલિતોના ગેસ ગળવાથી મરણ ન થાય તે માટે છેલ્લા વીસ વર્ષમાં ગુજરાત સરકારે કેટલી ટેકનોલોજી વિકસાવી તેનો જવાબ તેજ આપી શકશે.

આ બનાવમાં ધ્યાન ખેંચતી બે બાબત છે. તપાસ સામે વડી અદાલતે મનાઈ હુકમ આપ્યો છે તેની સામે સરકારે કઈ પગલા ભર્યા નથી. બીજું; સફાઈ કામદારના મોત ખાનગી કંપનીમાં થયા છે અને તેનું વળતર સરકારે ચુકવ્યું છે.

# સરકારી વકીલ કેસમાં ધ્યાન આપતા નથી એટલે ખાનગી વકીલ મેળવવા સમાજ કલ્યાણ ખાતામાં માંગણી કરી છે

સુઈગામ એટલે કચ્છને અડીને આવેલો બનાસકાંઠાનો છેલ્લો તાલુકો. ત્યાંના કાણોઠી ગામે હેરાનગતિ બાબતે દલિતોએ પોલીસમાં થોડા ક્ષત્રિય લોકો સામે અરજી કરેલી. પોલીસ તપાસ કરે તે પહેલાં આરોપીએ દલિતોને તેમની સામે અરજી કરવાનું પરિણામ શું આવે તે સમજાવ્યું. બે દલિત ભાઈઓ તેમની દીકરીઓ સાથે ગામના બ્રાહ્મણના મકાનના બાંધકામમાં મજુરી કરવા ગયા હતા. ત્યાંથી આરોપીઓ પસાર થતા હતા અને દલિતોને જોતાં ગાડામાંથી ઉતરી ધારિયું અને ગાડાનું આડું લઈ તૂટી પડ્યા. એક ભાઈનો હાથ ભાંગ્યો અને બાકીના બધાને નાની-મોટી ઈજા થઈ. જવાભાઈને દસ દિવસ સારવાર દવાખાનામાં દાખલ થઈ લેવી પડી. દલિતોના હાથમાં હથિયાર ન હતા અને આરોપી પાંચ. બધા આરોપીએ એકસંપ થઈ હુમલો કરેલ હોવા છતાં પોલીસે ફરિયાદમાં ગુનાઈત કાવતરાની કલમ ઉમેરી નથી. આ બનાવ ૧ માર્ચ ૨૦૧૫માં બન્યો હોવા છતાં હજુ કેસનો નિકાલ થયો નથી. ભોગ બનનારે સરકાર પાસે વધારે સહાયની માંગણી કરી નથી. તેમને ન્યાય જોઈએ છે. તેમને સરકારી વકીલ પર ભરોસો નથી અને માટે ખાનગી વકીલ રોકવાની માંગણી કરી છે.

# સામે બોલવું તે પાઠ ભણાવવાનું માટેનું પુરતું કારણ છે

*ચાણસ્મા શહેરમાં કશીક બાબતે ૪૦ વર્ષના દલિત રાજેશભાઈને તે સવારે બોલવાનું થયું હતું તેવી વિગત જણાય છે. સામા પક્ષે ભુપેન્દ્રસિંહ વાઘેલા અને બળદેવ રાવલ. તે સાંજે ભરબજારમાં આરોપીએ ઘાતક હથિયારોથી હુમલો કરી રાજેશભાઈને મોતને ઘાટ ઉતાર્યા. કાયદામાં તો આદર્શ નોંધેલો છે કે દલિત અત્યાચારના બનાવમાં ખાસ અદાલત માત્ર છ મહિનામાં ચુકાદો આપી દેશે. આ ઘટના ૨૭/૧૦/૨૦૧૪માં બનેલી છે છતાં હજુ કેસની સુનાવણી શરુ થઈ નથી.*

# સમાધાનનો સીધો અર્થ; મનમેળ નહીં પણ ફરિયાદ પછી ખેંચો

સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ તાલુકાનું ટીંબા ગામ. ૨૦૧૨ની સાલમાં ગામના રાજપૂતો સાથે ટોકરભાઈને બોલાચાલી થયેલી અને ટોકરભાઈએ પોલીસમાં ફરિયાદ દાખલ કરેલી. આરોપી રાજપૂત અવારનવાર ટોકરભાઈ પર સમાધાન કરવા એટલે કે ફરિયાદ પાછી ખેંચવા દબાણ કરતા હતા. ટોકરભાઈએ ફરિયાદ પૈસા પડાવવા ખોટી કરી ન હતી પણ ન્યાય માટે કરી હતી.

તારીખ ૯ એપ્રીલ ૨૦૧૪ ના રોજ ટોકરભાઈ પોતાના બે બાળકોને શાળાએ મુકવા જતા હતા અને રસ્તે આવતી દુકાને થોભી બાળકો માટે નાસ્તો લઈ રહ્યા હતા.

આ વખતે જાણે મોકાની રાહ જોઈને ઉભા હોય તેમ નવ રાજપૂતોએ તિક્ષ્ણ હથિયારથી હુમલો કરી ટોકરભાઈને ગંભીર રીતે જખમી કર્યા. વધુ સારવાર અમદાવાદ થઈ પણ તે બચી ન શક્યા. તેમના કુટુંબીજનો એ વાતે રાજી છે કે છ આરોપીને જનમટીપની સજા ફટકારવામાં આવી છે.

અગાઉની ફરિયાદ પોલીસે ગંભીરતાથી લીધી હોત તો ટોકરભાઈને જીવ ગુમાવવો ન પડત.

# હાથમાં ન આવતી 'ગરીબી રેખા'

(માર્ટિન મેકવાન)

ભારત ૧૯૪૭માં આઝાદ થયો ત્યારે ગરીબી સંતાડવામાં આવતી ન હતી પરંતુ 'ગરીબી હટાવો' તેવા મુદ્દા પર ચુંટણી લડાતી હતી. ૨૦૧૭ માં ચીન-જાપાન-અમેરિકા કે અન્ય દેશના મહાનુભાવો ગુજરાતના વિકાસ-દર્શને આવે ત્યારે હવાઈમથકથી સભા સ્થળે જતાં રસ્તામાં જેટલી ઝુંપડપટ્ટી આવે તે બધાને લીલી પ્લાસ્ટીક ની જાળીથી ઢાંકી દેવામાં આવે છે.

**વિકાસ હોય ત્યાં ગરીબી કેવી રીતે હોય?**

ગરીબીને નાથવા દેશમાં 'ગરીબીની રેખા' આંકવામાં આવી, જેથી આર્થિક આયોજનમાં જે કુટુંબો ગરીબી રેખા હેઠળ હોય તેમના વિકાસ માટે આયોજન કરી શકાય. ૧૯૭૮ની સાલમાં ગરીબીને માપવા 'કેલરી' નો માપદંડ દાખલ કરવામાં આવ્યો. શરીરને ટકાવી રાખવા ઓછામાં ઓછી કેટલી કેલરી (ઉર્જા) જોઈએ અને તે મેળવવા કેટલો ખોરાક જોઈએ અને તે ખોરાક બજારમાંથી કેટલા પૈસામાં ખરીદી શકાય તેના માપે ગરીબીની રેખા આંકવામાં આવી. ગામડામાં જીવવા માટે ૨૪૦૦ અને શહેરમાં જીવવા ૨૧૦૦ કેલરી જોઈએ તેવી ગણતરી માંડી નક્કી થયું હતું કે ગામડામાં રહેતાં જે વ્યક્તિની આવક મહીને ૬૧ રૂપિયા ૮૦ પૈસાથી અને શહેરમાં રહેતાં વ્યક્તિની આવક ૭૧ રૂપિયા અને ૩૦ પૈસાથી ઓછી હોય તેમને ગરીબીની રેખા હેઠળ ગણવા.

એ પછી આવતી તમામ સરકારે મોંઘવારીને ધ્યાનમાં રાખી ગરીબીની નવી રેખા નક્કી કરી. મનમોહન સિંઘની સરકારે જયારે ગામડે રહેતાં અને દિવસના ૨૬ રૂપિયાથી ઓછા કમાતા અને શહેરમાં રહેતાં અને રોજના ૩૨ રૂપિયાથી ઓછા કમાતા લોકોને ગરીબીની રેખા નીચા ગણ્યા ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી મોદીએ આ નીતીનો ભારે વિરોધ કર્યો. ૩૧ મી ઓગસ્ટ ૨૦૧૦માં ભાજપના નેતા ગડકરીએ એટલી હદે માંગણી મૂકી કે 'બી.પી.એલ.' ની મર્યાદા વધારી એક લાખ રૂપિયા કરવી જોઈએ'.

**ગુજરાતના મુખ્યમંત્રીએ નવી શોધ કરી કે 'ગરીબી દુર કરવી હોય તો ગરીબી રેખા બદલી ગરોબોની સંખ્યા ઓછી કરી નાંખો'. ગુજરાત માટે 'પોતે વિકાસ કર્યો છે તેવું દુનિયાને બતાવવા ગુજરાતમાં ગરીબો નથી' એ બતાવવું ખુબ જરૂરી હતું.**

ગરીબીની રેખા નક્કી કરવાની સત્તા દરેક રાજ્યને પોતાના રાજ્યમાં આપવામાં આવી છે. ગુજરાતે ગરીબી રેખા વધારી એક લાખ રૂપિયાની કરી? સૌથી વિચિત્ર વાત એ હતી કે ૨૦૧૪ની સાલમાં ગુજરાત સરકારે મોદીની આગેવાની હેઠળ ગરીબીની રેખા ઘટાડી દીધી અને ગામડે રહેતાં અને રોજના ૧૧ રૂપિયા અને શહેરમાં રહેતાં વ્યક્તિ જે રોજના ૧૭ રૂપિયાથી ઓછા કમાતા હોય તેમને 'ગરીબી ની રેખા' નીચે ગણ્યા. ગુજરાતના મુખ્યમંત્રીએ નવી શોધ કરી કે 'ગરીબી દુર કરવી હોય તો ગરીબી રેખા બદલી ગરોબોની સંખ્યા ઓછી કરી નાંખો'. ગુજરાત માટે 'પોતે વિકાસ કર્યો છે તેવું દુનિયાને બતાવવા ગુજરાતમાં ગરીબો નથી' એ બતાવવું ખુબ જરૂરી હતું.

ગુજરાતમાં વિકાસના લાભાર્થી ગણ્યાગાંઠ્યા લોકો સંગઠિત હતા એટલે ધોળે દિવસે ગરીબોને સરકારી ચોપડે ખતમ કરી નાંખવાના કાવતરાનો વિરોધ કોણ કરે? આ મામલે ગુજરાતની વડી અદાલતમાં જાહેર હિતની અરજી થઇ. સરકારના વિકાસની ઘણી વાતો બહાર આવી તેમાંથી એ વાત પણ બહાર આવી કે અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન દ્વારા બે લાખ તેંતાલીસ હજાર અને આડત્રીસ (૨,૪૩,૦૩૮) સફેદ બી.પી.એલ. કાર્ડ બનાવવામાં આવ્યા હતા પણ ૨૦૧૪ સુધી તેમાંથી ઈઠોતેર હજાર ઓગણચાલીસ (૭૮,૦૩૯) કાર્ડતો વહેંચવામાં જ આવ્યા ન હતા.

ભારતમાં ગરીબો કેટલા? આંકડો નક્કી થતો જ નથી. 'બી.પી. એલ. કાર્ડ હોય તોજ તમે ગરીબ' એવા છેલ્લા ફતવાથી લાખો ગરીબો સરકારી ચોપડેથી ગરીબ મટી ગયા જેમાં ભાતના દાણા વગર મરી ગયેલી ઝારખંડની ૧૧ વરસની સંતોષી પણ ખરી.

ભારત સરકારે અર્થશાસ્ત્રી સુરેશ તેંદુલકર ની સમિતિ નીમી. સમિતિના તારણ અનુસાર બજારભાવે ૨૦૦૯-૧૦ ની સાલમાં ગ્રામીણ વિસ્તાર માટે માસિક ૬૭૩ અને શહેરી વિસ્તાર માટે માસિક ૮૬૦ રૂપિયાથી ઓછી આવકવાળાને 'અત્યંત ગરીબ' ગણ્યા. તેંદુલકર સમિતિએ ૨૦૧૧-૧૨માં વધેલી મોંઘવારીને ધ્યાનમાં લઈ ગ્રામીણ વિસ્તાર માટે માસિક ૮૧૬ અને શહેરી વિસ્તાર માટે માસિક ૧૦૦૦ રૂપિયાથી ઓછી આવકવાળાને 'અત્યંત ગરીબ' ગણ્યા. એ રીતે જોતાં ભારતમાં 'અત્યંત ગરીબ'ની સંખ્યા ૨૭ કરોડની એટલે કે ભારતની કુલ વસ્તીના ૨૧.૯ ટકા લોકો નક્કી થયા.

તેંદુલકર સમિતિની ભલામણ પર પુનર્વિચાર કરવા સારું બીજા ખ્યાતનામ અર્થશાસ્ત્રી રંગરાજનના વડપણ હેઠળ સમિતિ બની. રંગરાજન સમિતિએ ભલામણ કરી કે ૨૦૦૯-૧૦ ના વર્ષ માટે ગ્રામીણ વિસ્તારમાં ગરીબીની રેખા ૬૭૩ રૂપિયાના બદલે ૮૦૧ અને શહેરી વિસ્તારમાં રૂપિયા ૮૬૦ થી વધારી ૧૧૯૮ ગણવા જોઈએ.

તેમની ભલામણને જોતાં ભારતમાં 'અત્યંત ગરીબ' નો આંકડો ૨૭ કરોડથી વધી ૩૬ કરોડ ૩૦ લાખ એટલે કે દેશની ૩૮.૨ ટકા વસ્તી થઇ. રંગરાજન સમિતિએ એ પણ ધ્યાન દોર્યું કે શહેરમાં ગરીબો વધ્યા છે. ખાસ ધ્યાનમાં રાખવાનું કે ગરીબીની રેખા નક્કી કરવા જે આર્થિક માપદંડ નક્કી કર્યો છે તેમાં માત્ર 'ભૂખે ન મરવાના' પૈસા જ ગણ્યા છે. તેમાં કપડાં-લત્તા-આગળ વધવાના સપનાં ગણ્યા નથી. ગરીબી જો જેમ જેમ વર્ષો વધે તેમ તેમ વધે તો વિકાસ કોને કહેવો?

અત્યારે ગુજરાતના ગામડે ગામ બી.પી.એલ. ની બુમરાણ છે. વિકાસની વાતોમાં ગરીબો વેતરાઈ ગયા છે. બી.પી.એલ. ના લાભાર્થી કોણ એનું સૌથી સારું મોડલ કેરાલા રાજ્યનું છે. કેરાલામાં જેની પાસે (૧) બે ગુંઠાથી ઓછી જમીન હોય કે જમીન ન હોય; (૨) ઘર ન હોય કે તૂટેલું ઘર હોય (૩) શૌચાલય ન હોય (૪) ઘરમાં ભણેલી (અક્ષરજ્ઞાન મેળવેલી) વ્યક્તિ ન હોય (૫) સ્થાયી આવક કમાતી વ્યક્તિ ઘરમાં ન હોય (૬) સ્વચ્છ પીવાલાયક પાણીથી કુટુંબ વંચિત હોય (૭) જે કુટુંબની મોભી સ્ત્રી-વિધવા-ત્યકતા હોય (૮) જે કુટુંબ અનુસુચિત જાતિ-જનજાતિનું હોય અને (૯) જે ઘરમાં માનસિક રીતે બીમાર વ્યક્તિ હોય તેવા તમામ કુટુંબોને ગરીની રેખા હેઠળ ગણવામાં આવે છે.

ભાજપ એવો પ્રચાર કરે છે કે દેશ ગુજરાત વિરોધી છે.

હકીકત એ છે કે ગુજરાતમાં ભાજપ ગરીબ-વિરોધી છે અને આ બધા ગરીબો 'ગુજરાતી' છે એટલું જ નહિ પરંતુ તે તમામ ધર્મો અને જ્ઞાતિના છે. જ્યાં સરકારી પ્રચાર પાછળ કરોડો રૂપિયાના ધુમાડા થતા હોય તે રાજ્યમાં વિધવા બેનોને 'વિધવા સહાય' મેળવવા ભિખારીની જેમ લાઈનમાં ઉભા રહેવું પડે તે વિકાસના નામે માત્ર ગરીબોની મજાક છે.

## નવસર્જન ટ્રસ્ટની પ્રવૃત્તિ રાષ્ટના હિતમાં નથી:ગુજરાત સરકાર

નવસર્જન ટ્રસ્ટ ગુજરાતમાં ૧૯૮૮માં નોંધાયું. દલિત પર અત્યાચાર, સ્ત્રી પર હિંસા, આદિવાસીના લઘુત્તમ વેતનના સવાલો, ગરીબોની કનડગત; પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધરે માટે શિક્ષકોની તાલીમ, તમામ બાળકો માટે ગામોમાં પુસ્તકાલય; ગુજરાતમાં આભડછેટ કેટલી એનો સૌથી મોટો અભ્યાસ; માથે મેલું ઉપાડવાની અમાનવીય પ્રથા સામે લડત; દલિતોની ઝુંટવાયેલી જમીનો છૂટી કરાવવી; ત્રણ પ્રાથમિક શાળાઓની સ્થાપના; દલિત શક્તિ કેન્દ્ર દ્વારા સમાજના તમામ વર્ગોના ૯૭૦૦ યુવાનો જેમાં ૫૬ ટકા યુવતીઓને વ્યવસાયિક તાલીમ દ્વારા રોજગારી અપાવવી; ભૂકંપમાં ચારેક હજાર કુટુંબોને મકાન ઉભા કરવામાં મદદ જેવી પ્રવૃત્તિઓ કરતી નવસર્જન સંસ્થાને ગુજરાત સરકારની ભલામણથી ભારત સરકારે વિદેશમાંથી તેની પ્રવૃત્તિઓ માટે નાણા મેળવવા પર પ્રતિબંધ

**નવસર્જન સંસ્થાને ગુજરાત સરકારની ભલામણથી ભારત સરકારે વિદેશમાંથી તેની પ્રવૃત્તિઓ માટે નાણા મેળવવા પર પ્રતિબંધ મુક્યો. પ્રતિબંધના કારણમાં જણાવ્યું કે 'સંસ્થાની પ્રવૃત્તિઓ દેશના હિતમાં નથી'**

મુક્યો. પ્રતિબંધના કારણમાં જણાવ્યું કે 'સંસ્થાની પ્રવૃત્તિઓ દેશના હિતમાં નથી'.

મસુરી ખાતે આઈ.એ. એસ. અધિકારીઓની તાલીમમાં; ભોપાલ ખાતે 'નેશનલ જયુડીસીઅલ એકેડેમી' માં ન્યાયાધીશોની તાલીમમાં નવસર્જનને ઘણી વાર તાલીમ આપવા આમંત્રણ આપવામાં આવ્યા છે. આમાં દેશભરના વિશ્વવિધ્યાલય તો ખરા જ. નવસર્જને કોઈ પણ પક્ષની સરકાર હોય, હંમેશા ગરીબોના પક્ષમાં ખોટું થતું હોય ત્યાં માથું ઊંચક્યું છે. નવસર્જનની ૨૭ વર્ષની પ્રવૃત્તિઓ એકાએક 'ઉના' અત્યાચાર બાદ કઈ રીતે દેશના હિતમાં ન હોય તેવી બની ગઈ તેનો જવાબ એકમાત્ર ભાજપ જ આપી શકે; કારણ નવસર્જનને લાગે છે કે આ નિર્ણય સરકારના નામે રાજકીય પક્ષનો હતો.

# એનું નામ આકાશ છે, 'વિકાસ' નહીં

(રમેશ વસાવા, સતીષ વસાવા) સરવાટા, તા. ૮ ઑક્ટોબર, ૨૦૧૭

નસવાડી શહેરથી બાવીસ કિલોમીટર દૂર અત્યંત ખાબડખૂબડ રસ્તા પર ૨૦૦ ઘરની વસ્તી ધરાવતું આદિવાસી ગામ સરવાટા આવેલું છે. ગામમાં ૧ થી ૭ ધોરણની શાળા આવેલી છે. શાળામાં ત્રણ શિક્ષકો છે, તેમાંથી સ્થાનિક લોકોનું કહેવું છે કે મુખ્ય શિક્ષક દારૂ પીને શાળામાં આવે છે.



રસ્તાથી ઉપર લગભગ પાંચસો પગલાં સીધા ઢાળે ચઢીએ એટલે વસ્તી આવે છે. અહીંયા માત્ર ચોમાસુ ખેતી થાય છે. મકાઈ આ વર્ષે સારી પાકી છે અને તુવેર દાળ અને કપાસનું વાવેતર થયેલું છે. ચોમાસું છે એટલે ભીંડા થયા છે અને એટલે લીલું શાક દરરોજ મળી રહે છે. સ્થાનિક આગેવાનના ઘરે અમે બેઠા. ઈંદિરા આવાસ યોજનામાં ઘર ૨૨ વર્ષ પહેલાં મળેલું. પાણીનો સરકારી બોર છે પરંતુ વિજળીના ધાંધિયા છે. સવારથી લાઈટ નથી અને ક્યારે આવે તેનું નક્કી નહી. બોર ચાલુ ન થાય તો પાણી ન મળે એટલે ઘરથી ૧૦૦ મીટર છેટે હેન્ડપંપ છે. ઘરે ચાર ઢોર છે એમને પાણી પીવડાવવા હેન્ડપંપથી ખેંચી ડોલમાં પાણી લાવવું પડે. ચાર ઢોર એટલે વીસેક પાણીના ફેરા થાય. બે મહિને વિજળીનું બિલ આવે છે ને સ્થાનિક લોકો કહે છે તેમ, બિલવાળો ડુંગરે-ડુંગરે ચઢી વિજળીના મીટર વાંચવાના બદલે નીચે રોડ પર ઊભો રહી આશરે બિલ ફાડે છે. ચોમાસામાં મહિને એક દિવસ માંડ વિજળી આવે. એક ઓરડાના પાકા ઘરમાં ગરમી વધારે લાગે છે એટલે અમે બહાર બે વિશાળ મહુડાનાં ઝાડ નીચે બેઠા. અમને ચા આપી તે ઉકાળો હતો, કારણ ગાય વસૂકી ગયેલી અને ગામમાં ડેરી નથી એટલે દૂધ મળતું નથી. પચ્ચીસેક ભાઈઓ-બાળકો ટોળે વળ્યાં. ઈંદિરા આવાસ, કહેવાતી વીજળી અને પાણી સિવાય કોઈ સરકારી યોજના અહી પહોંચી નથી. સીધી લીટીએ જોતા ગુજરાતના ગૌરવ સમો સરદાર સરોવર ડેમ આ ગામથી ૧૧ કિલોમીટરના અંતરે છે. તેનું પાણી અમદાવાદ શહેરની સાબરમતી નદીમાં લોકોના મનોરંજન માટે ઠલવાય છે પણ નર્મદાનાં પાણી આ ગામે પીવા માટે કે ખેતી માટે પહોંચ્યાં નથી.

**સીધી લીટીએ જોતા ગુજરાતના ગૌરવ સમો સરદાર સરોવર ડેમ આ ગામથી ૧૧ કિલોમીટરના અંતરે છે. તેનું પાણી અમદાવાદ શહેરની સાબરમતી નદીમાં લોકોના મનોરંજન માટે ઠલવાય છે પણ નર્મદાનાં પાણી આ ગામે પીવા માટે કે ખેતી માટે પહોંચ્યાં નથી.**

એક બીજી યોજના અહી પહોંચી છે. બી. પી. એલ. કાર્ડ ધારકોને ઘરદીઠ રૂપિયા ૧૦૦ના બદલામાં સગડી સાથે ગૅસ કનેક્શન મળ્યું છે. ગૅસ કનેક્શન મળતાં સસ્તા અનાજની દુકાને કેરોસીન મળતું બંધ થયું છે. હવે ગૅસનો બાટલો ખાલી થતાં તે અત્યંત ખાબડ-ખૂબડ રસ્તે ૨૦ કિલોમીટર દૂર મળે છે અને તે પણ રૂપિયા ૬૫૦માં!! એટલે ઘણાના ઘરે ખાલી બાટલા પડ્યા છે. સરકાર હવે જે લોકો ગૅસ વાપરતા ન હોય તેના બાટલા જપ્ત કરવાની છે તેવી ચર્ચા ચાલુ છે.

ગામમાં બે યુવાનો ગ્રેજ્યુએટ છે અને ત્રીજો એક વિષયમાં નાપાસ થયો છે. બાકીના ૨૦-૩૦ વર્ષ ઉંમરવાળા તમામ લોકો શાળામાં ગયા નથી. ગામમાં એક પણ સરકારી નોકરીનો કોઈને લાભ મળ્યો નથી. દિવાળી બાદ ગામ ખાલી થઈ જશે અને લોકો અમરેલી, રાજકોટ, ભાવનગર અને કચ્છ સુધી મજૂરી કરવા જશે. ત્યાં ભલે સરકારી કાયદો લઘુત્તમ વેતન રૂપિયા ૨૬૫ ચૂકવવાનું કહેતો હોય પરંતુ તેમને દરરોજના રૂપિયા ૧૨૦ જ મળશે. ક્યારેક એ પૈસા ચૂકવવામાં પણ માલિકો ડખા કરે છે. તે બધા પોતાના ગામે હોળી પર પાછા આવશે. જે ઘરોમાં ઘરડાં નથી તે લોકો પોતાના છોકરાંઓને પણ મજૂરી પર લઈ જશે. ભણેલા યુવાનોને પૂછ્યું તો કહે તેમને સરકારી યોજનાની કોઈ માહિતી નથી. હું બાળકોને મારી જોડે ખાટલે બેસાડું છું. દીપક પાંચમા ધોરણમાં ભણે છે પણ તેને વાંચવામાં ભારે તકલીફ પડી રહી છે. સચીન બીજા ધારણમાં ભણે છે પણ તે 'થ', 'ણ', 'ઠ' કે 'ધ' વાંચી શકતો નથી, હું દીપકની નોટમાં જોઈ શકું છું કે ત્રણ સંખ્યાના સરવાળા ખોટા છે પણ શિક્ષકે સુધાર્યા નથી. હું તેની પાસે તે દાખલો ફરી ગણાવું છું પણ તે ગણી શકતો નથી. રસિકા ઉંમરે ખાસ્સી મોટી છે પણ પાંચમા ધોરણમાં છે તેણે દાખલો આવડ્યો. સચીનને વાંચતા ન આવડ્યું પણ તેને મારા મોબાઈલ પર અમારો બધાનો ફોટો પાડી આપ્યો ? બાળકોને વર્ષે રૂપિયા આઠસો શિષ્યવૃત્તિ મળે છે, તેમાંથી એક જોડ ગણવેશના માસ્તર રૂપિયા ત્રણસો કાપી લે છે. ગણવેશની કોઈ સરકારી યોજના નથી તેમ જાણ્યું. બાળકોને ગુજરાતના મુખ્યમંત્રીનું નામ ખબર નથી પણ 'મોદી' નામથી પરિચિત છે. બીજો એક આઠેક વર્ષનો છોકરો આવ્યો. પૂછ્યું તો ખબર પડી કે તે નિશાળે દાખલ થયો જ નથી. તેનો બાપ મરી ગયો છે એટલે મા તેને લઈ પિયર આવી છે. તેને પૂછ્યું તો કહે, ''ભણવું છે'' પણ એની પાછળ રસ લેવાવાળું કોઈ નથી. એનું નામે 'વિકાસ' નથી, પણ 'આકાશ' છે.

# સમાધાન રૂપિયા પાંચ હજારમાં?

(વિનુભાઈ, મૂળજીભાઈ અને પ્રવિણભાઈ)

તારીખ પચીસમી સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના ધાવટ ગામે એક ગંભીર ઘટના બની ગઈ. આસાની રહે તે સારું હવે ગામડે નાનાં ટ્રેક્ટરો પ્રવેશી રહ્યાં છે.

ધાવટ ગામમાં પટેલ ખેડૂતના ટ્રેક્ટરે પલ્ટી ખાધી અને તેની નીચે ટ્રેક્ટરમાં બેઠેલો ૧૨ વર્ષનો આદિવાસી છોકરો દટાઈ જઈ મરણ પામ્યો. તે છોકરો મા વગરનો હતો અને તે તેના બાપ અને ૧૪ વર્ષના ભાઈની સાથે રહેતો હતો. મળતી માહિતી મુજબ, આ છોકરો ટ્રેક્ટરમાં એટલે હતો કારણ કે તે બાળમજૂર હતો.

તે બાદ બનેલી ઘટના આઘાતજનક છે. પાટીદાર ખેડૂતોએ દીકરો ગુમાવેલ આદિવાસી બાપને ફરિયાદ ન કરવા સમજાવ્યો અને તેમનું પંચ સમાધાન કરવા બેઠું. સમાધાન પેટે રૂપિયા પાંચ હજાર આપવાનું ઠરાવ્યું. આ અસંવેદનહીનતા નિહાળી એક યુવકે વિરોધ કર્યો તો તેને માર પડ્યો. આથી તે યુવક વિનુભાઈ, મુળજીભાઈ, કનુભાઈ વગેરે સામાજિક કાર્યકર્તાઓને જાણ કરી. આથી કરજણ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ. સરકારી આંકડે બાળમજૂરોના અસ્તિત્વનો સ્વીકાર નહીં થાય અને આવા બાળમજૂરો ગુજરાતના ગામડે ગામ જોવા મળે છે.

## દલિતોને 'જમીન' કાગળ પર મળી છે

(મોહનભાઈ અને કલ્પેશ આસોડીયા)

બનાસકાંઠા જીલ્લાના સુઈગામ તાલુકાનું સોનેથ ગામ. ખેતીની જમીનના ટોચમર્યાદા કાયદા હેઠળ તારીખ ૮ માર્ચ ૧૯૮૪ની સાલમાં ગામના ૩૨ દલિત કુટુંબોને ૧૪૩.૨ એકર જમીન સરકારે ફાળવેલી. દલિતો કાયદો હાથમાં લેવામાં માનતા નથી એટલે મામલતદાર-કલેકટરને કબજો મેળવવા માત્ર આવેદનપત્ર જ આપ્યા છે. પરિણામે, આજે ૩૩ વર્ષ પછી પણ જમીન સરકારી ચોપડે દલિતોના નામે બોલે છે અને કબજો મૂળ માલિક પાસે છે.

સરકારની આવી ઢીલાશ ઉદ્યોગપતિઓ માટે નથી. તેમનો ધંધો શરુ થઇ જાય પછી તેમને ખરીદેલી જમીન 'બિન-ખેતી'માં સરકાર ઘડીના છઠ્ઠા ભાગમાં ફેરવી આપે છે.

સુરેન્દ્રનગર જીલ્લાના લીમડી, લખતર, વઢવાણ અને સાયલામાં દલિતોને આવી કાગળ પર મળેલી જમીનો નવસર્જને આઠ વર્ષની લડત પછી અપાવી હતી. વાલજીભાઈ પટેલે પણ આ ક્ષેત્રે ઘણો સંઘર્ષ વેઠી દલિતોને જમીનના અધિકારો અપાવ્યા છે.

કચ્છ જીલ્લામાં ટોચર્યાદાની જમીનો દલિતોની સહકારી મંડળીને મળેલ અને તેનો વર્ષોથી તેમની પાસે કબજો નથી તેવી અસંખ્ય ફરિયાદો છે. 'વિકાસ'ના વાયરામાં સરકાર-ઉદ્યોગપતિ વચ્ચેના ગઠબંધનમાં આંખનો ડોળો જમીન ઉપર જ સ્થિર થયેલો છે. જે ઉદ્યોગપતિઓને સરકારે 'ગૌચર' ની જમીનો પધરાવી ગાયને ગુજરાતમાં 'પ્લાસ્ટીક' ખાતા કરી દીધી તેમણે ગુજરાતમાં હજારો 'નોકરી' પેદા કરવાના તારા ધોળા દિવસે બતાવ્યા હતા તે દાવાઓ તપાસ કરતાં ખબર પડશે કે તેમાં જુઠ્ઠાણું જ ચાલ્યું છે. સરકાર તેના પર 'શ્વેતપત્ર' બહાર નહિ પાડે.

# ડૉ. આંબેડકરે સૂચવેલો પ્રગતિનો માપદંડ

(કપીલા નાયકા; દિનેશ રાઠવા)

ગુજરાતની હદ અહીં પૂરી થાય છે અને મધ્યપ્રદેશની હદ શરૂ થાય છે. ગુજરાતથી સામે પાર જવા દ્વિચક્રી વાહન માર્ગ છે. ગામનું નામ છે, ઢોરકુવા. બે ચાર લોકો વિશાળ મહુડાના ઝાડ નીચે ઊભા છે અને અમને આગંતુકોને જોઈ ચહેરા ચિંતિત છે.

ગામમાં ૧ થી ૪ ધોરણની શાળા છે. અહીંથી અને બાજુના ગામેથી ઘણી યુવતીઓ દલિત શક્તિ કેન્દ્રમાં તાલીમ લઈ ચુકી છે.

રસ્તામાં પણ અમને ઘણી શંકાશીલ તાકી રહેલ નજર જોવા મળી. મધ્ય પ્રદેશથી દારૂ ગુજરાતમાં અહીંથી પસાર થાય છે એટલે અમને રખેને પોલીસ સમજે એ સ્વાભાવિક હતું. દારૂની અહીં નવાઈ નથી. પોલીસ સઘળું જાણે છે. દારૂની ખેપ મારતી બધી ગાડીઓ અને વાહનો વડોદરા જિલ્લાની નોંધણી ધરાવે છે. બેકાર યુવાનોને આ કામે રોજીરોટી મળી રહે છે.

ગામમાં શિક્ષક બપોરે એક પહેલાં ડોકાતા નથી, તેવી ફરિયાદ મળી.

બીજા ગામે એવું જાણવા મળ્યું કે સાતમા પગાર પંચથી તારાજ થઈ ગયેલા શિક્ષકો શાળામાં આવતા જ નથી અને



ભણાવવાનું કામ કોઈ ૧૦-૧૨ ભણેલ સ્થાનિક યુવાનને દિવસના ૧૦૦-૧૫૦ રૂપિયાના ભાવે આપી દે છે. જાણવા મળ્યું કે તલાટી એ એકમાત્ર સરકારી પ્રતિનિધિ છે, જે ગામે આવતા હોય. હા, નવજાત શિશુઓને રસી મૂકવાવાળા જરૂર આવે.

થોડે આગળ દુણ ગામે ગયા. અહી બેત્રણ નાનાં બાળકો મળ્યાં પણ માજી સરપંચ સક્રિય હતા અને બાળકોને વાંચતાં આવડતું હતું. પણ ગામ ચિંતામાં હતું. ગામની કોઈ જુવાન દીકરી સીવણ વર્ગમાં જતી ને ક્યારેક દૂરના સંબંધીને ત્યાં રોકાઈ જતી, કારણ બસની સગવડ ન હતી. એનાં માબાપને વાવડ મળ્યા છે કે એમની દીકરીએ મહેસાણા જિલ્લાના કડી તાલુકાના કોઈ ગામના પટેલ સાથે લગ્ન કરી લીધા છે. પણ માબાપને શંકા છે કે એમની દીકરીને વેચવામાં આવી છે. છોકરીઓને પરણાવી દેનારા એજન્ટોની હાજરી નવી નથી. અહીંની ગરીબ ઘરની આદિવાસી છોકરીઓ પટેલના ઘરમાં પત્ની અને ખેતમજૂરની બેવડી ઓળખ ધરાવે છે. ઘણી છોકરીઓ બહુપત્નીત્વ ધરાવતા મુસ્લિમ સમાજમાં ગોઠવાઈ છે. માબાપ લાચાર છે. એવું બને તેમાં કોઈને અત્યાચાર દેખાતો નથી અને છેલ્લે મામલો પૈસામાં સમેટાઈ જાય છે.

જંગલમાંથી શાળાએ જતી નાની કન્યા શોષણનો ભોગ બને છે તો ક્યારેક કોઈ કપડાં ધોતી હોય ને તેને બે જણા ઉપાડી જાય અને બે દિવસ પછી પાછી મૂકી જાય, એવા બનાવો પણ જાણવા મળે છે.

ડૉ. આંબેડકર કહેતા, "દેશની પ્રગતિ કેટલી થઈ તે માપવાનો માપદંડ સ્ત્રીઓની પ્રગતિ કેટલી થઈ તે છે." આ વ્યાખ્યા ગુજરાતના ગળે ઊતરે ખરી?

# લડ્યા વગર મૂળભૂત અધિકાર પણ ન મળે તે જાણે સરકારી નિયમ છે



ગુજરાતના દરિયાકાંઠે આવેલા ખાનગી બંદર પીપાવાવથી ૧૨ કિલોમીટરના અંતરે બેટ પર આવેલ ગામનું નામ શિયાળબેટ છે. અહીંયા મોટાભાગના લોકો માછીમારી સાથે સંકળાયેલા છે અને વસ્તી લગભગ ૧૫૦૦૦ની છે. છેલ્લા નવ વર્ષથી ગામના લોકો ડૉક્ટર સહિત આરોગ્યની માળખાગત સુવિધાઓ મેળવવા લડી રહ્યા છે. અરજી કરી કરીને થાક્યા અને સરકારના તરફથી કોઈ તેમને સાંભળવાવાળું ન મળ્યું ત્યારે તેમને ગુજરાતની વળી અદાલતનો આશરો લીધો.

વળી અદાલતે તારીખ ૧ સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીમાં સરકારને તે ગામે કાયમી ડૉક્ટરની નિમણુંક કરવાનો આદેશ આપ્યો. આ વાતને દોઢ મહિનો વીતી ગયો હોવા છત્તાં ગામને કાયમી ડૉક્ટર મળ્યા નથી. વળી અદાલતના આદેશ બાદ ડૉક્ટર ગામની મુલાકાત લે છે પરંતુ અઠવાડિયે એક કે બે વાર. આથી ગામના લોકોને ખબર નથી કે ક્યારે ડૉક્ટર મળશે કે નહિ મળે. ૧૦૮ની સેવા ગામને મળે તે તો દૂરની વાત. લોકોને બીમારીના સમયમાં ૧૨ કિલોમીટર દરિયાવાટે મુસાફરી કરી કાંઠે આવવું પડે છે અને ત્યાંથી ૧૫ કિલોમીટર દૂર જાફરાબાદ જવું પડે છે. લોક લડતને કારણે ૨૦૧૨માં અહીં આરોગ્યકેન્દ્ર બંધાયું છે. તાજેતરમાં સ્વાઈન-ફ્લૂ નો વાવર ફેલાયો ત્યારથી બે પરિચારક ગામે નિયમિત આવે છે.

કંઈ પણ અધિકાર જોઈતો હોય તો લાંબી કાનૂની લડત લડવી પડે એવો જાણે ગરીબો માટે નિયમ થઈ ગયો છે.

## એટલે માનવાનું કે કમળો મટી ગયો છે !

ગળામાં માળા છે. 'ગળો' નામનો વેલો ખેતરમાં જોવા મળે છે. જેના નાના નાના ટુકડા દોરામાં થોડા થોડા અંતરે બાંધ્યા છે. એ ભાઈને માળા વિષે પૂછ્યું તો કહે કે, 'મને કમળો થઈ ગયો છે'. ઉનાળામાં પાણીના સ્તર ઘટે એટલે પાણીજન્ય રોગો વકરે છે. ગામમાં દવાખાનું નથી એટલે દેશી દવા જ આદિવાસી કુટુંબો માટે હાથવગી થઈ પડે છે. માળામાં બાંધેલા વેલાના ટુકડા સુકાતા જાય એમ માળા લંબાતી લંબાતી છાતીએ પહોંચે એટલે માનવાનું કે કમળો મટી ગયો છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસના વાદળ હજુ અહીં પહોંચ્યા નથી.



# વિકાસની અહીં પૂર્વશરત છેઃ કમાવું હોયતો અસંગઠિત રહો

(જયેશ પરમાર; લક્ષ્મણ મકવાણા)

ગાંધીજીનું એક વિવાદાસ્પદ નિવેદન હતુંઃ ‘રેલ્વે, દાકતર અને વકીલ સમાજના દુશ્મન છે’. વિકાસની પરાકાષ્ટા તરીકે આજે ‘બુલેટ ટ્રેન’નું પત્તું ફેંકાયું છે. ગાંધીનો આગગાડીનો વિરોધ તેમની એ ચિંતામાં હતો કે રેલ્વેથી સઘળી સંપત્તિ શહેરોમાં ઠલવાસે અને ગામડાં ખાલી થશે. એ માનતા કે દરેક ગામમાં વિકાસ થવો જોઈએ. કદાચ એમની વાત સાચી પડી રહી છે. જુનું અમદાવાદ શહેર નદીપારના કોટ વિસ્તારમાં હતું તે આજે વિસ્તરી સાણંદ, બાવળા, વટવા, કલોલની સરહદોમાં ભળવાની તૈયારી કરી રહ્યું છે. ગામડાની જમીનો વેચીને ખેડૂતો આજે તેમની જમીન પર બનેલા કારખાનામાં ચોકીદારની નોકરી કરી રહ્યા છે.

અમદાવાદ જીલ્લામાં છેલ્લી માહિતી મુજબ ૬૪૮૩૬ નાના (સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રી) અને ૨૨૫૪૧ મધ્યમ કક્ષાના (મીડીઅમ સ્કેલ ઈન્ડસ્ટ્રી) ઔદ્યોગીક એકમો નોંધાયેલા છે અને તેમાં બધા મળીને પાંચ લાખ તેરસો તોંતેર જેટલા દૈનિક મજૂરો કામ કરે છે. આ બધા મજૂરો સ્થાનિક નથી. હકીકતમાં દેશ આખામાં એક સમાન રૂપરેખા જોવા મળે છે. સ્થાનિક લોકોને રોજગારી એટલા માટે આપવામાં આવતી નથી કારણ તેમનામાં શોષણ સામે સંગઠિત થવાની તાકાત વધારે હોય છે. બહારના મજૂરો હોયતો તેઓ ભાગ્યેજ વિરોધ કરી શકે. પરિણામે તમામ વિસ્તારના લોકોને રોજીરોટી મેળવવા સ્થળાંતર કરવું પડે છે.

અમદાવાદ-બાવળા વચ્ચે ચાંગોદર જી.આઈ.ડી.સી. આવેલી છે. તેમાં દાહોદ, છોટાઉદેપુર, સુરેન્દ્રનગર, મહેસાણા, સાબરકાંઠા, ભાવનગર, ખેડા, આણંદ, અમદાવાદ જીલ્લાના ગ્રામીણ વિસ્તારો, પાટણ જીલ્લા ઉપરાંત ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ઝારખંડ, છત્તીસગઢ, ઓડીસા, અને બિહારના મજૂરો જોવા મળે છે.

થોડા સ્થાનિક ખેડૂતોને સમજાયું કે ખેતીમાં ખાસ કમાણી નથી માટે તેમણે પોતાની જમીન પર વસાહતો ઉભી કરી છે. ૧૦ ફૂટ લાંબી-પહોળી ઓરડી ૨૦૦૦-૨૨૦૦ ના ભાડેથી મળે છે. ન્હાવાની ચોકડી ઓરડીની અંદર. આંગણામાં ખુલ્લી ગટર. બધા માટે સામુહિક પાણીનો બોર. ઓરડીની બહાર મસમોટા ખાડા એટલે ચોમાસામાં કચરાવાળા અને બાજુના ઢોરવાડાના છાણ-મુતર મિશ્રિત પાણી ખુલ્લા પગે ઉલેચીનેજ ઓરડીમાં પહોંચવાનું.

પરપ્રાંતના મજૂરો મોટાભાગે પોતાના પત્ની-બાળકોને વતનમાં મુકીને જ આવતા હોય છે, એટલે ચાર-પાંચ વચ્ચે એક ઓરડી



ભાડે રાખે. મજૂરોને દરરોજનો ૨૩૦ રૂપિયા રોજ. કામનો સમયગાળો ૯ કલાક જેથી વિરામને બાદ કરતાં પુરા આઠ કલાકનું કામ થાય. તમામ મજૂરો હંગામી ધોરણે અને કોન્ટ્રકટ પર. કોઈ પ્રકારનો નિમણુક પત્ર નહિ કે પગાર પાવતી નહિ. ઘણાને પોતાના કોન્ટ્રાક્ટરનું નામ ખબર નથી. ઘણેભાગે પગાર દર મહિનાની ૧૨મી તારીખની આજુબાજુ થાય. જો કામ છોડી દેવું હોયતો બાર-પંદર દિવસનો પગાર જાય. ચાચરાવાડી વાસણા મુકામે તો ઘરભાડું મહિને ૪૦૦૦ રૂપિયા. વિજળીનું બીલ અલગથી. ગુજરાતના મજૂરો બાળ-બચ્ચાં સાથે રહે. માં-બાપ બંને મજુરી કરે એટલે ઘર સફાઈ-રાંધવાનું કામ બાળકો કરે.

અહીંયા બેગ બનાવવાની ફેકટરીમાં બહેનો કામ કરે. સાત તબક્કામાં બેગ તૈયાર થઈ જાય. બહેનોનું કામ બેગને એક એકમથી બીજા એકમ સુધી ફેંકવાનું. કંપનીનું મજૂરો માટે લક્ષ્યાંક નક્કી. આઠ કલાકમાં ૧૨૦૦ બેગ ફેંકવાની થાય એટલે કે દર ૨૪ સેકન્ડે એક બેગ ફેંકવાની. એક બેગનું વજન ત્રણ કિલો ગણતરીએ લઈએ તો દરેક સ્ત્રી કામદાર આઠ કલાકમાં ૧૮૦ મણ વજન ઊંચકીને ફેંકે છે. એક બેગ ઊંચકીને ફેંકવાના લગભગ ૧૯ પૈસા મળે. કામનું દબાણ એટલું કે જમવા માટે માત્ર પંદર મિનીટ મળે. સાંજે ઘરે પહોંચે ત્યારે એમના બદનમાં કોઈ તાકાત ન બચે.

સામાજિક જીવનનો સંપૂર્ણ અભાવ. બાજુવાળા કોણ-ક્યાંના એ માહિતી કોઈની પાસે ન મળે. મકાન માલિકો-ભાડુઆતો કબીરપંથી નથી છતાં એક નિયમ પાળે છે; કોઈની નાત પૂછવી નહિ કે કોઈને પોતાની નાત કહેવી નહિ. માહિતી આપવાનો ભારે ડર સૌના મન પર છવાએલો જોવા મળે. વ્યસન અપરિણીત પરપ્રાંતીય માટે જાણે એકમાત્ર મનોરંજનનું સાધન જણાય છે. દિવાળી પર એક પગાર બોનસમાં મળે તેની તમામને ઈન્તેજારી.

ઓડીસા રાજ્યની બહેન પણ દલિત ફળિયામાં ભાડે રહે છે. એક બાળકની મા છે. રાજકોટમાં સ્થાનિક યુવાન સાથે લગ્ન કરેલા. પતિએ ત્યાગ કર્યો. ઘણા સમયથી ભરણપોષણનો કેસ ચાલે છે. દર મુદ્દતે વકીલ ૨૦૦૦ રૂપિયા લઈ લે છે. તે પોતાની

**દરેક સ્ત્રી કામદાર આઠ કલાકમાં ૧૮૦ મણ વજન ઊંચકીને ફેંકે છે. એક બેગ ઊંચકીને ફેંકવાના લગભગ ૧૯ પૈસા મળે. કામનું દબાણ એટલું કે જમવા માટે માત્ર પંદર મિનીટ મળે. સાંજે ઘરે પહોંચે ત્યારે એમના બદનમાં કોઈ તાકાત ન બચે.**

ઓળખ ઘણી સભાનતાથી આપે છેઃ ‘મેં છોટી જાતકી નહિ હું’. એના માટે ગુજરાતની સ્ત્રીઓ ખાસ્સી હદે લાજ-મર્યાદા પાળે તે નવાઈની વાત છે. ગુજરાતના વિકાસથી અંજાયા વગર કહે છેઃ ‘ગુજરાતમાં સ્ત્રીની કિંમત નથી.’ પર-પ્રાંતના મજૂરોએ હવે ફરિયાદ ન કરવા મન મનાવી લીધું છે. એમને જયારે ગુજરાત લાવવાના હતા ત્યારે લલચાવેલાં કે પંદર-સોળ હજાર રૂપિયા પગાર મળશે. અહીં કોઈનો પગાર વધતો નથી; પછી બહાર ભલે મોંઘવારી વધતી હોય. વધારે પૈસા કમાવાનો તેમના માટે એક જ રસ્તો છે; ઓવરટાઈમ કામ કરો. ગામડેથી અહીં મજુરી પર આવતા દલિતોને બે મોટા ફાયદા દેખાય છે. દરરોજનું કામ મળી રહે છે અને ગામની જેમ અહીં કોઈની દાદાગીરી સહન કરવી પડતી નથી.

# ‘વિકાસ’ અહીં પણ છે પણ પર્વતની ટોચે છે

(માર્ટિન મેકવાન; પ્રદિપ મોરે; જબ્બાર સિંહ)

દસ ફૂટ લાંબા-પહોળા ઓરડામાં વીસેક ભાઈ-બહેનો ઉભડક બેઠા છે. ઓરડામાં લાશ પડી છે તેના પર કામળો ઓઢાડેલો છે. લાશ એક જુવાનિયાની છે જેણે ઝેર ઘોળી પોતાની જિંદગી ટૂંકાવી છે. અગાઉ તેણે આત્મહત્યા કરવાના ત્રણ પ્રયત્નો કરેલા. પર્વતના ઢોળાવ પર વસેલ આ ગામમાં પચીસેક ઘરો છે અને તે તમામ દલિતોના છે. ઘરો પત્થર અને ચીકણી માટીના છે. છાપરું પત્થરની કાળી સ્લેટના ટુકડાઓથી ઢાંકેલું છે. બધાજ ઘર નાની ઓસરીવાળા એક ઓરડાના છે. હજુ દલિતો એક વૃદ્ધની અંતિમક્રિયા પતાવી પાછાજ આવ્યા હતા ત્યાં ફળિયામાં બીજી લાશ પડી છે.

દુર પર્વતની ટોચે હવેલીઓ અને ભવ્ય મંદિર દેખાય છે જ્યાં ગામના ઠાકુર-બ્રાહ્મણ રહે છે. વર્ષો પહેલા ઠાકુર-બ્રાહ્મણ અહીં વસેલા ત્યારે ભોંય ભાંગવા દલિતોને પણ વસાવેલા. દલિતોના રહેણાંક વિસ્તારને તેઓ ‘ખેડે’ કહી સંબોધે છે; જેનો અર્થ થાય છે, ‘ગમાણ’. અગાઉ બ્રાહ્મણ-ઠાકુરના ઢોર અને દલિતો સાથે રહેતાં. સવારે વૃદ્ધની અંતિમક્રિયામાં



‘ગામ’ના લોકો જોડાયા ન હતા. બ્રાહ્મણ-ઠાકુર મરે ત્યારે દલિતોએ કામે લાગવું પડે છે. ચિત્તા માટે લાકડાં કાપી ખભે વેંઢારી પર્વતના જોખમી ઢોળાવ ઉતરી સ્મશાનમાં પહોંચાડવા પડે છે. તે અગાઉ પર્વતો ખુંદી મરનારના સગા-વહાલાંઓને ‘અશુભ’ સમાચાર પહોંચાડવા જવું પડે છે. આ ભારતનું નવ-નિર્મિત રાજ્ય ‘ઉત્તરાખંડ’ છે.

દલિતો લાશની હાજરીમાં પણ અમને ચા પીને જવાનો આગ્રહ કરે છે. ‘આ તો થવાનું જ હતું. કશુંય આપણા હાથમાં નથી’ નો સુર વાતાવરણમાં છવાએલો છે. પોતાના રહેણાંકથી થોડે દુર તેઓ નજરમાં ન સમાય એવી પર્વતમાળા અને જંગલોમાં પોતાના ‘અલગ’ સ્મશાનમાં મૃતકની અંતિમવિધિ કરશે. એક-ગામથી બીજે જવા કોઈ સાધન મળતાં નથી અને ઢોળાવ ઉતરવાના એટલે અંતિમવિધિ પછી તરત ‘બેસણું’ પતાવી દેવાનું જેથી સગાંઓને વળી પાછા આવવાની તકલીફ ન પડે. અમારી ના છતાં લોકોને સભા કરવી છે. ‘તમે આટલે દુરથી ફરી ક્યારે આવવાના?’ કાળી ચૌદસનો દિવસ છે અને કાલે દિવાળી છે. રોશની દુર દેખાય છે. અમારી સામે બેઠેલા પંદર-વીસ બાળકોના કપડાં કે ચહેરા પર દિવાળીની રોશની નથી. શિષ્યવૃત્તિ આ વર્ષની મળી નથી. બીકના માર્યા બાળકો ‘શિક્ષક નિયમિત શાળામાં આવે છે’ તેવું કહે છે. કોઈ ઘરમાં કે કોઈ હોઠે ‘આંબેડકર’ દેખાતા નથી. અહીંયા દલિતોની વસ્તી પર્વોતાના ઢોળાવમાં ગામથી ‘દૂર’ અને ‘અલગ’ હોય છે. પર્વતમાં સતત વહેતા ઝરણામાંથી પીવાનું પાણી મળી રહે છે.

**કાળી ચૌદસનો દિવસ છે અને કાલે દિવાળી છે. રોશની દુર દેખાય છે. અમારી સામે બેઠેલા પંદર-વીસ બાળકોના કપડાં કે ચહેરા પર દિવાળીની રોશની નથી. શિષ્યવૃત્તિ આ વર્ષની મળી નથી. બીકના માર્યા બાળકો ‘શિક્ષક નિયમિત શાળામાં આવે છે’ તેવું કહે છે.**

ઘણાં બાળકોને ઈજા થયેલી છે. ઢોળાવ પરથી ચઢતાં-ઉતરતાં લપસી પડાય છે. મને વળતાં ઢોળાવ ચઢતાં ખાસ્સી તકલીફ પડી. હું જોઈ શક્યો કે સ્ત્રીઓ પિત્તળના મોટા દેગડાં પાણીથી ભરી માથે મૂકી ઢોળાવ ચઢી રહી હતી. સાંજના અંધારામાં લોકો પોતાની ખેતીમાં પાકેલી તુવેરના પોટલાં ખભે ચઢાવી ઢોળાવ ઉતરી રહ્યા હતા. બધાની પાસે જમીન નથી. મજુરી દિવસની સો રૂપિયા મળે છે. શાળા પાંચ ધોરણની છે. આગળ ભણવું હોય તો પર્વતો ખુંદી મોટા ગામે જવું પડે. આવતાં-જતાં દશ-પંદર કિલોમીટર ચાલવાનું થાય. જે ભણે તેના માટે રોજગારી ગામમાં નથી એટલે મસુરી-દહેરાદુનના પર્યટક વિસ્તારમાં જવું પડે. દલિત શક્તિ કેન્દ્રમાં તાલીમ પામેલા પાંસઠ જેટલા યુવક-યુવતી ગામડે ફરી સામાજિક જાગૃતિનું કામ કરી રહ્યા છે. સરકારી યોજનાના દર્શન અહી દુર્લભ છે. આ ગામનું નામ કલેઠા છે.

ચાળીસેક કિલોમીટરની બીજી મુસાફરી કરી અમે ચકરાતા પહોચ્યા. અહીંથી ચીનની સરહદ નજીક હોઈ લશ્કરી થાણું છે અને વિદેશી માટે પ્રવેશબંધી છે. શિયાળામાં બરફ પડે એટલે દોઢેક મહિનો રસ્તો બંધ થઈ જાય. ચકરાતાને અડીને આવેલા ‘દાકરા’ ગામે અમે રાત્રે નવ વાગે પહોંચ્યા. ત્રણ કલાક મોડા પડ્યા તોય લોકો રાહ જોઇને બેસી રહ્યા છે. સરકારી અધિકારી અહીં આવતા નથી. અહીં મુસ્લિમ-દલિત વસ્તી છે. મુસ્લિમ બાળકોને છેલ્લા ચાર વર્ષથી શિષ્યવૃત્તિ મળી નથી. સરકારી અધિકારી કહે છે, ‘પૈસા વધશે તો તમને મળશે.’

મુસ્લિમ ઓ.બી.સી. માં ગણાય છે પણ જાતિનો દાખલો કઢાવવાનું કામ સૌથી કપરું છે. ‘નરેગા’ જેવી સરકારી યોજના આવે છે પણ ‘સરપંચ-અધિકારી’ ગઠબંધનમાં ખર્ચાઈ જાય છે. લોકો માર્ગદર્શન માંગે છે પણ મારા મોમાંથી શબ્દો નીકળતા જ નથી.

‘વિકાસ’ અહીં પણ છે પણ પર્વતની ટોચે છે.

## ગુજરાતમાં વિકાસ ‘વધારે’ કહેવાય છે પણ વેતન ઓછું !!



આ અહેવાલ વિરોધપક્ષનો નથી પણ હાલની મોદી સરકારના ગ્રામ વિકાસ વિભાગનો છે. જુલાઈ ૨૦૧૬ થી મે ૨૦૧૭ દરમિયાન દેશના વિવિધ રાજ્યોમાં ખેતમજૂરોને ચુકવાતા વેતનના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ‘વિકાસનું મોડલ’ કહેવાતા ગુજરાતમાં ભારતના પંદર રાજ્યો કરતાં ઓછી મજુરી ચૂકવાય છે.

દેશમાં સૌથી વધુ ખેતમજુરી કેરાલા રાજ્યમાં ચૂકવાય છે જ્યાં પુરુષોને રોજના રૂપિયા ૬૬૧ અને મહિલાને ૪૯૪ મળે છે. ખેતમજૂરોને તમિલનાડુ રાજ્યમાં રૂપિયા ૪૧૧; હિમાચલ પ્રદેશમાં ૩૯૪; પંજાબમાં ૩૧૨; કર્ણાટકમાં ૨૯૭; રાજસ્થાનમાં ૨૮૧; આંધ્રપ્રદેશમાં ૨૭૬; પશ્ચિમ બંગાળમાં ૨૫૮; મહારાષ્ટ્રમાં ૨૫૬; આસામમાં ૨૫૬; બિહાર અને ઉત્તરપ્રદેશમાં ૨૪૯ રૂપિયા ચૂકવાય છે. આ બધા રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં પુરુષને સરેરાશ રૂપિયા ૨૨૩ અને મહિલાને રૂપિયા ૨૦૨ ચૂકવાય છે.

દલિતો માટે આ આંકડા આઘાતજનક એટલા માટે છે કારણ સમગ્ર ભારતમાં તેમની વસ્તી સાડા સોળ ટકા છે અને તેમાંથી ૫૪.૬૭ ટકા કુટુંબો ખેતમજુરીમાં રોકાએલા છે. ગુજરાતમાં દલિત વસ્તી સાત ટકા છે છતાં તેમના ૬૩.૨૪ ટકા કુટુંબો ખેતમજુરીમાં રોકાએલા છે.

પ્રશ્ન એ છે કે દલિત-આદિવાસી-ઓબીસી જેમાંથી સૌથી વધુ લોકો ખેતમજુરી કરે છે. તેમનો વિકાસ થયો નથી તો થયો છે કોનો?

**‘વિકાસનું મોડલ’ કહેવાતા ગુજરાતમાં ભારતના પંદર રાજ્યો કરતાં ઓછી મજુરી ચૂકવાય છે**

# મજુરો માટે પોતાના વતનમાં દફનાવું જરૂરી નથી

(બાલકિશોર છત્તર)

બસંતી જાની ૩૦ વર્ષની ઉમરે વિધવા બની છે. તેનું મૂળ વતન ઓડીસા રાજ્યના બાલાન્ગીર જીલ્લાના તીતલગઢનું પતલપાડા ગામ. પોતાના પતિ બનબાસી જાની સાથે પોતાના ચાર બાળકોને લઈને ઈંટો પાળવા ચરોતરના આણંદ મુકામે ૨૦૧૫માં આવેલી. તેની મોટી દીકરી કબીતા ૧૩ વર્ષની અને સૌથી નાનું બાળક ચાર વર્ષનું. સુરેન્દ્ર હરપાલ નામનો વચેટીયો પાંચ હજાર રૂપિયા એડવાન્સ આપીને તેમને લાવેલો. કબીતા રાંધતી, નાના ભાંડુઓને સાચવતી અને બંને પતિ-પત્ની વહેલી સવારથી મોડી રાત્રે લોથ વળી જાય ત્યાં સુધી કામ કરતાં. ખિસ્સા-ખર્ચી દર અઠવાડિયે મળતી.

છ મહિના વીતી ગયા ત્યાં એક દિવસ બનબાસી ભારે તાવમાં સપડાયો. પોતાના પતિને દવાખાને પહોચાડવા બસંતી માલિક-દલાલને વીનવતી રહી. તેમણે કહ્યું, ‘તે બે-ચાર દિવસમાં ઠીક થઈ જશે; તું તારું કામ ચાલુ રાખ’. બનબાસી સાજો ન થયો. દસ દિવસમાં તેણે દમ તોડ્યો. બસંતી અને તેના બાળકો રોકકળ કર્યા સિવાય બીજું કંઈ કરી શકે તેમ ન હતા.

બસંતીને લાગ્યું કે વતન વધારે સારું. હિસાબ માંગ્યો તો માલિકે બાકી નીકળતા પૈસા દલાલને ચૂકવી આપ્યાનું જણાવ્યું. બસંતીને માલિકનું નામ ખબર નથી. તે તેને માત્ર ‘પટેલ’ તરીકે ઓળખે છે. બીજા મજુરોએ મદદ કરી અને બધાએ મળી બનબાસીને પોતાના ‘કંગાળ-પછાત’ વતનથી સેંકડો જોજન દુર ભારતના ‘આદર્શ’ રાજ્યની ભૂમિમાં દફ્નાવ્યો.

બસંતી સાસરીમાં પરત ફરી ત્યારે સાસરિયા પતિના મોત માટે તેને જવાબદાર ઠેરવવા તાકીને બેઠા હતા. કદાચ પતિના મસ્તકને ખોળામાં લઈ બળતી ચિત્તામાં બેસવા કરતાં જીવે ત્યાં સુધી જીવતી ચિત્તામાં બેસવું તે વધારે સારું કે કેમ તેનો જવાબ તો બસંતી જ આપી શકે.

## માં નક્કી છે; પણ એનો બાપ કોણ તેની સાબિતી નથી

કઠલાલ તાલુકામાં સિકંદર પોરડા એક નાનું ગામ છે. ગામમાં સાત સેનવા કુટુંબોની વસ્તી. દલીતમાં સેનવા વિકાસમાં ખાસ્સા પાછળ. એ સમાજમાં ભણેલી કન્યા ભાગ્યેજ મળે.

આવા એક કુટુંબની કન્યા. ઉંમર ૧૪ વર્ષ અને નવમાં ધોરણમાં અભ્યાસ ચાલુ. પરીક્ષા આપીને ઘરે પરત ન ફરતાં તપાસ થઈ. એક બાળકનો પિતા ગામનો ૩૨ વર્ષનો ઠાકોર એને ભગાડી ગયો હતો. મહામહેનતે તે રાજસ્થાનથી પકડાયો. ધરપકડ પછી ફરાર થઈ ગયો. કન્યા એના બાળકની મા બની હતી. અપહરણના સાડા ચાર વર્ષ બાદ અપહરણ અને મા બનેલ કન્યા પોતાના ઘરે એકલી હતી ત્યારે તેજ આરોપી આવ્યો. કન્યાને બળજબરીથી ભગાડી જવાની કોશિશ કરી. છોકરીએ પ્રતિકાર કર્યો. એટલે ઠાકોરે છોકરીને તિક્ષ્ણ હથીયારથી ઘાયલ કરી. છોકરીનું મરણ થયું અને બાળક મા-બાપ વગરનું બન્યું. પોલીસ આરોપીને પકડી શકી નથી એટલે ‘એ’ સમરી ભરી કેસ દફતરે કરવા અદાલતને વિનંતી કરી છે.

કન્યાના મા-બાપે બાળકનો કબજો ઠાકોર પરિવારને સોંપવાની કોશિશ કરી. સામેનું પરિવાર આ બાળક તેમના દીકરાનું જ છે તે વાતના પુરાવા માંગે છે.

# આ વર્ષે અમારી કંપની ખોટમાં ગઈ છે એટલે તમે બે મહિનાનો પગાર ભૂલી જાઓ

(વિભીષણ પાત્રે)

પાંત્રીસ વર્ષના રામચરણ રત્નાકર છત્તીસગઢ રાજયના ઝાંઝગીર-ચાંપા જીલ્લાના પામગઢ તાલુકાના મુડપાર ગામના વતની છે અને પંદર ઓકટોમ્બર ૨૦૧૬ના રોજ પોતાના પરિવાર સહીત અમદાવાદપાસેના નરોડા પાસેના કઠવાડા ગામે ભરતભાઈ પ્રજાપતિના ત્યાં ઈંટો પાડવા આવેલા. બે મહિના કામ કર્યા બાદ એમનું કામ બંધ થઈ જતાં રોહિત પ્રજાપતિના ત્યાં એમને કામ કરવાનું કહેવામાં આવ્યું. ત્યાં પણ બે મહિના કામ કર્યા બાદ રામચરણે વતન પાછા ફરવાનું નક્કી કર્યું. કામમાં બરકત આવતી ન હતી. કામે ચઢવાની વાત થઈ ત્યારે માલિકે કહેલું કે લાઈટ-પાણી-બળતણ-દવા ની વ્યવસ્થા તે કરશે. અહીં તો રામચરણ ના કુટુંબને કેરોસીન પણ પોતાના પૈસે લાવવું પડતું હતું. રામચરણ ના કહેવા મુજબ પચ્ચીસ ફેબ્રુઆરી ૨૦૧૭ ના દિવસે હિસાબ કરતાં રોહિત પ્રજાપતિએ કહ્યું, “આ વર્ષે અમારી કંપની ખોટમાં ગઈ છે એટલે તમે બે મહિનાનો પગાર ભૂલી જાઓ. રામચરણ ને લેવાના નીકળતા હતા ૧,૧૨,૦૦૦ રૂપિયા અને મળ્યા હતા માત્ર પચાસ હજાર. પૈસા લેવાનો આગ્રહ રાખતાં ધમકી મળી અને મુન્સીએ કહ્યું કે ‘બાકીના પૈસા લેવા હોયતો બીજા ચાર મહિના રોકાવું પડશે. રામચરણ ને પોતાના પરિવારની સલામતી માટે વતન તરફ ઉચાળા ભરવાનું યોગ્ય લાગ્યું.

# સામાજિક આરોગ્ય વગર વિકાસ ગરીબ વિરોધી અને છેલ્લે સમાજ માટે જોખમી બની રહેવાનો

(બાલકિશોર છત્તર)

પોતાના ગામમાં કોઈ રોજગારી ન મળતાં ૧૨ વર્ષ પહેલાં ૨૬ વર્ષની ઉંમરે અભય સુના ઓડીશા રાજયમાંથી અમદાવાદ પાસેના સાણંદ શહેરમાં એક કારખાનામાં

**વિકાસના ધુમાડા કાઢતા હજારો કારખાનાં ગુજરાતમાં ફૂલી-ફાલી રહ્યા છે. તે ચલાવવા મજુરોને યેન-કેન પ્રકારે ખેચી લાવવા દલાલોની એક જમાત ઉભી થઈ છે**

વેલ્ડીંગ કારીગર તરીકે લાગ્યો હતો. ઘરે એના માં-બાપ અને બે નાના ભાંડું માટે તે આશરો હતો. પાંચેક વર્ષ સાણંદમાં રહી અભય સ્થાનિક છોકરીને પરણ્યો. માલિકને અભય જેવા સારા કારીગરની જરૂર હતી એટલે તેણે દંપતીને ભાડે મકાન શોધી આપ્યું. અભયના બે બાળકો પાંચ અને સાત વર્ષના થયા તેમને શાળામાં પ્રવેશ



અપાવવામાં પણ માલિકે મદદ કરી. અભય પોતાના મા-બાપને નિયમિત પૈસા મોકલતો. ૨૦૧૬માં કુટુંબ પર આફતના વાદળો ઘેરાયાં. પત્ની અભયને ખુબ માંદગીની અવસ્થામાં વતન લઈ આવી. નિદાનમાં તેને ‘એઈડ્સ’ નો ચેપ જણાયો. અભય મૃત્યુ પામ્યો. થોડા દિવસ બાદ અભયના સગાંઓએ તેની પત્ની-બાળકોને ઘરમાંથી તગેડી મુક્યા. હવે તે સ્ત્રી પોતાના બાળકોને મોટા કરવાના સંઘર્ષમાં જોતરાઈ છે.

વિકાસના ધુમાડા કાઢતા હજારો કારખાના ગુજરાતમાં ફૂલી-ફાલી રહ્યા છે. તે ચલાવવા મજુરોને યેન-કેન પ્રકારે ખેંચી લાવવા દલાલોની એક જમાત ઉભી થઈ છે. નવલોહિયા અને અપરિણીત હજારો જુવાનીયા શહેરોમાં ઠલવાયા છે. તેમની જાતીય જરૂરિયાતો ઉજળા ભવિષ્યના સપનાઓના વાદળો નીચે ઢાંકી શકાતી નથી. સામાજિક આરોગ્ય વગર વિકાસ ગરીબ વિરોધી અને છેલ્લે સમાજ માટે જોખમી બની રહેવાનો તેમાં કોઈ શંકા નથી.

જાતીય રોગોનું પ્રમાણ ગુજરાતમાં ફૂલ્યું-ફાલ્યું છે અને તેના વિશે ગંભીર ચર્ચા થતી નથી.

# આઝાદ ભારતના રાજકીય ગીધડાં

(પરેશ પરમાર; ચંદ્રિકા ખ્રિસ્તી; દિનાબેન પરમાર)

ભારતના દલિત રાષ્ટ્રપતિની ઓળખ ધરાવતા શ્રી રામનાથ કોવિંદ ગાંધીજીની ૧૪૮મી જન્મજયંતીના દિવસે પોરબંદર જવાના હતા ને ભાજપની ગૌરવયાત્રાનું પ્રસ્થાન પણ ત્યાંથી થવાનું હતું. તે દિવસે સરદાર પટેલના વતન કરમસદથી પણ ભાજપની ગૌરવયાત્રાનો બીજો માર્ગ શરૂ થવાની તૈયારીઓ તડામાર ચાલી રહી હતી. તે જ દિવસે વહેલી સવારે સાડા ચારના સુમારે બોરસદ તાલુકાના ભાદરણિયા ગામે દલિત યુવાન જયેશની હત્યા પોતાને સરદાર પટેલના વારસદાર ગણાવે છે તે સમૂહના લોકોએ કરી. ગૌરવયાત્રા શરૂ થાય તે પહેલાં કરમસદની મેડિકલ કૉલેજમાં જયેશનો મૃતદેહ પહોંચી ગયો હતો. પોલીસને હજુ ફરિયાદ નોંધવાનો સમય મળ્યો ન હતો.

દલિત અત્યાચાર થાય ત્યારે જ સમાજ



કલ્યાણ મંત્રીને બનાવના ગામે પોતાની પધરામણી કરવાનો રૂડો અવસર મળે છે. સરકારી વળતર એ જ જાણે અત્યાચાર સામે લડવાનો એકમાત્ર સૌથી મોટો સરકારી કાર્યક્રમ બની રહે છે. ભૂતકાળમાં કાયદામાં જોગવાઈ હતી કે દલિતો સામેના ગંભીર અત્યાચારના સવાલોમાં સમગ્ર ગામ પર સામુહિક દંડ નાંખવો અને ગ્રામપંચાયત પર શિક્ષાત્મક પગલાં લેવાં.



ગુજરાતના ઈતિહાસમાં આવા પગલાં લેવાયાનો એકેય બનાવ બન્યો નથી.

પડ્યા પર પાટુની જેમ સરકારના મંત્રી વળતરનો ચૅક લઈ પત્રકારોની હાજરીનો કાર્યક્રમ ગોઠવી પહોંચી જાય છે. ન્યાય જાણે વળતરમાં સમાપ્ત થઈ જાય છે. વળતરના નાણાં લોકોના કરમાંથી અપાય છે અને જેની હત્યા થઈ હોય તે કુટુંબનો પોતાનો પણ એ વળતરના જાહેર નાણાંમાં ભાગ હોય છે.

દલિતોના ઘરે જમવાનો જેણે ઉત્તર પ્રદેશમાં કાર્યક્રમ ગોઠવ્યો અને તે ઘટનાને રાષ્ટ્રીય છાપાઓમાં ચગાવી તથા ઉજ્જૈનના કુંભમેળામાં દલિત સાધુઓને સ્નાન કરાવવા લઈ ગયેલા અમિત શાહની ગૌરવયાત્રાની મિટીંગ મળી ત્યાંથી જયેશનું ઘર માત્ર આઠ કિલોમીટર દૂર હતું પણ સ્વાભાવિક છે કે જયેશની હત્યા એ ગુજરાતના ગૌરવનો ભાગ ન હોઈ શકે એટલા કારણે તેમને ત્યાં જવાનું યોગ્ય નહિ લાગ્યું હોય. ખેર! પરંતુ તેમને પોતાની ગૌરવયાત્રાના ભાષણમાં પણ આ ગોઝારી ઘટનાનો ઉલ્લેખ કરવાનું પણ ન સૂઝ્યું. આ વિસ્તાર ગુજરાત કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીનો છે. તેમણે આ પ્રસંગે મુલાકાત લેવાનું ટાળ્યું હતું.

૧૯૮૦ના દાયકામાં ભાલના ગામડાંઓમાં દલિતો પરના અત્યાચારોને ઉજાગર કરવા એક નાટક શ્રેણી બનેલી તેનું નામ હતું; 'હવે ન સહેવાં પાપ'. આ

**દલિતોના ઘરે જમવાનો જેણે ઉત્તર પ્રદેશમાં કાર્યક્રમ ગોઠવ્યો અને તે ઘટનાને રાષ્ટ્રીય છાપાઓમાં ચગાવી તથા ઉજ્જૈનના કુંભમેળામાં દલિત સાધુઓને સ્નાન કરાવવા લઈ ગયેલા અમિત શાહની ગૌરવયાત્રાની મિટીંગ મળી ત્યાંથી જયેશનું ઘર માત્ર આઠ કિલોમીટર દૂર હતું પણ સ્વાભાવિક છે કે જયેશની હત્યા એ ગુજરાતના ગૌરવનો ભાગ ન હોઈ શકે એટલા કારણે તેમને ત્યાં જવાનું યોગ્ય નહિ લાગ્યું હોય.**

નાટકોમાંનું એક નાટક હતું 'ગીધડાં'. ઢોર મરે ત્યારે એને ચૂંથી ખાવા ગીધડાં તલપાપડ થઈ જાય તેમ દલિતની હત્યા પર રાજનીતિ કરવા જાણે ગીધડાં તૂટી પડે છે. આ અત્યાચારો ક્યારે અટકે તેની ગંભીર ચર્ચા વિધાનસભામાં થતી નથી કે દલિતોનો અલગ મતાધિકાર રદ્દ કરાવવા અને 'પૂના કરાર' દાખલ કરવા જેમ ગાંધી ઉપવાસ પર ઉતરેલા તેવા કોઈ ગાંધીજનો આવા પ્રસંગે ઉપવાસ પર ઉતર્યા હોય તેવા દાખલા પણ ઈતિહાસનાં પાને જડતા નથી.

કદાચ એવું પહેલી જ વાર બન્યું કે ભાદરણિયાના દલિતોએ સમાજ કલ્યાણ મંત્રીને વળતરનો ચૅક લઈને આવવા ઘસીને ના પાડી દીધી અને સંભળાવ્યું, "તમારા ઘરના પોતીકા પૈસા લઈને આવવાના હોય તો સુખેથી આપો; પણ સરકારી પૈસા હોય તો અમે કોઈ અધિકારીના હાથે સ્વીકારી લઈશું." ચૂંટણીના માહોલમાં હિંદુ ધાર્મિક સંગઠનો પણ ગામે પહોંચી ગયાં અને 'પોતે જયેશના અસ્થિ હરિદ્વારમાં પધરાવશે' એમ કહી અસ્થિ માંગ્યાં. દલિતોએ તેમને સમજાવ્યું કે તેમને મન તેમનું હરિદ્વાર તેમનું પોતાનું ગામ જ છે.

એક નવું મેં સગી આંખે નિહાળ્યું. ૨૦૦૦ની સાલમાં પણ ભાદરણિયાના દલિતોના ઘર પર ભારે હુમલો થયો હતો અને ત્યારે પટેલ અને ઠાકોર એક હતા. જયેશની સ્મશાનયાત્રામાં બધા જ ઠાકોર જોડાયા અને તેની ચિત્તામાં લાકડાં ગોઠવવાનું કામ ઠાકોર યુવાનો કરી રહ્યા હતા.

આ બધા પરિવર્તનથી રાજકીય ગીધડાંઓની પ્રજાતિ લુપ્ત થવાના આરે છે કે કેમ? તેવો સવાલ મનમાં પેદા થાય છે.

## જાતિના દાખલા માટે ધક્કા

એક ફેર જરૂર પડ્યો છે, જાતિના દાખલા કઢાવવા માટે કે સરકારી યોજનાના લાભ માટે લાંબી લાઈનો ક્યાંય નજરે ચઢતી નથી. જ્યારે સરકારી અધિકારી પાસે જાવ ત્યારે 'પૂર્તતા' બાકી છે તેવો ભારેખમ શબ્દ આ આદિવાસી અશિક્ષિત લોકોને સંભળાવવામાં આવે છે. છોટા ઉદેપુર તાલુકાના પલસંડા ગામે એક જુવાન ભાઈ મને એનો દીકરો ચીંધીને કહે, "એનો જાતિનો દાખલો એટલો મોડો મળ્યો કે આખું વર્ષ બગડ્યું. એને છાત્રાલયમાં મૂકવાનો હતો.

બીજા ભાઈ એમના કાગળો લઈ આવ્યા." રેશન કાર્ડમાં કુટુંબ મોટું થતાં વિભાજન કરાવવાનું છે. ત્રણ વર્ષથી ધક્કા ખાય છે અને ત્રણેક હજાર રૂપિયાનો ખર્ચ થયો છે પણ હજુ કામ પત્યું નથી.

ઘણી છોકરીઓના કિસ્સા પણ ધ્યાનમાં આવ્યા. દાખલા મળે નહિ અને શાળા શરૂ થઈ જાય પણ દાખલાના અભાવે બીજે પ્રવેશ ન મળે.

વિનામૂલ્યે છાત્રાલય પ્રવેશ માટે જાતિનો દાખલો જોઈએ જ. એટલે ઘણા શિક્ષકો માબાપની મદદે આવે છે. તરૂણીઓને પોતાના વાહન પર બેસાડી દાખલા કઢાવી આપવાના સત્કાર્યમાં બીજું અનૈતિક પણ બનવાની વાતો થાય છે.

## ગામડે ખેતમજૂરી હતી; અમદાવાદમાં રિક્ષા છે

શહેરમાં પોતાની તમામ સમસ્યાનો અંત આવી જશે તેવી ગળા સુધી તેમને ખાતરી ન હતી. પરંતુ મોટાભાગના લોકોને બે સમસ્યા પજવતી હતી. દાદાગીરીના તાબે હંમેશા થવું પડે તેવી અનિયમિત મળતી વેઠ-મજુરી અને ભેદભાવ. ડો. આંબેડકરનો સંદેશ પણ હતોઃ ગાંવ છોડો, શહર ચલો. વિકાસ કરી કોને આગળ વધવાની ઈચ્છા નથી હોતી? શહેરમાં આવ્યા બાદ શું ફરક પડ્યો? બળદેવભાઈ મોઢેરા ૨૦ વર્ષ પહેલાં પોતાનું વતન ધંધુકા તાલુકાનું કમિયાળા છોડી અમદાવાદના છેવાડે સરખેજ રહેવા આવ્યા. તેઓ કહે છેઃ 'અમારા જીવનધોરણમાં કંઈ ફેર પડ્યો નથી. ગામડામાં હતા ત્યારે ખેતમજુરી કરતાં હતા; અહીં રીક્ષા ચલાવીને ગુજરાન ચલાવીએ છીએ. ધંધો મળે તો ખાવી; નહીતર ભૂખ્યા રહીએ. સામાજિક રીતે ફરક પડ્યો છે; જ્ઞાતિ કોઈ પૂછતું નથી. રોજગારી ૨૦ વર્ષ પહેલા મળતી હતી તેટલીજ આજે મળે છે. ૨૦ વર્ષમાં પોતાનું મકાન નથી બનાવી શક્યા'.

(વજુભાઈ પરમાર; હરજીભાઈ અંજારા)

# "લડો તો જ મળે એવો કાયદો છે !"

(રમેશ વસાવા; સતિષ વસાવા)

ભચરવાળા; તાલુકા નાંદોદ નર્મદા જિલ્લો, ૧૨ ઑક્ટોબર, ૨૦૧૭

વસાવા ફળિયામાં પચીસેક વસાવા આદિવાસી ભાઈ-બહેનો બેઠાં છે. સૌથી વધુ ભણેલો યુવાન ૧૨મું પાસ છે અને આધાર કાર્ડની કચેરીમાં કૉન્ટ્રાક્ટ લેબર તરીકે કામ કરે છે. તેને મહિને ૭૫૦૦ રૂપિયા મળે છે પણ છેલ્લા ત્રણ મહિનાથી પગાર મળ્યો નથી.

સૌથી વધુ યુવતી ૧૨મુ ભણેલી છે અને તે મધ્યાહ્ન ભોજનમાં સંચાલિકા છે. તેને મહિને ૧૬૦૦ રૂપિયા પગાર મળે છે પણ છેલ્લા આઠ મહિનાનો પગાર બાકી છે. ૧ થી ૫ ધોરણની શાળા છે. એક શિક્ષક પંદર દિવસે એકવાર નિશાળે આવે છે. બાળકોને આ વર્ષની શિષ્યવૃતિ મળી નથી. પીવાનાં પાણી માટે બોર છે. હમણાં જ બોર બગડ્યો. પંચાયતે પૈસા ન આપ્યા અને પાણી વગર તકલીફ ઘણી પડી એટલે લોકોએ આઠેક હજારનો ફાળો કરી બોરનું સમારકામ કરાવ્યું. નાંદોદ તાલુકાને ૧૦૦% શૌચાલય બનાવવા માટે સરકારી ઈનામ મળ્યું છે. વસાવા ફળિયામાં ૬૫ શૌચાલય બન્યાં છે પણ વાપરવાલાયક નથી. ઈંદિરા આવાસ યોજનામાં રૂપિયા ૩૫,૦૦૦ સરકારી સહાય મળે છે અને શૌચાલયનું બાંધકામ આવાસનો ભાગ છે. અહીંયા ૩૭ આવાસ બન્યા છે પણ એકેયમાં શૌચાલય નથી, કારણ બધા આવાસ સરકારી કૉન્ટ્રાક્ટરે બાંધ્યા છે. આવાસમાં ૧૭ થેલી સિમેન્ટ



અને ૩૫,૦૦ ઈંટો વપરાઈ છે. લાભાર્થી પોતાનું ઘર જાતે બાંધવા માંગે તો એના પર ભારે તવાઈ આવે. બધી શરતનું પાલન તો કરવાનું જ અને છતાંય છેલ્લો હપ્તો ચુકવાતો નથી એટલે લોકો પાસે બે રસ્તા છેઃ શેતાનના શરણે થાવ અથવા ઊંડા દરિયામાં કૂદો.

હવે બીજા ૪૩ શૌચાલય મંજૂર થયાં છે. વાંધો એ છે કે ચૂંટણી કમિશ્નરે ચૂંટણીની તારીખ જાહેર કરી જ નથી છતાંય અહીંયા સરકારી અધિકારી બીક બતાવે છે કે આચારસંહિતા લાગુ પડી જશે, પછી પૈસા આપી નહિ શકાય ! અમદાવાદ શહેરમાં કરોડોનું બજેટ ૧૦ મિનિટમાં આડેધડ મંજૂર થઈ ગયું પણ આ ગામ અમદાવાદ નથી. કારણ કે અહીં કોઈ વિરોધ કરનાર નથી.

આ ગામે ખેતમજૂરીમાં વેતન રોજના ૭૦ આપતા હતા. નવસર્જને આંદોલન કરેલું. સ્થાનિક આગેવાન મોહનભાઈની પોલીસે આંદોલન માટે ૨૪ કલાક અટકાયત કરેલી પણ લોકવિરોધ પ્રબળ થયો એટલે હવે ૧૫૦ રૂપિયા ચૂકવાય છે. આંદોલનની અસર બાજુના ગામમાં નથી એટલે ત્યાં આજે પણ દિવસની મજૂરી ૭૫ રૂપિયા જ મળે છે. આંદોલનની આડઅસર એ છે કે હવે સ્થાનિક લોકોને મહિને માંડ ૩ દિવસ મજૂરી મળે છે. ખેડૂતો વધારે પૈસા આપવા પડે તે આપીને પણ સ્થાનિક લોકોને દબાવવા બહારથી મજૂર લાવે છે.

દસ-અગિયાર વર્ષ પહેલાં દિનેશ શિવલાલ પટેલે ૩૧ આદિવાસી લોકોને સરકારી સહાયમાં ભેંસ અપાવેલી. લોકો લેવા માંગતા ન હતા અને એમને એ પણ ખબર ન હતી કે ભેંસ લોન પર મળેલી છે. અંગુઠાથી કામ થઈ ગયું. લોકો એ દોઢ વર્ષ સુધી પટેલને દૂધ આપી ૧૮,૦૦૦ રૂપિયા વસૂલ કરી દીધા. હવે પાંચ વર્ષ પછી લોકઅદાલતની નોટિસ આવી છે કે વ્યાજસહિત ભેંસની લોન તમારી બાકી બોલે છે. સરકારી યોજનામાં સહાય લાભાર્થીના ખાતામાં સીધી દાખલ કરવાનો નિયમ છે પણ અહીં તો બધા નિયમ નેવે મુકાયા છે. સરકારથી લોકો ડરે છે એટલે નવ કુટુંબોએ ઉછીના પૈસા લઈ સરકારી લોન ભરી દીધી.

ખેતીની જમીન કોઈની પાસે નથી. તેનું મને ભારે આશ્ચર્ય થયું. ખબર પડી કે થોડા કિલો કોદરામાં લોકોની જમીનો પટેલોને વેચાઈ ગઈ છે. આદિવાસીની જમીન બિનઆદિવાસીને વેચી ન શકાય તેવો નિયમ હોવા છતાં આમ થયું છે. એક યુવાન જમીન વેચાણનો દસ્તાવેજ મને બતાવે છે. ૧૯૩૩ની સાલમાં તેના દાદાએ પટેલને જમીન વેચી છે. વેચાણ દસ્તાવેજ ગુજરાત સરકારના પાંચ રૂપિયાના સ્ટેમ્પ પેપર પર થયો છે. ગુજરાતની રચના ૧૯૬૦માં થઈ. સ્ટેમ્પ પેપરનું વેચાણ ૧૯૭૫માં થયું છે અને તેના પર ૧૯૩૩નું વેચાણ નોંધાયું છે. સરકારી સિક્કો મારેલો છે પણ અડધા ભાગનો, એટલે કોઈને ખબર ન પડે કે કઈ કચેરીનો સિક્કો છે.

આવા હજારો ગેરકાયદે જમીન વેચાણ ગામેગામ છે પણ એમાં ભાજપ કે કોંગ્રેસને રસ નહી પડે ! આ ગામે કેરોસીન મળતું ન હતું એનુંય આંદોલન થયેલું. હસતાં હસતાં એક બહેન કહે છેઃ "લડો તો જ મળે એવો કાયદો છે !"

# સ્વચ્છતા મિશનનો વહીવટ પારદર્શક છે. શૌચાલયની હાલત નજરે જોઈ શકાય છે અને ચોપડે ઉધારેલો ખર્ચ પણ!

(રમેશ વસાવા; સતીષ વસાવા)

સોડાપાડા; તા. ડેડીયાપાડા. ૧૨ ઑક્ટોબર, ૨૦૧૭.

વસાવા આદિવાસીનું આ 'ટેકરાવાળું ફળિયું' તરીકે ઓળખાય છે. શૌચાલય અહીંયા બની ગયાં છે, પણ એકેય વપરાશમાં નથી. કોઈનાં બારણાં તૂટ્યાં છે તો કોઈનાં શૌચાલય.

લક્ષ્યાંક પાર પાડવા શૌચાલયોને જૂના ગોબર ગૅસના કૂવા સાથે જોડી દેવામાં આવ્યાં છે. યોજના ૧૨,૦૦૦ રૂપિયાની છે પણ બધાં શૌચાલય સરકારી કૉન્ટ્રાક્ટરે ઊભા કરી દીધાં છે. નિયમ અને અસરકારકતા માટે મળ એકત્ર કરવાનો ખાડો એક મીટર પહોળો-ઊંડો હોવો જોઈએ પણ અહીં તો ખાડો માંડ દોઢ ફૂટ પહોળો-ઊંડો છે !

કૉન્ટ્રાક્ટરે ત્રણ થેલી સસ્તી સિમેન્ટ અને ૬૫૦ ઈંટો વાપરી છે. ખાડા ખોદવાની મજૂરી લોકોએ કરી છે એટલે જેણે ઊંડા ખોદ્યા તેને ૨,૨૦૦ રૂપિયા અને થોડા ખોદ્યા તેને ૧,૨૦૦ રૂપિયા ચૂકવાયા છે. શૌચાલયને અડીને પાણીની ટાંકી બનાવેલી છે પણ એના ચણતરના સાંધા શૌચાલયની દીવાલ સાથે જોડ્યા જ નથી એટલે ટાંકીની દીવાલ શૌચાલયથી જૂદી પડી ગઈ છે. ટૂંકમાં, આખું શૌચાલય માંડ ૩,૦૦૦ રૂપિયામાં તૈયાર થઈ ગયું છે, જેનો કાયદેસરનો ખર્ચ સરકારી ચોપડે ૧૨,૦૦૦ રૂપિયાનો પડ્યો છે !

સ્વચ્છતા મિશનનો વહીવટ પારદર્શક છે. શૌચાલયની હાલત નજરે જોઈ શકાય છે અને ચોપડે ઉધારેલો ખર્ચ પણ!

વધુ ભણેલી યુવતી ૧૨ ધોરણથી આગળ ભણી નથી. થોડા મહિના વડોદરાના કૉલ સેન્ટરમાં કામ કર્યા બાદ ઘરે બેઠી છે.



લોકો સાથે વાત કરી તેમાં આક્રોશ નથી પણ જે ચાલી રહ્યું છે તેની પેટ પકડીને હસાવે તેવી ભારે રમૂજ થઈ રહી છે. કાંઈ બદલાઈ શકે એવો કોઈને ભરોસો નથી.

સરકારી યોજનામાં શું મળ્યું? તેવા પ્રશ્નનો ગામેગામ એક જ જવાબ મળે છે, 'ઈંદિરા આવાસ યોજના'. ભાજપ અને કૉંગ્રેસ સરકાર વચ્ચે ફરક શું ? એવું પૂછતાં લોકો કહે છેઃ "કૉંગ્રેસના રાજમાં ગરીબોને થોડું મળતું હતું. અત્યારે ખાલી વાતો છે!"

ખેતમજૂરી દિવસના ૧૦૦ રૂપિયા મળે છે. પહેલાં ૭૦ રૂપિયા મળતા હતા. સૂકી ખેતી છે. દિવાળી પછી ખભે કુહાડી લઈ લાકડા કાપવાની મજૂરી માટે જુવાનિયા અંકલેશ્વરની ફૅક્ટરીમાં સ્થળાંતર કરશે. ફૅક્ટરીમાં દિવસના ૩૦૦ રૂપિયા મળે તેમાંથી રહેવાના અને ખાવાના પૈસા કાઢવાના.

બાજુમાં એક જુવાનિયો ખાટલે છે. ઉપર દોરડું બાંધેલું છે તેનો તે વારંવાર ટેકો લે છે. એને ગંભીર બીમારી લાગુ પડી છે, તે જોઈ શકાય છે. એનું વજન છેલ્લા થોડા મહિનાઓમાં ૧૪ કિલો ઘટી ગયું છે.

દવાખાનામાં કોઈને વિશ્વાસ નથી તેના મૂળમાં નાણાંની અછતનો વિકટ પ્રશ્ન પણ છે. થોડા છોકરા બેઠા છે તે પોતાની ઓળખ '૧૦ ફેલ' તરીકે આપે છે અને તે ઓળખમાં આજુબાજુ બેઠેલા હસે છે !

# રિક્ષા રેલી



(વજુભાઈ પરમાર; હરજીભાઈ અંજારા)

કાનજીભાઈ દશક્રોઈ તાલુકાના નારીમાનપુરાના વતની. હાઉસિંગ બોર્ડમાં નોકરી કરતા હતા. ૨૫ વર્ષથી સરખેજ રહે છે. પોતાનું ઘર છે પણ ઘરમાં પાણીની લાઈન હજુ આવી નથી.

શૌચાલય ખાળકુવા સાથે જોડેલા છે. બહાર વિકાસ ઝડપી થાય તે માટે હાઈ-વે બન્યો છે પણ તેમના વિસ્તારમાં સ્ટ્રીટ-લાઈટ ૭ વર્ષથી બંધ છે. ચોમાસામાં જાહેર રસ્તે ખાડા પડે તો સરકારને તેના અગત્યના

**ઘર દીઠ મહીને ૪૦૦ રૂપિયા મળે અને આવા ચાર-પાંચ ઘરનું કામ મળી રહે એટલે 'ઘર' ચાલે છે**

કામમાં હેરાન કરવાના બદલે લોકો પોતે શ્રમદાનથી પૂરે છે. બાળકોને અન્ય વિકલ્પ ન હોઈ ખાનગી શાળામાંજ ભણાવવા પડે છે. આ વિસ્તારની સ્ત્રીઓને રોજગારીની ભરપુર તક મળે છે.

વિકસિત વિસ્તારના ફાલતાં-ફુલતાં બંગલામાં કચરા-પોતું કરવાનું કામ મળી રહે છે. દરેક ઘરમાંથી એક-બે સ્ત્રી આ કામ માટે સવારે નીકળી પડે છે. ઘર દીઠ મહીને ૪૦૦ રૂપિયા મળે અને આવા ચાર-પાંચ ઘરનું કામ મળી રહે એટલે 'ઘર' ચાલે છે. સવારે આ વિસ્તારમાંથી બહેનોને કચરા-પોતા માટે લાવવા-લઈ જવાની સેવામાં લગભગ ૭૦ રિક્ષા કામમાં લાગેલી જોવા મળે છે; જાણે રિક્ષા-રેલી નીકળી હોય. બધા પાસે પાકા બે રૂમના મકાન જોવા મળે. મકાન-સર્જન પાછળનો ટૂંકો ઈતિહાસ માત્ર એટલો છે કે લોકોને એવું સમજાયું કે ખાસ રળી ન આપતી જમીન વેચી મકાન કરી લેવું સારું.

## સરકારનો વિકાસ એકલબેન સુધી પહોંચ્યો નથી

(મંજુલાબેન મકવાણા અને ડાહ્યાભાઈ દાફડા)

રાજકોટ જીલ્લાના જસદણ તાલુકાના કાળાસર ગામે સુમિત્રાબેન મધદરીયે એકલપંડે પોતાનું વહાણ હંકારી રહ્યા છે.



પાંત્રીસેક વર્ષની ઉમર માંડ થઈ છે અને વર્ષ પહેલા પતિનું મરણ થયું. પોતાને ત્રણ સંતાન છે. ૧૪ વર્ષની દીકરી નવમું ભણે છે અને બે દીકરા પાંચ અને છઠ્ઠા ધોરણમાં છે. સાસુમા વિધવા છે અને પાકટ ઉમરે પહોચ્યા છે. એક દિયર છે જે આંખે જોઈ શકતો નથી ને શરીરે સંપૂર્ણપણે વિકલાંગ છે. છૂટક મજુરી તે સુમિત્રાબેન માટે પોતાના છ સભ્યોવાળા કુટુંબનું ભરણપોષણ કરવાનો એકમાત્ર આધાર છે. સુમિત્રાબેન કે એમના સાસુને વિધવા સહાય મળી નથી. સુમિત્રાબેન કહે છે, 'વિકાસ હજુ અમારા જેવી એકલનારી સુધી પહોંચ્યો નથી અને ક્યારેય પહોંચશે પણ નહી.'

# નાત-જાતમાંથી મુક્તિ એટલે વિકાસ

(મોહનભાઈ પરમાર અને કલ્પેશ આસોડીયા)

'અલગ' રાષ્ટ્રની માંગણી 'રાજદ્રોહ' જેવા ગંભીર ગુનાના કેસમાં પરિણમે છે. દલિતોએ ભારતના ભાગલા સમયે અલગ રાષ્ટ્ર ન માંગ્યું હોવા છતાં ભારતના દરેક ગામમાં તેમના ઘર-સ્મશાન-કુવા-ધર્મસ્થાન 'અલગ' હોવાને નાતે તેઓ દરેક ગામમાં 'અલગ' રાષ્ટ્રમાં રહેતાં હોય તેવો અનુભવ કરે છે. હવે અલગતાનો આ રોગ મોટા શહેરોમાં

**દલિતોએ ભારતના ભાગલા સમયે અલગ રાષ્ટ્ર ન માંગ્યું હોવા છતાં ભારતના દરેક ગામમાં તેમના ઘર-સ્મશાન-કુવા-ધર્મસ્થાન 'અલગ' હોવાને નાતે તેઓ દરેક ગામમાં 'અલગ' રાષ્ટ્રમાં રહેતાં હોય તેવો અનુભવ કરે છે.**

પણ ફેલાતો જોવા મળે છે જ્યાં જ્ઞાતિના ધોરણે મકાન વેચાણ-ભાડેના વ્યવહાર થતાં જોવા મળે છે. આ 'અલગાવવાદી' વાતાવરણ સ્વતંત્રતાના સાતમાં દાયકે પાતળું પડવાને બદલે મજબુત બનતું ચાલ્યું હોય તો એ સરકારની નિષ્ફળતા છે. કારણ 'રાષ્ટ્ર ઘડતર'ના કામને એ વિકાસ સાથે સાંકળતી નથી.

બનાસકાંઠાના ધાડા ગામેથી દલિતોએ ૨૦૦૯માં હિજરત કરી. એજ પ્રમાણે આજ જીલ્લાના બુકણા ગામેથી ૨૦૦૭માં અને ભડથ ગામેથી દલિતોએ ૧૯૯૯માં હિજરત કરી હતી. હિજરત કર્યા બાદ, જન્મભૂમી અને જ્યાં પેદા થયાં-ધૂળમાં આળોટી મોટા થયા એ વતન માનસિક યાતના સાથે છોડ્યા બાદનો તમારો અનુભવ કેવો છે તેવું પૂછતાં જવાબ મળ્યા તે દેશની 'મજબુત રાષ્ટ્ર' બનવાની ઈચ્છા માટે ચિંતાજનક છે. વધુમાં આ જવાબો 'વિકાસ' ની અત્યારની સાંકડી વ્યાખ્યા સામે પડકાર ફેંકે છે.

હિજરત બાદ નવા વતનમાં દલિતોની નવી પેઢી



મોકળાશ અનુભવે છે.

'ડર-મુક્ત બન્યા; પાકા મકાનો રહેણાકમાં થયાં; વેઠમાંથી મુક્તિ મળી, સ્વતંત્રતાનો અનુભવ થયો; રોજગારી મળી; સલામતી મળી; સંઘર્ષ કર્યો પણ અંતે સ્વમાનભેર જીવતા થયાં; કાયદાકીય આવડત મળી, આગેવાની ઉભી કરી શક્યા; શિક્ષણનું પ્રમાણ વધ્યું; મહિલાઓ સ્વમાનભેર જીવી શકે છે; મેઘમાહ્યા; ડો. આંબેડકર ની વાતોથી પ્રભાવિત થયા' આ જવાબો હતા હિજરત બાદ નવા વતનની ભૂમિ પરથી.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે એવા દેશની કલ્પના કરેલી, 'જ્યાં હું ઉન્નત મસ્તકે જીવી શકું'. 'વિકાસ' ને એક-બે ને સાડા ત્રણ લોકો માટે ભૌતિક સગવડો ઉભી કરવામાં ખતવી દેવાના ગંભીર પરિણામો આવી શકે છે. 'બહુજન હિતાય બહુજન સુખાય' એ ભારતની મૂળ સંસ્કૃતિ છે.

# અનામત રદ કરવાના કારસ્તાન

**(માર્ટિન મેકવાન)**
**(પ્રોફ. સુખદેવ થોરાતના લખાણને આધારે)**

આભડછેટ નાબુદ કરવાની બુમ કરતાં અનામત નાબુદ કરવાની બુમ વધારે મોટેથી સંભળાય છે. આર.એસ. એસ. છાસવારે અનામત અંગે

> **અનામત નીતિના કારણે ગરીબી પર ધારી અસર નીપજી ન શકવાનું કારણ અનામત નથી પરંતુ અનામત નીતિનો પાંગળો અમલ થઈ રહ્યો છે તે બાબત જવાબદાર છે.**

પુનર્વિચાર થવો જોઈએ તેવો મુદ્દો એકથી વધુ વખત ઉઠાવી ચુક્યું છે. અનામત જ્ઞાતિ આધારિત છે તે સાચું છે પણ દલિતોમાં અનામતના લાભાર્થી માત્ર હિંદુ, શીખ અને નવ-બૌદ્ધો જ છે તે પણ સાચું. એટલે અનામતના લાભાર્થી બહુમતી હિંદુ જ હોય તો પછી હિંદુ હિતને વરેલ આર.એસ.એસ. ને અનામત સામે વાંધો શો હોઈ શકે?

અનામતના સંદર્ભમાં માંગ ઉઠી છે કે 'જ્ઞાતિ'નો માપદંડ કાઢી તેના સ્થાને 'આર્થિક માપદંડ' દાખલ કરવામાં આવે. અનામત વિષે એવા દાવા રજુ કરવામાં આવે છે કે અનામતથી દલિત-આદિવાસીને બહુ લાભ થયો નથી. અનામતનો લાભ આર્થિક રીતે સુખી દલિત-આદિવાસીજ ભોગવી રહ્યા છે તેવી વાત પણ વહેતી થઈ છે. અનામત નીતિના કારણે તંત્રમાં અકુશળતા આવે છે તેવી જૂની પીપુડી વાગે છે. છેલ્લે એવી માંગ ઉઠાવવામાં આવી રહી છે કે અનામતની મર્યાદા બાંધવી જોઈએ. આ બધા દાવા પાછળની માહિતીને તપાસવાની જરૂર છે.

દલિતોમાં ગરીબીનું વધુ પ્રમાણ ચાલુ રહ્યું છે તે હકીકત હોવા છતાં એમ કહેવું કે અનામતથી ગરીબી દુર નથી થતી માટે અનામતને બદલે ગરીબ તરફી નીતિથી વધારે ફરક પડી શકે તેવું માનવું કેટલા અંશે




વાજબી છે? અનામત નીતિના કારણે ગરીબી પર ધારી અસર નીપજી ન શકવાનું કારણ અનામત નથી પરંતુ અનામત નીતિનો પાંગળો અમલ થઈ રહ્યો છે તે બાબત જવાબદાર છે.

દલિતોની વસ્તીના પ્રમાણમાં અનામતની નોકરી અમલમાં હોવાનું પ્રાથમિક રીતે જણાઈ રહ્યું છે પરંતુ જે આંખે દેખાય છે તે સાચું હોતું નથી. સરકારી નોકરીમાં જે દલિતોને નોકરી મળી છે તેમાંથી કાયમી કેટલા અને હંગામી કેટલા તેના આંકડા તપાસીએ તો સાચું ચિત્ર બહાર આવે.

ભારતમાં ૨૦૦૪-૦૫ની સાલમાં ખેતી ક્ષેત્રે સંકળાયેલા ન હોય તેવા ૯ કરોડ ૪ લાખ અને ૮૧ હજાર બાંધી આવક ધરાવતા કારીગરો હતા. તેમાંથી સરકારી અને ખાનગી નોકરીમાં સંકડાએલા દલિતો ૧ કરોડ ૧૪ લાખ ૫૪ હજાર હતા. પણ સરકારી અને ખાનગી નોકરીમાં પણ બે ભાગ પડે છે; કાયમી નોકરી અને હંગામી નોકરી.

૨૦૦૪-૦૫ ની સાલમાં કુલ ૪૦ લાખ ૭૧ હજાર દલિતો સરકારી નોકરીમાં હતા. આમાંના ૬૫.૨ ટકા કર્મચારી કાયમી હતા અને ૩૪.૮ ટકા હંગામી હતા. ૨૦૧૧-૧૨ની સાલમાં આ ચિત્ર બદલાએલું જોવા મળે છે. સરકારી નોકરીમાં

> **અનામતનો લાભ ગરીબ દલિતોને વધુ મળ્યો છે. જે લોકો વધુ ભણ્યા છે તે પણ પૈસાપાત્ર હતા માટે ભણ્યા તેવું માની ન શકાય.**

વધીને ૪૫ લાખ ૪૧ હજાર દલિતો થાય છે પરંતુ અગાઉ જે ૬૫.૨ ટકા કાયમી હતા તેની ટકાવારી ઘટીને ૫૬.૯ ટકા થઈ છે. હંગામી નોકરીનું પ્રમાણ વધીને સાત જ વર્ષમાં ૩૪.૮ ટકાથી વધીને ૪૩.૧ ટકા થયું છે.

૨૦૦૪-૦૫ ની સાલમાં ખાનગી નોકરીમાં દલિતોનું પ્રમાણ ૭૩ લાખ ૮૩ હજાર હતું પરંતુ તેમાંથી કાયમી નોકરીમાં માત્ર ૭.૨ ટકા જયારે હંગામી નોકરીમાં ૯૨.૮ ટકા લોકો હતા. સાત વર્ષના સમય બાદ ખાનગી નોકરીમાં દલિતો વધીને ૯૪ લાખ ૨૯ હજાર થયા છે પરંતુ હંગામી નોકરીની ટકાવારી ૯૨.૮ ટકાથી વધી ૯૩.૨ ટકા થઈ છે. એટલે કે અનામતમાં હવે કાયમી નોકરીના બદલે હંગામી નોકરી વધી રહી છે. આ થવાના કારણે નોકરીની આવકમાં ફરક પડે ખરો? માટે અનામતના કારણે ગરીબી ઘટી ન હોય તેનું કારણ ઓછા પગારવાળી હંગામી સરકારી નોકરીઓ અને ખાનગી ક્ષેત્રમાં કાયમી નોકરીમાંથી દલિતોની બાદબાકી તે જવાબદાર છે.

અનામતનો ફાયદો ગરીબોને મળ્યો નથી તેવી વાતના આંકડા પણ તપાસવાની જરૂર છે.

કેન્દ્ર સરકારની જાહેર સેવામાં ૨૦૦૪ ની સાલમાં ૮ લાખ ૬૭ હજાર ૭૩૨ દલિતો હતા. આ નોકરીના ચાર વર્ગ છે 'એ' 'બી' 'સી' અને 'ડી'. તેમાં જોઈએ તો સૌથી ઓછા પગારવાળી 'સી' અને 'ડી' વર્ગની નોકરીમાં ૮૭.૮ લોકો જયારે વધારે પગારવાળી 'એ' અને 'બી' વર્ગની નોકરીમાં માત્ર ૧૨.૨ ટકા દલિતો હતા. ૨૦૧૧ની સાલમાં દલિતોનું પ્રમાણ 'એ' અને 'બી' વર્ગની નોકરીમાં વધીને ૧૯.૨ ટકા થયું છે. આ નોકરીમાં રોકાએલા લોકો કેટલું ભણી શક્યા છે તેના આધારે તેમની આર્થિક સ્થિતિનો અંદાજ મળી શકે.

૨૦૧૧-૧૨ના આંકડા જોતાં જણાય છે કે ઉપર જણાવેલી કેન્દ્ર સરકારની નોકરીમાં રહેલા ૯ ટકા દલિતો પાસે અક્ષરજ્ઞાન ન હતું. બીજા ૪ ટકા દલિતો એવા હતા કે જેમનું ભણતર પ્રાથમિક કરતાં ઓછું હતું. બીજા ૫.૭ ટકા દલિતો પ્રાથમિક ભણતર પૂરું

> **આર્થિક રીતે સંપન્ન દલિત ઉમેદવારને કલ્યાણકારી યોજનામાં આર્થિક લાભ ન મળે તે એક યોગ્ય સવાલ છે પરંતુ તેમને અનામતની રોજગારીમાંથી હટાવી દેવા તે વાત કેટલે અંશે યોગ્ય છે? સરકારી નોકરીમાં તમામ સુખી સંપન્ન વર્ગના લોકોને હટાવી દેવા તેમાં સંમત કેટલા?**

કરેલા હતા. ૧૧.૨ ટકા દલિતો માધ્યમિક; ૧૮.૧ ટકા દલિતો સેકન્ડરી અને ૧૫.૩ ટકા ઉચ્ચતર માધ્યમિક ભણતર મેળવેલ હતા. ડીપ્લોમાં અભ્યાસક્રમ પૂરો કરેલા ૪ ટકા હતા. ૩૨.૬ ટકા દલિતો સ્નાતક કક્ષા અને તેનાથી વધુ ભણેલા હતા. એટલે કે અનામતનો લાભ ગરીબ દલિતોને વધુ મળ્યો છે. જે લોકો વધુ ભણ્યા છે તે પણ પૈસાપાત્ર હતા માટે ભણ્યા તેવું માની ન શકાય. સરકારી યોજનાના વત્તાઓછા અંશે ભણી શક્યા તે પણ ગણતરીમાં લેવું જોઈએ. માત્ર ભણતરને આધારે આર્થિક સ્થિતિ અંગે અનુમાન લગાવવાનું કોઈને સ્વીકાર્ય ન હોય તો આપણે જે ગ્રામીણ વિસ્તારના લોકો કેન્દ્ર સરકારની નોકરીમાં છે તેમની પાસે ખેતીની જમીન કેટલી છે તે તપાસીએ. અક્ષરજ્ઞાન ન ધરાવતા અને પ્રાથમિકથી ઓછું ભણેલા દલિતોના ૮૯ ટકા પાસે અડધા હેક્ટરથી ઓછી જમીન હતી. પ્રાથમિક અને માધ્યમિક ભણેલા કર્મચારીના ૭૬ ટકા લોકો પાસે અડધા હેક્ટરથી ઓછી જમીન હતી. સેકન્ડરી, ઉચ્ચતર માધ્યમિક અને ડીપ્લોમાં ધારક કર્મચારીઓના ૮૦ ટકા લોકો પાસે અડધા હેક્ટરથી ઓછી જમીન હતી અને સ્નાતક કક્ષાથી વધુ ભણેલા કર્મચારીઓના ૮૦.૭ ટકા લોકો પાસે અડધા હેક્ટરથી ઓછી જમીન હતી.

વધુમાં જોઈએ તો ૨૦૧૧-૧૨માં ૮૭.૩ ટકા કેન્દ્ર સરકારના કર્મચારીઓ એવા છે જેમની પાસે ૧ હેક્ટર કરતાં ઓછી જમીન હતી. ગ્રામીણ વિતારમાં રહેતાં દલિતો પાસે

> **અનામતમાં હવે કાયમી નોકરીના બદલે હંગામી નોકરી વધી રહી છે. આ થવાના કારણે નોકરીની આવકમાં ફરક પડે ખરો? માટે અનામતના કારણે ગરીબી ઘટી ન હોય તેનું કારણ ઓછા પગારવાળી હંગામી સરકારી નોકરીઓ અને ખાનગી ક્ષેત્રમાં કાયમી નોકરીમાંથી દલિતોની બાદબાકી તે જવાબદાર છે.**

ખેતીની કેટલી જમીન છે તો તેનો આંકડો પણ મળતો આવે છે. ૮૮.૮ ટકા લોકો પાસે જમીન એક હેક્ટર કરતાં ઓછી છે. એટલે અનામતનો લાભ મહદઅંશે દલીતમાં ગરીબને મળ્યો છે તેમાં શંકા નથી.

અનામતનો માપદંડ 'જ્ઞાતિ' ને બદલે 'આર્થિક' કરવા પાછળની માંગણીમાં સમજણનો અભાવ છે. ભેદભાવ અને આભડછેટ ગરીબ-તવંગરના ભેદ સિવાય તમામ દલિત સાથે પળાય છે. બીજો અગત્યનો સવાલ એ છે કે દલિત ઉમેદવાર આર્થિક રીતે સદ્ધર હોય તો તેટલા માત્રથી અનામતમાં તેને કોઈપણ પ્રકારના ભેદભાવનો સામનો નહિ કરવો પડે એ શક્ય છે ખરું? આર્થિક રીતે સંપન્ન દલિત ઉમેદવારને કલ્યાણકારી યોજનામાં આર્થિક લાભ ન મળે તે એક યોગ્ય સવાલ છે પરંતુ તેમને અનામતની રોજગારીમાંથી હટાવી દેવા તે વાત કેટલે અંશે યોગ્ય છે? સરકારી નોકરીમાં તમામ સુખી સંપન્ન વર્ગના લોકોને હટાવી દેવા તેમાં સંમત કેટલા?

છેલ્લે એવો સવાલ પુછાય છે કે અનામત ક્યાં સુધી ? દલિતો પર અત્યાચાર કેટલા થાય છે તેના આંકડા જગજાહેર છે. ભારતમાં અન્ય સમાજની સરખામણીમાં દલિતોમાં પોતાના સ્વતંત્ર ધંધાનું પ્રમાણ ખાસ્સું ઓછું એટલે કે ૧૦ ટકા જ છે.

ધંધાની હરીફાઈમાં પોતાનો માલ વેચવા બિનદલિત વેપારી દલિતની જ્ઞાતિનો પ્રચાર કરી તેનો માલ ન વેચાય તેવા પ્રયત્નો કરે છે. નાત-જાતની વ્યવસ્થા ક્યાં સુધી ચાલશે તે પ્રશ્નમાંજ અનામત ક્યાં સુધી તેનો જવાબ સમાએલો છે.

# વિકાસની નહી પરંતુ રોટલાની શોધમાં નીકળ્યા છે

**(કુલદીપ બૌદ્ધ, ઉરઈ, ઉત્તરપ્રદેશ)**

ઉત્તરપ્રદેશના જાલૌન જીલ્લાના મુખ્યમથક ઉરઈ ખાતે રાતનું અંધારું જામે તેમ તેમ રસ્તા પર ખાનગી બસના ખડકલા થવા માંડે છે. 'શતાબ્દી ટ્રાવેલ્સ', સહારા ટ્રાવેલ્સ', 'કમલા ટ્રાવેલ્સ', 'હંસ ટ્રાવેલ્સ' જેવા પાટિયાં બસ પર લાગેલા જોવા મળે છે. અહિયાંથી કોઈની જાન જવાની નથી. આ બધી બસ ગુજરાત રાજયના સુરત અને અમદાવાદ જવા માટે ઉભી છે. અહીંયાથી ગુજરાત આવવા એકમાત્ર સીધી ટ્રેઈન 'સાબરમતી એક્સપ્રેસ' છે અને તે ગુજરાત જવા મથતા તમામ મુસાફરોનો ભાર વેંઢારી શકે તેમ નથી. બધી બસમાં ભરાતા મુસાફરો 'ખુશ્બુ ગુજરાત કી' થી પ્રેરાઈને પ્રવાસે ઉપડવાના નથી. આ બધા મજુરો છે અને તે વિકાસની નહીં પરંતુ રોટલાની શોધમાં નીકળ્યા છે. અહીંથી રોજની ૩૦-૩૫ ખાનગી બસો ઉપડે છે. ભીડ ઘણી હોઈ બસમાં ૮૦-૯૦ લોકો ભરે છે. ૮૦૦ રૂપિયા ભાડું વસુલે છે. ૧૦૩૫ કિલોમીટરની મુસાફરી કરી મજૂરોની આ ફોજ સુરત, અમદાવાદ, રાજકોટ ઠલવાય છે.



આ વિસ્તાર એટલે બુંદેલખંડ. ઉત્તરપ્રદેશના ૭ અને મધ્યપ્રદેશના ૫ જીલ્લાનો આ પ્રદેશ ભારતમાં અત્યંત ગરીબ ગણાય છે. દર વર્ષે ટી.વી.ના પડદે સ્થાનિક લોકોને રોટલાની શોધમાં સ્થળાંતર કરતાં બતાવાય છે અને સરકારી વાયદા બતાવાય પણ સ્થળાંતર કરતાં લોકોને એ જોવાનો સમય નથી ને ઘરમાં ટી.વી. પણ નથી. ઘરડાં લોકોને ઢોર સાચવવાની જવાબદારી સોંપાય છે. ઘરડા લોકો એકલા કઈ રીતે પોતાનું ભરણપોષણ કરશે તેની ચિંતા તો ખરી જ. પ્રખ્યાત ડાકુ-રાણી ફૂલનદેવી નો આ વિસ્તાર.



દશેરા પછી જાલૌન જીલ્લાના રામપુર તાલુકાના કોતર વિસ્તારના ગામો મુલ્લે કે પુરા, સિદ્ધપુરા, હુકુમપુરા, વિલ્લોડ સંપૂર્ણ ખાલી થઈ ગયા છે. મમતા દેવી અને રવિન્દ્રકુમાર કહે છે કે ગામમાં કામ જ નથી તો બાળકોના પેટ કઈ રીતે ભરીએ? ઘરમાં માં-બાપ અત્યંત ઘરડાં છે અને ઢોર તથા જમીન સાચવવાની કડાકુટમાં ઘરમાંથી થોડા મજૂરીએ નીકળી ગયા છે અને થોડાએ ઘરે રહેવું પડે એમ છે. કુટુંબ વેરવિખેર થઈ ગયું છે.

આ વિસ્તારમાં ખેડૂતો આત્મહત્યા કરે છે અને હવે આત્મહત્યાનો આંકડો ગણવાનો કોઈને ફાયદો દેખાતો નથી. રેલને પાટે કપાયેલાના નામ આત્મહત્યામાં નહી પણ અકસ્માતના ચોપડે ચઢે છે. જાણે છપ્પનિયા કાળની ઋતુ અહીં દર વર્ષે આવે છે.

મઉરાનીપુર ખાતે રહેતાં ભારતીય કિસાન યુનિયનના ખેડૂત નેતા શિવનારાયણ સીહના કહેવા મુજબ આ વર્ષે બાંદા જીલ્લામાંથી ૭,૩૭,૯૨૦; ચિત્રકૂટ જીલ્લામાંથી ૩,૪૪,૮૦૧; મહોબા જીલ્લામાંથી ૨,૯૭,૫૪૭; હમીરપુર જીલ્લામાંથી ૪,૧૭,૪૮૯; ઉરઈ થી ૫,૩૮,૧૪૭; ઝાંસીથી ૫,૫૮,૩૭૭; લલીતપુરથી ૩,૮૧,૩૧૬; મધ્યપ્રદેશ વિસ્તારના તીકમગઢથી ૫,૮૯,૩૭૧; છત્તરપુરથી ૭,૬૬,૮૦૯; સાગરથી ૮,૪૯,૧૪૮; દતીયાથી ૨,૭૦,૪૭૭; પન્નાથી ૨,૫૬,૨૭૦ લોકો 'પલાયન' (સ્થળાંતર) કરી ચુક્યા છે. અહીંથી લોકો મજુરીની શોધમાં ગુજરાત, પંજાબ, દિલ્હી, મુંબઈ, અને ચડીગઢ તરફ જાય છે.

વિશ્વ બેન્કના અહેવાલ અનુસાર પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં ૫૭ ટકા અને પૂર્વીય ઉત્તરપ્રદેશનો ૪૦ ટકા હિસ્સો ઔદ્યોગીક ક્ષેત્રમાં આવે છે તેની સામે બુંદેલખંડનો માંડ ૩-૪ ટકા વિસ્તાર ઔદ્યોગીક વિસ્તારમાં આવે છે. અહિયાં જે પણ કારખાનાં અગાઉ હતા તે બધાં સમેટાઈ ગયા છે અને ખેતીનો વિકાસ આગળ વધતો નથી.



સ્થળાંતર કરનારમાંથી ૪૦ ટકા લોકો ચોમાસા પહેલાં પાછા ફરવાના બદલે પર-પ્રાંતમાં રોકાઈ જવાનું પસંદ કરે છે.

ઉરઈ ખાતે બસ ઉપડવાની રાહ જોઈ ઉભેલા જન્તાસિંહ મલ્થુવા, તારાચંદ, મહેવા, મનોજ, ગોબિંદ સિરસા સાથે વાત કરતાં તેમણે જણાવ્યું કે તેમને ગામ છોડવાનો શોખ નથી પણ બેરોજગારી તેમની મજબુરી છે.

જે લોકો સ્થળાંતર કરી ગુજરાતમાં ધંધે લાગ્યા છે તેમની હાલત શું છે?

જાલૌન જીલ્લાના રાજપાલ અને અરવિંદ રાજકોટમાં તળિયાની લાદી ઘસવાનું કામ કરે છે. મ્હોં પર ડૂચો બાંધી રાખવા છતાં શ્વાસની બીમારી થાય છે. લાદી ઘસવાનું કામ રાત-દિવસ ચાલે છે. કામના સ્થળે સગવડનો અધિકાર એ વળી કઈ બલા? ઓછા ભાડાની નાની ઓરડીમાં મોટું પરિવાર સમાવવાનું અને શૌચાલય તો ખુલ્લા આકાશ નીચે.



છેલ્લા પાંચ વર્ષથી સ્થળાંતર કરી સિરસા નિવાસી ગોબિંદ અમદાવાદમાં રહે છે. ટાયરની કંપનીમાં મોટી ગાડીઓમાં ટાયર ભરવાનું કામ કરે છે. ટ્રાફિકની સમસ્યાથી બચવા ગાડીમાં ટાયર ભરવાનું કામ રાત્રે જ ચાલે. ઓળખાણથી અને આજીજીથી 'કામ' મળેલું છે એટલે શેઠ જેટલા પૈસા આપે તેટલા લઈ લેવાના. ઓછા પૈસાની ફરિયાદમાં માંડ મળેલું કામ છીનવાઈ જવાની બીક ભારે છે. આપણા દેશમાં કાયદાનું રક્ષણ લાચાર ગરીબો માટે સપનું છે.

બુંદેલખંડના નીબાડી ગામેથી બલવાન પાંચ પરિવારો સાથે સ્થળાંતર કરી ભરૂચમાં ઈંટ ભઠ્ઠામાં મજૂરી કરે છે. દીકરીના લગ્ન કરાવવાના કોડ અહીંની કમાણીમાંથી પુરા થશે એવું સપનું હતું. દલાલે શેઠ સાથે જોડાણ કરી આપ્યું. કબુલેલા પૈસા શેઠ આપતો નથી ને ધમકી મળે છે કે 'અહીંથી પાછા ઘરે નહિ જઈ શકો.' 'દલાલ તમારા પૈસા લઈ ગયો' તેવી ફરિયાદ સામાન્ય છે.



# સ્ત્રી સશક્તીકરણ

'બેટી-બચાઓ અને બેટી પઢાઓ'નો કાર્યક્રમ સરકારે ઢોલ-નગારા પીટીને ઉપાડ્યો. બેટી બચાવવાથી આગળ વધી બેટીનો વિકાસ કરવો હોય તો તેના માટે ખર્ચ કરવો પડે.

અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ માટે ખાસ અંગભૂત યોજનામાં નીતિ નક્કી થયેલી છે કે જે પણ પૈસા ફાળવવામાં આવે તેમાંથી અડધા પૈસા તે સમાજની સ્ત્રીઓ માટે ફાળવવામાં આવે.

કેન્દ્ર સરકારને સ્ત્રીના વિકાસની કેટલી ચિંતા છે તે તેણે સ્ત્રીઓના વિકાસ માટે ફાળવેલા પૈસાના આંકડામાંથી ખબર પડે છે. દલિત સ્ત્રી માટે કેન્દ્ર સરકારે ૧.૧૯ ટકા અને આદિવાસી સ્ત્રી માટે માત્ર ૧.૬૮ ટકા ફાળવ્યા છે.

૨૦૧૬-૭ ના અંદાજપત્રમાં જણાય છે કે અનુસુચિત જાતિની ખાસ અંગભૂત યોજનામાં ૩૮,૮૩૩ કરોડ રૂપિયાની ફાળવણીમાં દલિત સ્ત્રીના વિકાસ માટે માત્ર ૧૯૯ કરોડ રૂપિયા એટલે કે ૦.૫૧ ટકા પૈસા ફાળવ્યા છે. તેજ પ્રમાણે આદિવાસી માટેની ખાસ અંગભૂત યોજનામાં ૨૪,૦૦૫ કરોડ રૂપિયામાંથી માત્ર ૧૪ કરોડ એટલે કે ૦.૦૬ ટકા પૈસા ફાળવ્યા છે.

આવું ચાલુ રહેતો સ્ત્રી ની હાલત સૌથી દયાજનક બને.

# ગાજ્યા મેઘ વરસ્યા નહીં

અનુસુચિત જાતિ/જનજાતિ પેટા યોજનાની માર્ગદર્શિકામાં લખ્યું છે કે અનુસુચિત જાતિ/જનજાતિના વિકાસની યોજનાનો સંપૂર્ણ અમલ થાય તેની દેખરેખ રાખવા કેન્દ્ર સરકારના તમામ વિભાગોમાં એક એકમ રચવામાં આવે.

કાળા ડીબાંગ વાદળોથી આકાશ ભરાય અને હમણાં પડે હમણાં પડે તેવી આશા જાગે અને છેલ્લે માત્ર ગાજીને વાદળાં વિખરાઈ જાય તેવો ઘાટ દલિત/આદિવાસી વિકાસમાં થયો છે. અંદાજપત્રમાં કહેવાય ખરું કે આટલા હજાર કરોડ રૂપિયા દલિત-આદિવાસીના વિકાસ માટે ફાળવ્યા. પરંતુ તે વર્ષ પતી જાય અને ખર્ચનો હિસાબ માંડીએ ત્યારે ખબર પડે કે પૈસા ફાળવેલા જરૂર પણ વાપરેલા નહિ. આગળ વધતાં એ નહિ વાપરેલા પૈસા બીજે વપરાઈ જાય. એટલે હકીકતમાં કેન્દ્ર સરકારે દરેક ખાતામાં દલિત-આદિવાસી વિકાસના પૈસા ખરેખર વપરાય તે જોવા એકમ રચવાના બદલે એવું એકમ રચ્યું છે કે દલિત-આદિવાસી વિકાસ માટે ફળવાતા પૈસા સિફતપૂર્વક બીજે ક્યાંક વાપરી નાંખવા.

કેન્દ્ર સરકારના ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ ના અંદાજપત્ર ની સામે થયેલ ખરેખર ખરચના આંકડા બોલે છે કે અનુસુચિત જાતિના વિકાસ માટે ફાળવેલા ૨૭,૪૮૭ કરોડ રૂપિયા વાપર્યા જ નથી.

આવું જ બન્યું છે અનુસુચિત જનજાતિ ના વિકાસ માટે ફાળવેલા પૈસાનું. અહીં જણાવેલા બે વર્ષ દરમિયાન ૧૪,૯૮૬ કરોડ રૂપિયા વાપર્યા વગર પડી રહ્યા. કેન્દ્ર સરકારની દલિત-આદિવાસી વિકાસની પોકળ નીતિનો આ દાખલો છે.

## ગરીબ-મેળામાં વન્સ-મોર છે

**(વજુભાઈ પરમાર; હરજીભાઈ અંજારા)**

ગરીબ ન હોયતો ગરીબ-મેળા શક્ય નથી અને મેળો કરવો હોયતો વીણ્યા વીણાય નહિ તેટલા મોટી સંખ્યામાં ગરીબો જોઈએ. ગુજરાતમાં મેળાની વણઝાર રચી શકાય તેટલા ગરીબો છે તેવું ગુજરાત સ્વીકારે છે અને આથીજ 'ગરીબ-મેળા' 'ગુજરાત મોડલનો' છૂટો ન પાડી શકાય તેવો ભાગ છે.

આલજીભાઈનું મૂળ વતન ધંધુકા તાલુકાનું પચ્છમ ગામ. ગામડે મજુરી કરીને બચત કરેલી તેમાંથી સરખેજમાં મકાન ખરીદેલું તે વાતને ૧૭ વર્ષ થઈ ગયા. બાજુમાં તલાવડી છે તે ચોમાસામાં બે કાંઠે થઈ જતાં ભારે દુર્ગંધ થાય છે. શહેરની ઘણી ગંદકી અહીં વહી આવે છે. મચ્છર વિકાસના અભાવની પેદાશ છે. શહેરમાં જીવનધોરણ ઊંચકાયું છે એટલે ગામમાં હતા ત્યારે બે પૈસા બચતા હતા તે હવે બચતા નથી. આલજીબાઈ ગરીબ-મેળામાં ગયા નથી પણ દુરથી એકનાએક 'ગરીબોને' મેળામાં મ્હાલતા જુએ છે.

## ગામડું સારું હતું

**(વજુભાઈ પરમાર; હરજીભાઈ અંજારા)**

બીનલ અને શર્મિષ્ટાબેન મૂળ માતર તાલુકાના અસામલી ગામના. છેલ્લા આઠ વર્ષથી ગાયત્રીનગર-સરખેજમાં રહે છે. બંને બહેનોના પતિ ખાનગી કંપનીમાં નોકરી કરે છે. મકાન ભાડાનું છે. આખી જિંદગી અહીં રહીને પોતાનું મકાન બનાવી નહિ શકાય તેની પાક્કી ખાતરી છે. પાણી નળમાં આવે છે પણ રોજનું અડધો કલાક. મચ્છર-બીમારી-ખાનગી અને મોંઘી સારવારનો કોઈ વિકલ્પ નથી. નોટબંધી મોંઘી પડી. ૨૦૦૦ રૂપિયાની એક નોટ લેવામાં ૨૦૦ રૂપિયાની મજુરી ગઈ. ઘર ચલાવવું કે બાળકો ભણાવવા તેની ભારે મૂંઝવણ છે. ગરીબ કલ્યાણ મેળાની વાત સાંભળી છે. શહેરમાં રહેવાનું પણ શૌચાલય બહાર ખુલ્લામાં જવાનું.

## ૭૫% સાથે એન્જીનીયરીંગ પાસ કર્યું; હાલમાં મજુરી કરે છે

**(વજુભાઈ પરમાર; હરજીભાઈ અંજારા)**

હિંમતભાઈ ધોલકા તાલુકાના ધીગળા ગામેથી ૨૦ વર્ષ પહેલા સરખેજના ગાયત્રીનગરમાં સ્થાયી થયા. ચુંટણીની પહેલાં ઘટતા ભાવ ચુંટણી પછી વધે તેવી ઘણી બધી ઘટનાઓના તે સાક્ષી રહી ચુક્યા છે એટલે ભાવઘટાડાના સમાચારથી તેમનો ચહેરો ચમકી ઉઠતો નથી. રેસન કાર્ડ નથી. ભત્રીજો એન્જીનીયરીંગમાં ૭૫ ટકે પાસ થયો છે. નોકરીની આજીવન રાહ જોયા કરતાં મજૂરીએ લાગ્યો છે.

## આજના દિવસે ઈતિહાસમાં

**(બહિષ્કૃત ભારત : તંત્રીલેખ)**

"'અછૂતો'ની ગુલામી જાળવી રાખેલા 'સ્વરાજ્ય' મેળવવાના પ્રયત્ન થતા હોય તો તેનો વિરોધ કરવાની દબાએલા - કચડાએલા વર્ગના તમામ સભ્યોની સૌથી પહેલી ફરજ છે"

ડૉ. આંબેડકર,
૫/૧૧/૧૯૨૯

# હાથીના દાંત: ચાવવાના જુદા અને બતાવવાના જુદા

(માર્ટિન મેકવાન)

ભારતમાં અનુસુચિત જનજાતિની વસ્તી ૮.૬ ટકા છે. તેઓ વિકાસમાં બીજા સમાજની હરોળમાં આવી શકે તે માટે આદિવાસી પેટા યોજનાની નીતિ ૧૯૭૪ ની સાલમાં ઘડવામાં આવી હતી. તેજ રીતે અનુસુચિત જાતિની વસ્તી સાડા સોળ ટકા છે તે પણ બીજા સમાજની હરોળમાં આવી શકે તે માટે અનુસુચિત જાતિ પેટા યોજનાની નીતિ ૧૯૭૯ની સાલમાં ઘડવામાં આવી.

આ નીતિની મુખ્ય બાબતો નીચે મુજબ છે.

૧. વિકાસની યોજના એવી હોવી જોઈએ કે જેથી તેનો સીધો ફાયદો અનુસુચિત જાતિ/જનજાતિની વ્યક્તિ કે તેમના વિસ્તારોમાં થવો જોઈએ.
૨. આ માટે ફાળવવામાં આવતા નાણાં બીજી કોઈ બાબત માટે તબદીલ ન થઈ શકે.
૩. આ માટે ફાળવેલ નાણાંનો વપરાસ પ્રાથમિકતાના ધોરણે થવો જોઈએ.
૪. અનુસુચિત જાતિ/જનજાતિની વસ્તી જેટલી હોય તેટલા ટકા



કુલ અંદાજપત્રના આ હેતુ માટે ફાળવવા.
૫. આ નાણાં ફાળવવામાં કોઈ ગફલત ન થાય માટે અંદાજપત્રમાં આ વિષયનો ખાસ કોડ નક્કી કરવો. આથી અંદાજપત્રમાં ૭૮૯ અને ૭૯૬ એમ બે સંજ્ઞા નક્કી થઇ જેથી આ બાબતના નાણાંની ફાળવણી જોઈ શકાય.

ખાસ મહત્વની બાબત નોંધવાની કે આ નીતિ કોંગ્રેસના સમયમાં નક્કી થઈ હતી. ભાજપે આ નીતિનો અમલ કર્યો? આ નીતિ તેમણે આગળ વધારી અને વધારે મજબુત કરી? હકીકત એ છે કે ભાજપે આ નીતિને નબળી કરી નાંખી છે.

ભારતના ૧૫ રાજ્યોના અંદાજપત્રનો અભ્યાસ કરતાં જણાયું કે કુલ મળીને દલિત/આદિવાસીના વિકાસ માટેના કુલ ૧૧૨,૩૫૮ કરોડ રૂપિયાની એવી યોજના કરવામાં આવી કે જેનાથી તેમને સીધો ફાયદો થાય જ નહિ.

પ્રગતિશીલ ગુજરાત રાજ્યમાં દલિત/આદિવાસીના વિકાસ માટેના નાણાની નીતિના શા હાલ છે?

**૧. દલિતોના વિકાસ માટે ફાળવેલા નાણા બીજે વાપરી નાંખ્યા.**

૨૦૧૧-૧૨ ની સાલમાં દલિત વસ્તીના ધોરણે જોતાં ગુજરાત સરકારે ૨૦૫૦.૧૯ કરોડ રૂપિયા ફાળવવા જોઈતા હતા તેના બદલે ઘટાડીને ૧૭૮૫.૭૮ કરોડ ફાળવ્યા. આગળ જતાં આ ઓછા ફાળવેલા નાણામાંથી પણ ૧૭.૮૧ કરોડ રૂપિયા વાપર્યા જ નહિ. એટલે કે આ વર્ષે દલિતોના ભાગના ૨૮૨.૨૨ કરોડ રૂપિયા બીજે વાપરી નાંખ્યા.

૨૦૧૨-૧૩ ની સાલમાં દલિત વસ્તીના ધોરણે જોતાં ગુજરાત સરકારે ૩૧૦૮.૯૦ કરોડ રૂપિયા ફાળવવા જોઈતા હતા તેના બદલે ઘટાડીને ૨૯૧૯.૮૫ કરોડ ફાળવ્યા. આગળ જતાં આ ઓછા ફાળવેલા નાણામાંથી પણ ૧૦૨.૯ કરોડ રૂપિયા વાપર્યા જ નહિ. એટલે કે આ વર્ષે દલિતોના ભાગના ૨૯૧.૬૫ કરોડ રૂપિયા બીજે વાપરી નાંખ્યા.

૨૦૧૩-૧૪ ની સાલમાં દલિત વસ્તીના ધોરણે જોતાં ગુજરાત સરકારે ૨૮૫૦.૭૩ કરોડ રૂપિયા ફાળવવા જોઈતા હતા તેના બદલે ઘટાડીને ૨૬૯૨.૪૨ કરોડ ફાળવ્યા. આગળ જતાં આ ઓછા ફાળવેલા નાણામાંથી પણ ૨૧૩.૮૨ કરોડ રૂપિયા વાપર્યા જ નહિ. એટલે કે આ વર્ષે દલિતોના ભાગના ૩૭૨.૧૩ કરોડ રૂપિયા બીજે વાપરી નાંખ્યા.

૨૦૧૪-૧૫ ની સાલમાં દલિત વસ્તીના ધોરણે જોતાં ગુજરાત સરકારે ૩૫૫૪.૬૧ કરોડ રૂપિયા ફાળવવા જોઈતા હતા તેના બદલે ઘટાડીને ૩૩૫૨.૪૧ કરોડ ફાળવ્યા. આગળ જતાં આ ઓછા

**૨૦૧૫-૧૬ ની સાલમાં દલિત વસ્તીના ધોરણે જોતાં ગુજરાત સરકારે ૩૯૪૭.૧૭ કરોડ રૂપિયા ફાળવવા જોઈતા હતા તેના બદલે ઘટાડીને ૩૬૬૭.૧૭ કરોડ ફાળવ્યા. આગળ જતાં આ ઓછા ફાળવેલા નાણામાંથી પણ ૨૯૬.૭૯ કરોડ રૂપિયા વાપર્યા જ નહિ**

ફાળવેલા નાણામાંથી પણ ૫૧૨.૭૭ કરોડ રૂપિયા વાપર્યા જ નહિ. એટલે કે આ વર્ષે દલિતોના ભાગના ૭૧૪.૯૭ કરોડ રૂપિયા બીજે વાપરી નાંખ્યા.

૨૦૧૫-૧૬ ની સાલમાં દલિત વસ્તીના ધોરણે જોતાં ગુજરાત સરકારે ૩૯૪૭.૧૭ કરોડ રૂપિયા ફાળવવા જોઈતા હતા તેના બદલે ઘટાડીને ૩૬૬૭.૧૭ કરોડ ફાળવ્યા. આગળ જતાં આ ઓછા ફાળવેલા નાણામાંથી પણ ૨૯૬.૭૯ કરોડ રૂપિયા વાપર્યા જ નહિ. એટલે કે આ વર્ષે દલિતોના ભાગના ૬૨૦.૭૬ કરોડ રૂપિયા બીજે વાપરી નાંખ્યા.

૨૦૧૬-૧૭ ની સાલમાં દલિત વસ્તીના ધોરણે જોતાં ગુજરાત સરકારે ૪૩૯૧.૧૪ કરોડ રૂપિયા ફાળવવા જોઈતા હતા તેના બદલે ઘટાડીને ૩૮૯૦.૬૨ કરોડ ફાળવ્યા. આગળ જતાં આ ઓછા ફાળવેલા નાણામાંથી કેટલા રૂપિયા વાપર્યા જ નહિ તેના આંકડા હજુ બહાર પડ્યા નથી. એટલે કે આ વર્ષે દલિતોના ભાગના ૫૦૦ કરોડ રૂપિયા બીજે વાપરી નાંખ્યા.

સરવાળે જોઈએતો નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે પણ છેલ્લા છ વર્ષમાં ૨૭૮૨ કરોડ ૭૨ લાખ ૮૦ હજાર રૂપિયા દલિતોના વિકાસના નામે બીજે વાપરી નાંખ્યા.

**૨. દલિતોના વિકાસ માટે તેમની વસ્તી પ્રમાણે નાણા ફાળવ્યા જ નહિ.**

ગુજરાતમાં અનુસુચિત જાતિની વસ્તી ૭.૦૧ ટકા છે માટે નક્કી થએલી નીતિ અનુસાર કુલ અંદાજપત્રના ૭ ટકા નાણાં દલિત વિકાસ માટે ફાળવવા પડે. શું એટલા નાણા ફાળવ્યા? હકીકત જોતાં જણાશે કે ભાજપ સરકારે આ નીતિનું જાણીજોઈને ઉલ્લંઘન કર્યું છે. આ ઉલ્લંઘન સામે અનામત બેઠક પરથી ચૂંટાઈ આવેલા ૧૩ દલિત ધારાસભ્યો ચુપ બેસી રહ્યા હતા.

૨૦૧૫-૧૬ના વર્ષ દરમિયાન ગુજરાતનું કુલ અંદાજપત્ર ૧,૨૭,૪૯૯.૬૯ કરોડનું હતું. દલિતોની વસ્તી પ્રમાણે કાયદેસર ૮,૯૩૭ કરોડ ૭૨ લાખ ૮૨ હજાર ૨૬૯ રૂપિયા ફાળવવાના અને વાપરવાના થાય. તેની સામે ગુજરાતની ભાજપ સરકારે માત્ર ૩૩૭૦.૩૮ કરોડ રુપિયાજ ફાળવ્યા. એટલે કે આ વર્ષ દરમિયાન દલિત વિકાસના પૈસામાંથી ૫,૫૬૦.૩૫ કરોડ રૂપિયા બીજે ફાળવી દીધા.

૨૦૧૬-૧૭ ના વર્ષ દરમિયાન ગુજરાતનું કુલ અંદાજપત્ર ૧,૪૮,૨૦૫.૭૬ કરોડનું હતું. દલિતોની વસ્તી પ્રમાણે કાયદેસર ૧૦,૩૮૯ કરોડ ૨૨ લાખ ૩૭ હજાર ૭૬૦ રૂપિયા ફાળવવાના અને વાપરવાના થાય. તેની સામે ગુજરાતની ભાજપ સરકારે માત્ર ૩૮૯૦.૩૮ કરોડ રુપિયાજ ફાળવ્યા. એટલે કે આ વર્ષ દરમિયાન દલિત વિકાસના પૈસામાંથી ૬૪૯૮.૮૪ કરોડ રૂપિયા બીજે ફાળવી દીધા.

૨૦૧૭-૧૮ના વર્ષ દરમિયાન ગુજરાતનું કુલ અંદાજપત્ર ૧,૭૨,૧૭૯.૨૪ કરોડનું હતું. દલિતોની વસ્તી પ્રમાણે કાયદેસર ૧૨,૦૬૯ કરોડ ૭૬ લાખ ૪૭ હજાર ૨૪૦ રૂપિયા ફાળવવાના અને વાપરવાના થાય. તેની સામે ગુજરાતની ભાજપ સરકારે માત્ર ૪૬૦૩.૬૯ કરોડ રુપિયાજ ફાળવ્યા. એટલે કે આ વર્ષ દરમિયાન દલિત વિકાસના પૈસામાંથી ૭,૪૬૬.૦૭ કરોડ રૂપિયા બીજે ફાળવી દીધા.

સરવાળે જોઇએતો ગુજરાતની ભાજપ સરકારે દલિત વિકાસ માટે છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન દલિતોના ભાગના ૧૯,૫૨૫.૨૬ કરોડ રૂપિયા બીજે ફાળવી દીધા.

**૩. નામ દલિતનું; કામ દલિતનું નહીં**

૨૦૧૬-૧૭ની વાત કરીએ તો ગુજરાતની સરકારે દલિત વિકાસના લગભગ પોણા ભાગના પૈસા એવી રીતે વાપર્યા કે જેમાં ચોપડે નામ દલિતનું ગણાય પણ દલિત ને સીધો ફાયદો ન થાય.

શહેરી વિકાસ ખાતાએ દલિત વિકાસનો હેતુ જણાવી સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના માટે ૨૩૯.૭૯ કરોડ ફાળવ્યા અને વાપર્યા. વપરાસના હેતુમાં જણાવ્યું કે આંતરીક રસ્તા, સ્ટ્રીટ લાઈટ ખાનગી સોસાઈટીમાં પાણી માટે પાઈપ-લાઈન નાંખવા માટે; શહેરોમાં સીટી બસની સેવા, ટ્રાફિકનું સંચાલન, ફ્લાઈ ઓવર પુલ બાંધવા, રેલ્વે ઓવરબ્રિજ અને અંડરબ્રીજ બાંધવા તથા રીંગરોડ બનાવવા માટે. આ બધાં કામમાં દલિત વ્યક્તિ કે વસ્તીને સીધો ફાયદો કયો? રોડ બને તેનો ઉપયોગ માત્ર દલિતો કરવાના? આજ રીતે દલિત વિકાસ માટે કેવી રીતે પૈસા વાપરવા તેની માર્ગદર્શિકાનું સરેઆમ ઉલ્લંઘન કરી રસ્તા અને પુલ વિભાગે રૂપિયા ૧૫૦ કરોડ જુદા જુદા તાલુકાના રસ્તા સુધારવામાં વાપર્યા. કેટલા ગામમાં આ રસ્તા દલિત વસ્તીને જોડશે તેની કોઈ વિગત ન મળે.

૨૦૧૬-૧૭ દરમિયાન સરકારી તાલીમ કેન્દ્રો બાંધવા અને જૂનાનું સમારકામ કરવા માટે રૂપિયા ૧૦૯.૩૨ કરોડ 'દલિત વિકાસ' ખાતે ઉધાર્યા. આ કેન્દ્રોનો સીધો ફાયદો માત્ર દલીતોનેજ થવાનો?

૨૦૧૬-૧૭માં 'નરેગા' યોજના હેઠળ દરેક કુટુંબને ઓછામાં ઓછી વર્ષે દહાડે ૧૦૦ દિવસની રોજગારી ફાળવવા માટે 'દલિત વિકાસ' ના ખાતામાં ૯૬ કરોડ ઉધાર્યા. અનુસુચિત જાતિ/જનજાતિ પેટા યોજનાની માર્ગદર્શિકામાં સ્પષ્ટ જણાવ્યું છે કે 'નરેગા' માટેના પૈસા દલિત વિકાસ ખાતે ન ઉધારવા.

૨૦૧૬-૧૭ માં કમ્યુનીટી હેલ્થ સેન્ટર ફાઈનાન્સ કમિશન માટે 'દલિત વિકાસ' ખાતે ૭૧.૧૭ કરોડ રૂપિયા ખતવ્યા. આ પૈસાનો ઉપયોગ કમ્પાઉન્ડ દીવાલ સાથે ૧૫ પેટા-કેન્દ્રોના બાંધકામ કરવા ઉપયોગ થયો. આ તો કેન્દ્રીય યોજના છે અને તેનો દલિત વિકાસ સાથે કોઈ સંબંધ નથી.

૨૦૧૬-૧૭ માં પાટણ ખાતે મેડીકલ કોલેજના બાંધકામ, સાધન ખરીદી, પગાર, ઓફીસ ખર્ચ ખાતે ૫૯.૮૧ રૂપિયાનો ગુજરાત સરકારે ખર્ચ કર્યો અને એને ઉધાર્યા 'દલિત વિકાસ'ના ખાતામાં.

૨૦૧૬-૧૭ માં પંચાયતમાં જંગમ મિલકત ઉભી કરવા માટે ૮૭ કરોડ રૂપિયા વાપર્યા. આનો ઉપયોગ માત્ર દલિત કરવાના? આવી ઘણી પંચાયતોમાં દલિત સભ્યો માટે ચા-પાણીના વાસણ અલગ રાખવામાં આવે છે.

૨૦૧૬-૭ ના અંદાજપત્રમાં દલિત વિકાસના ખાતામાં સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ માટે ૨૦૦ કરોડ રૂપિયા નર્મદાની નહેર વિસ્તરણ માટે ઉધાર્યા. આનો સીધો ફાયદો કઈ રીતે દલીતને થાય?

ઉપર જણાવેલા પૈસા દલિત વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ આપવામાં, માથે મેલું દુર થાય તેના પુનર્વસનમાં, દલિત વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ વગેરમાં વાપરી શકાયા હોત.

આ બધાનો સાર એટલો જ કે ગુજરાત સરકારે દલિત-આદિવાસી વિકાસના માટે ફાળવેલા પૈસામાંથી માત્ર ૧૮.૯ ટકા પૈસા સીધો દલિત/આદિવાસી ને ફાયદો થાય તેમાં વાપર્યા અને ૮૧.૧ ટકા પૈસા બીજા હેતુ માટે વાપરી નાંખ્યા.

**- સ્રોત: પાથેય**

# પ્રવાસી શિક્ષક

(દિનેશ પરમાર; વજુભાઈ પરમાર)

દીપકકુમાર ઠાકોર ધોળકા તાલુકાના ત્રાંસદ ગામના છે. બી. એ. પાસ કરી શારીરિક શિક્ષણના શિક્ષક બનવાના સપના સાથે બીજા પાંચ સાથી યુવાનો સાથે ૧ લાખ રૂપિયા ખર્ચી નાગપુર ગયા અને બી.પી.એડ. નું શિક્ષણ પૂરું કર્યું.

પોતાનાજ ગામની શાળામાં શિક્ષક તરીકે નિમાયા. ભણવાનું મોંઘુ હોય છે પણ ભણાવવાનું સસ્તું હોય છે તેવા ગુજરાતના ખાનગી રસ્તે ચાલતા શિક્ષણ-જગતના ઘાટ-ઘડામણ છે. દીપકભાઈને મહીને રૂપિયા ૧૫૦૦નો પગાર અપાય. સારા દિવસો આવશે તેવો આશાવાદ ભારતની બહુમતી ગરીબ-વિકાસમાં પાછળ રાખવામાં આવેલી પ્રજાને જીવતી રાખે છે. ચાર વર્ષ પછી દીપકભાઈનો પગાર ૬૬.૬ ટકા વધી ૨૫૦૦ નો થયો.

એક વર્ષ પછી સરકારને નવો—નવતર ખ્યાલ આવ્યો. દીપકભાઈ 'પ્રવાસી' શિક્ષક બન્યા. ઉચ્ચતર માધ્યમિક સ્તરમાં એક પીરીયડ ભણાવો તો ૯૦ રૂપિયા મળે અને માધ્યમિકમાં ભણાવવાના એક પીરીયડના ૭૫ રૂપિયા. તક ઉચ્ચતરમાં — માધ્યમિકમાં ભણાવવાની ક્યા શિક્ષક્ને મળે તેમાં 'જ્ઞાતિ' ઘણો ભાગ ભજવે. વધુમાં શિક્ષક તરીકે તમારે બધાજ વિષય ભણાવવાના, તમારી એ વિષયમાં શૈક્ષણિક

**ભણવાનું મોંઘુ હોય છે પણ ભણાવવાનું સસ્તું હોય છે તેવા ગુજરાતના ખાનગી રસ્તે ચાલતા શિક્ષણ-જગતના ઘાટ-ઘડામણ છે.**

લાયકાત ન હોય તો પણ.

શારીરિક શિક્ષક્ની ભરતી થશે તેવા સરકારી વાયદામાં નશીબ અજમાવવા દીપકકુમારે ઘણી મહેનત કરી 'ટેટ'ની પરીક્ષા પાસ કરી. આ પ્રમાણપત્રની અવધી પાંચ વર્ષ. ૭૫ ટકે પાસ કરેલી પરીક્ષા નકામી ગઈ. હવે ફરીથી તે પરીક્ષા નવેસરથી આપવાની. ઓ.બી.સી. કોટામાં રહેવા જાતિનો દાખલો, આવકનો દાખલો રજુ કરવાનો. આ માટે ભાડું ખરચી, કમાણી છોડી અખો દિવસ ભિખારીની જેમ લાઈનમાં ઉભા રહેવાનું. ભારતમાં ૩૦૦૦ વરસથી જાતિ; જન્મથી મરણ સુધી એક જ રહેતી હોવા છતાં 'જાતિનો દાખલો' દર વર્ષે નવેસરથી કઢાવવાનો. હવે 'જાતિ' ના દાખલાનું આયુષ્ય વધીને ૩ વર્ષ થયું છે.

'સરકાર ભરતી ન કરવાની હોય તો બધાને 'ટેટ' ની પરીક્ષા શું કરવા અપાવે છે?' એવો વેધક-સોંસરો સવાલ દીપકકુમાર પૂછે છે.

સરકારી નોકરી મળી હોત તો એ પણ બાંધ્યા પગારની જ હોત. એની અવધી પણ અગિયાર મહિનાની. પગારની મર્યાદા પણ બાંધેલી. મહીને રૂપિયા ૯૦૦૦થી વધવો ન જોઈએ. વતનથી દુર નોકરી મળેતો ભાડે મકાનમાં બીજા ત્રણેક હજાર નીકળી જાય. 'શિક્ષક' ની નોકરી છે એવું જાણે તો પાછું ઘરભાડું વધે.

હવે દીપકકુમાર શિક્ષક નથી. તેમને મહીને રૂપિયા ૭૦૦૦ ચુકવતી ખાનગી કંપનીમાં નોકરી મળી છે. આ પગારમાંથી મુસાફરીનો ખર્ચ કાઢવાનો. દીપકકુમાર જાણે છેકે તેમના ગામના ખેતમજુરો તેમનાથી વધુ કમાય છે. તેમની સાથે બીજા યુવાનો તેમનીજ કંપનીમાં કામ કરે છે. તે યુવાનો એસ.એસ.સી માં નાપાસ થએલા છે અને તેમનો પગાર પણ દીપકકુમાર જેટલોજ ૭૦૦૦ રૂપિયા છે.

દીપકકુમાર પરિણીત છે અને સંતાનના પિતા છે. બાપુજીનું સરકારી નોકરીનું પેન્સન આવે છે એટલે ઘર ચાલે છે. 'લગ્નની વાતોમાં મેળવેલ શિક્ષણ અને તેને આધારે સંભવિત નોકરી ની ગણતરી થાય છે.' આ ગણતરી ખોટી પડેતો સામાજિક-માનસિક-કૌટુંબિક ડખા થાય છે.

દીપકકુમાર પોતાના મિત્રની વાતે વળી જાણે પોતાનું દુખ ભૂલવા માંગે છે.

'મારો મિત્ર બી. કોમ. એમ. કોમ. બી.એડ. ડીસ્ટીકસન સાથે પાસ થયેલ છે. એને આંકડાશાસ્ત્રમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મળેલા. અત્યારે તે દવાની કંપનીમાં મહીને ૬૦૦૦ રૂપિયા કમાય છે.

જીગ્નેશ રમણભાઈ ઠાકોર શાળામાં દીપકકુમારનો વિદ્યાર્થી હતો. એસ.એસ.સી. પછી તેણે આઈ.ટી.આઈ માં વાયરમેનનો કોર્ષ કર્યો. તેને વીજ કંપનીમાં એપ્રેન્ટીસની નોકરી મળી છે. આઠ મહિના તેને ૬૪૦૦ રૂપિયા મળ્યા, પછી મહીને ૭૨૦૦. બીજા વર્ષે તેને મહિનાના ૮૨૫૦ રૂપિયા ચૂકવાય છે. તે સવારે સવાસાતે ઘરેથી નીકળી રાત્રે આઠ વાગે પાછો આવે છે. રોજના ૫૦ રૂપિયા મુસાફરીમાં જાય છે.

ગામેથી પાછા ફરતા ખાનગી કંપનીની વિશાળ ઈમારત અને શ્રમિકોને લાવવા-લઈ જવા માટેની બસના ખડકલા જોઈ શકાય છે. એમની કમાણી દિપકકુમાર ઠાકોર જેવા ઉચ્ચ-શિક્ષિત મહીને ૭૦૦૦ કમાતા યુવાનો કરતાં વધુજ હશે તેમાં શંકા નથી.

# રૂપિયો આપી કલ્લી કાઢી લીધી

અનુસુચિત જાતિ અને જનજાતિ માટેની વિકાસ નીતી અનુસાર તેમની વસ્તી જેટલા ટકા હોય તેટલા ટકા અંદાજપત્રના કુલ નાણામાંથી ફાળવવા.

એટલે કે દલિત વસ્તી દેશમાં સાડા સોળ ટકા છે અને કેન્દ્ર સરકારનું અંદાજપત્ર ૧૦૦ રૂપિયાનું છે તો તેમાંથી સાડા સોળ રૂપિયા દલિત વિકાસ માટે જુદા મુકવા પડે. હકીકતમાં આવું થતું જ નથી. નીચેના આંકડા બોલે છે કે દલિત વિકાસ માટે કેન્દ્ર સરકારના અંદાજપત્રમાં વસ્તીના આધારે પૈસા ફાળવ્યા જ નથી.

૨૦૧૪-૧૫ ની સાલમાં અનુસુચિત જાતિના ભાગે નક્કી થએલ નીતી મુજબ ૮૧,૪૬૦ કરોડ ફાળવવાની જગ્યાએ સરકારે ૫૦૫૪૮ કરોડ રૂપિયા ફાળવ્યા. એટલે કે સરકારે ૩૦૯૧૨ કરોડ રૂપિયા ઓછા ફાળવ્યા.

૨૦૧૫-૧૬ ની સાલમાં અનુસુચિત જાતિના ભાગે નક્કી થએલ નીતી મુજબ ૮૨,૧૧૯ કરોડ ફાળવવાની જગ્યાએ સરકારે ૩૦,૮૫૧ કરોડ રૂપિયા ફાળવ્યા. એટલે કે સરકારે ૫૧૨૬૮ કરોડ રૂપિયા ઓછા ફાળવ્યા.

૨૦૧૬-૧૭ ની સાલમાં અનુસુચિત જાતિના ભાગે નક્કી થએલ નીતી મુજબ ૯૧,૩૮૬ કરોડ ફાળવવાની જગ્યાએ સરકારે ૫૦૫૪૮ કરોડ રૂપિયા ફાળવ્યા. એટલે કે સરકારે ૪૦,૮૩૮ કરોડ રૂપિયા ઓછા ફાળવ્યા.

૨૦૧૭-૧૮ ની સાલમાં અનુસુચિત જાતિના ભાગે નક્કી થએલ નીતી મુજબ ૯૬,૮૪૭ કરોડ ફાળવવાની જગ્યાએ સરકારે ૫૨૩૯૩ કરોડ રૂપિયા ફાળવ્યા. એટલે કે સરકારે ૪૪,૪૫૪ કરોડ રૂપિયા ઓછા ફાળવ્યા. એટલે કે છેલ્લા ચાર વર્ષમાં કેન્દ્ર સરકારે અનુસુચિત જાતિના કલ્યાણ માટે ૧,૬૭,૪૭૨ કરોડ રૂપિયા ઓછા ફાળવ્યા.

આવી જ હાલત થઇ છે અનુસુચિત જનજાતિની.

૨૦૧૪-૧૫ ના વર્ષમાં નીતી અનુસાર સરકારે અનુસુચિત જનજાતિના કલ્યાણ માટે ફાળવવાના હતા રૂપિયા ૪૨,૧૪૧ કરોડ રૂપિયા; પરંતુ હકીકતમાં સરકારે ફાળવ્યા માત્ર ૩૨,૩૮૭ કરોડ રૂપિયા. એટલે કે સરકારે ૯,૭૫૪ કરોડ રૂપિયા ઓછા ફાળવ્યા.

૨૦૧૫-૧૬ ના વર્ષમાં નીતી અનુસાર સરકારે અનુસુચિત જનજાતિના કલ્યાણ માટે ફાળવવાના હતા રૂપિયા ૪૨,૪૮૨ કરોડ રૂપિયા; પરંતુ હકીકતમાં સરકારે ફાળવ્યા માત્ર ૨૦,૦૦૦ કરોડ રૂપિયા. એટલે કે સરકારે ૨૨૪૮૨ કરોડ રૂપિયા ઓછા ફાળવ્યા.

૨૦૧૬-૧૭ ના વર્ષમાં નીતી અનુસાર સરકારે અનુસુચિત જનજાતિના કલ્યાણ માટે ફાળવવાના હતા રૂપિયા ૪૨,૨૭૬ કરોડ રૂપિયા; પરંતુ હકીકતમાં સરકારે ફાળવ્યા માત્ર ૨૪,૦૦૫ કરોડ રૂપિયા. એટલે કે સરકારે ૧૮,૨૭૧ કરોડ રૂપિયા ઓછા ફાળવ્યા.

૨૦૧૭-૧૮ ના વર્ષમાં નીતી અનુસાર સરકારે અનુસુચિત જનજાતિના કલ્યાણ માટે ફાળવવાના હતા રૂપિયા ૪૯,૯૯૨ કરોડ રૂપિયા; પરંતુ હકીકતમાં સરકારે ફાળવ્યા માત્ર ૩૧,૯૨૦ કરોડ રૂપિયા. એટલે કે સરકારે ૧૮,૦૭૨ કરોડ રૂપિયા ઓછા ફાળવ્યા.

**કુલ જોઈએતો છેલ્લા ચાર વર્ષના અંદાજપત્રમાં કેન્દ્ર સરકારે અનુસુચિત જનજાતિના કલ્યાણ-વિકાસ માટે બધા મળીને ૬૮,૫૭૯ કરોડ રૂપિયા ઓછા ફાળવ્યા.**

# સસ્તું અનાજ હકીકતે ઘણું મોંઘુ પડે છે

(વજુભાઈ પરમાર; હરજીભાઈ અંજારા)

ભવાનભાઈ, શીવાભાઈ, ખાનાભાઈ, જેઠાભાઈ, હરિભાઈ પોતાના વતન સુરેન્દ્રનગર જીલ્લાના ભલગામડા, ધંધુકા તાલુકાના પડાણા, ખરડ અને રોજીદ તથા લીમડી તાલુકાનું ભોઈકા છોડી છેલ્લા પંદરેક વર્ષથી સરખેજના ગાયત્રીનગર વિસ્તારમાં સ્થાયી થયા છે. તેમનું જીવન મજુરી આધારિત છે અને તેમાં પણ થોડા સમયથી મંદી વેઠી રહ્યા છે. ગરીબોના હાથમાંથી જમીનો પૈસાદારોના હાથમાં ક્યા ક્યા



વાને સરકી ગઈ છે તેના આટાપાટા તેઓ સુપેરે સમજે છે. લોકોને મજુરીના ફાંફાં હોય ત્યારે અઢળક રૂપિયાના ખર્ચે થતાં મેળાવડા સામે અસંતોષ વ્યક્ત કર્યા સિવાય તે બીજું કશું કરી શકતા નથી. રેસન કાર્ડ ગામમાં છે અને મજુરી ગામમાં નથી. સરકારી નિયમ પ્રમાણે ગામની સસ્તા અનાજની દુકાનમાં અંગુઠો વાગેતોજ અનાજ મેળવવાની કુપન નીકળે છે. મશીન દ્વારા વહીવટ થાય ત્યાં સામાજિક વાસ્તવિકતાની રજૂઆત ક્યાં થાય? ઘણા લોકો પોતાનું રેસન કાર્ડ ચાલુ રહે એટલા માટે દિવસની મજુરી ભાંગી, ભાડું ખર્ચી પોતાના વતનમાં મશીનમાં પોતાનો અંગુઠો મારવા જાય છે. ગરીબીની રેખા હેઠળ ગણાતા કુટુંબોને મળેલું કહેવાતું સસ્તા દરનું અનાજ ખાસ્સું મોંઘુ પડે છે. સસ્તું અનાજ ન લેવા જનારની સંખ્યા મોટી છે એટલે 'ગરીબી ઘટવાના' સરકારી આંકડા વધે છે. બેંકમાં ખાતાં ખોલાવીને બેઠા છે. એ.ટી.એમ. ની વ્યવસ્થા પણ છે. પણ ખાતામાં પૈસા નથી.

**વિકાસ થાય તો વિકાસની યોજના ઘટે જ ને!**

કેન્દ્ર સરકાર માનતી લાગે છે કે દલિત-આદિવાસીનો ઘણો વિકાસ થઇ ગયો છે. વિકાસ થાયતો તેમના વિકાસ માટેની યોજના ઓછી કરવી પડે. ૨૦૧૭-૧૮ ના વર્ષ દરમિયાન અનુસુચિત જાતિ માટે ૨૯૪ યોજના અમલમાં હતી તેની ઘટાડીને ૨૫૬ કરી નાંખી.

આદિવાસી વર્ગ માટે ૩૦૭ યોજના અમલમાં હતી તે ઘટાડીને ૨૬૧ કરી નાંખી.

# ખીચડીમાં નામવા રેશનનું તેલ મળે તો પણ ભયોભયો

(મંજુલાબેન મકવાણા અને ડાહ્યાભાઈ દાફડા)

૩૫ વર્ષના કાળીબેન કાળવા રાજકોટ જીલ્લાના જસદણ તાલુકાના પારેવાળા ગામે રહે છે. સંતાનમાં ત્રણ દીકરા અને એક દીકરી છે. મોટી જવાબદારી સાથે 'વિધવા' બની ગયા છે.

સાસરીમાં પણ સાસુ-સસરા-દિયર-નણંદ-જેઠ બચ્યા નથી. એકલપંડે મજુરી કરી પોતાનું અને પોતાના બાળકોનું ભરણપોષણ કરે છે. કાળીબેનને પતિના મૃત્યુ બાદ થોડો સમય વિધવા સહાય જરૂર મળી પણ અચાનક બંધ થઇ ગઈ છે. તેમને વિધવા પુનર્વસનની તાલીમ કે સાધન-સહાય પણ મળ્યા નથી. તેમની પાસે નથી પોતાનું મકાન કે નથી સરકાર તરફથી મળેલ ઘર બાંધવાનો પ્લોટ. એકની મજૂરીએ ઘર ચાલતું નથી એટલે ભણવાની ઉમરે તેમના બાળકો પણ મજૂરીએ



લાગ્યા છે. કાળીબેન 'બી.પી.એલ.' ના લાભાર્થી નથી. તેમની પાસે 'અંત્યોદય' કાર્ડ છે પણ તેમાં સહારો મળી રહે તેટલું અનાજ મળતું નથી. કાળીબેન કહે છે, 'રેસનમાં ક્યારેય તેલ-તુવેરદાળ જોયા નથી.

ગરીબો વાળુમાં 'ખીચડી' ખાતા હોય છે અને મોંઘા શાકભાજી પોસાય નહિ એટલે ખીછડીમાં તેલ નામવાનું. બાબા રામદેવની 'પતંજલિ'ના ગાયના ઘી થી વઘારેલી ખીચડી દિલ્હીમાં વિશ્વવિક્રમ જરૂર બનાવે પણ કાળીબેનના નસીબમાં આ ખીચડી નથી. એમને ખીચડીમાં નામવા રેશનનું તેલ મળે તો પણ ભયોભયો. રેસનની દુકાન ગામમાં 'સત્તા'નું નવું કેન્દ્ર બની ગયું છે અને વધેલા પૈસા પાછા ન આપવા કે ફરિયાદ કરવાની વાત કરે તો રેસન 'બંધ' કરી દેવાની ધમકીનો કાળીબેનને અનુભવ થયો છે.

# ગરીબી વધે તેને વિકાસ કહેવાય કે ગરીબી ઘટે તેને વિકાસ કહેવાય?

દાણો વાવીએ પછી તે ફૂટે, બે પાંદડે થાય, મૂળ ઊંડા જાય, થડ મજબુત થાય, એના પર ફૂલ બેસે અને એમાંથી મીઠાં ફળ થાય તો આપણે છોડનો વિકાસ થયો એમ કહીએ છીએ.

ભારતમાં દલિતોની વસ્તી ૧૬.૬ ટકા છે અને આદિવાસીની વસ્તી ૮.૬ ટકા છે. આઝાદીના સિત્તેર વર્ષ પછી સરકારી આંકડા પ્રમાણે ૨૧.૬ ટકા એટલે કે પાંચમાં ભાગથી વધારે લોકો ગરીબ છે. સરખા ભાગે જોતાં દલિતોના પણ ૨૧.૬ ટકા લોકો ગરીબ હોવા જોઈએ પણ હકીકતે દલિતોના ૩૨.૫% લોકો ગરીબ છે ને આદિવાસીના ૨૯.૬ ટકા લોકો ગરીબ છે. એટલે કે ગરીબોમાં સૌથી વધારે દલિત-આદિવાસી છે. આવક નિયમિત હોય તો ઘર ચાલે, બાળકો ભણે, મકાન સારું બને, બચત થાય. દેશમાં મોટાભાગના લોકો દલિત-આદિવાસી-ઓ.બી.સી. પાસે નિયમિત આવકવાળી નોકરી નથી. આથી અને તેમનો જીવન નિર્વાહ છૂટક મજુરી પર જ ચાલે છે. દલિત વસ્તીના ૫૧.૨ ટકા અને આદિવાસી વસ્તીના ૪૨.૫ ટકા લોકો છૂટક મજુરીથી ગુજરાન ચલાવે છે. દલિતોમાં માત્ર ૧૪ ટકા અને આદીવાસીમાં માત્ર ૮.૧ ટકા કુટુંબ પાસે નોકરીની નિયમિત આવક છે.



૧૯૯૧ની સાલમાં ૭૦ ટકા દલિત કુટુંબો એવા હતા કે જેમની પાસે બિલકુલ જમીન ન હતી અથવાતો એક એકર કરતાં ઓછી હતી. દસ વર્ષ પછી જોઈએ તો જેમની પાસે જમીન નથી અથવા તો એક એકર કરતાં ઓછી છે તેવા દલિત કુટુંબો ૭૫ ટકા થયા છે. એટલે કે છેલ્લા ૧૦ વર્ષમાં ૫ ટકા વધુ દલિત કુટુંબો જમીન વગરનાં થયા છે.

વિકાસ થયો હોય તો તેમની પાસે ખેતીની જમીન વધે. વિકાસ થયો હોય તો નોકરી વધે. વિકાસ થયો હોયતો ગરીબી ઘટે.

# દલિત-આદિવાસી વિકાસનું મોડેલ રાજ્ય કેરાલા છે

તાજેતરમાં કેરાલામાં ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીએ રેલી કાઢી. કેરાલામાં આર.એસ.એસ. ના કાર્યકર્તાઓની સતત હત્યા કરવામાં આવી રહી છે તે મુદ્દો આ રેલીના આયોજન પાછળ હતો. હત્યા કોઈની ન થવી જોઈએ એવું આપણે બધા માનીએ છીએ. પરંતુ આ રાજકીય હત્યાના માહોલમાં કેરાલા ઉપર માછલાં ધોવાઈ રહ્યા છે.

ગુજરાતને દેશનું આદર્શ અને વિકાસનું મોડેલ રાજ્ય ગણવામાં આવે છે. સાચું. ૩૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે સરદારનું દુનિયાનું સૌથી ઊંચું બાવલું ગુજરાતમાં બની રહ્યું છે; કેરાલામાં નહિ. એ બાવલું અને એની આજુ બાજુ પર્યટકો માટે બાગ-બગીચા બનાવવા કેટલા હજાર આદિવાસીના ઝુંપડા તોડી નાંખ્યા અને તેમની કેટલા હજાર એકર જમીન આંચકી લીધી તેની વાત ખાસ થતી



નથી. રીવર-ફ્રન્ટ માં છેક નર્મદાનું પાણી લાવી સાબરમતી નદી ભરી છે ગુજરાતના મનોરંજન માટે; તેવું કેરાલામાં થયું નથી.

હકીકતમાં દલિત-આદિવાસીના વિકાસની વાત લઈએ તો ભારતનું આદર્શ અને મોડેલ રાજ્ય ગુજરાત નહિ પણ કેરાલા છે. આ તમારા-મારા જેવા લોકોએ ઉભી કરેલી વાત નથી પણ એવું ભારત સરકારના પોતાના આંકડા કહે છે.

અનુસુચિત જાતિ ના વિકાસ માટે ૨૦૧૬-૧૭માં કેરાલા સરકારે ૧૭૪૦ કરોડ રૂપિયા ફાળવ્યા અને એમાંથી દલિતોને સીધો લાભ મળે તે માટે ૧૬૯૬ કરોડ રૂપિયા એટલે કે ૭૯ ટકા નાણા વાપર્યા. આની સામે ગુજરાત સરકારે આજ વર્ષમાં ૩૯૯૮ કરોડ રૂપિયા ફાળવી તેમાંથી દલિતોને સીધો લાભ થાય તેવી રીતે માત્ર ૧૦૯૦ કરોડ રૂપિયા એટલે કે માત્ર ૧૮.૯ ટકા પૈસા વાપર્યા.

અનુસુચિત જનજાતિ માટે ૨૦૧૬-૧૭ ના વર્ષમાં કેરાલા સરકારે નિયમ પ્રમાણે ૩૪૨ કરોડ રૂપિયા ફાળવવાના થાય તેના બદલે આદિવાસી પ્રજા માટે ૬૫૨ કરોડ રૂપિયા ફાળવ્યા. એટલું જ નહિ પરંતુ તેમાંથી ૬૦૮ કરોડ રૂપિયા તેમને સીધો લાભ થાય તેવી રીતે વાપર્યા. આવું કરવાવાળા ભારતના ૧૦ રાજ્યોમાં ગુજરાતનો નંબર આવતો જ નથી.

# વિકાસ માટે સ્ટાફ ઓછો છે

(કિરીટભાઈ રાઠોડ)

અમદાવાદ જીલ્લાની જુદી જુદી શાળા કોલેજમાં ભણતાં દલિત વિદ્યાર્થીઓ પાસેથી શિષ્યવૃત્તિ ન મળવાની ઘણી ફરિયાદો મળતાં 'માહિતી અધિકાર કાનુન' હેઠળ વિગતો મેળવવા જીલ્લા પછાત વર્ગ અધિકારીને અરજી કરી. 'સ્ટાફ ઓછો છે' તેવું કારણ આગળ ધરી નિયત સમય મર્યાદામાં માહિતી ન આપી. આથી, નિયામક શ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર સમક્ષ અપીલ દાખલ કરી. કદાચ પોતાના હાથ નીચેના અધિકારીને બચાવવા માહિતી આપવાનો હુકમ ન કર્યો. આથી, ૨૦.૦૭.૨૦૧૦ ના રોજ ગુજરાત માહિતી આયોગ સમક્ષ અપીલ કરી. સુનાવણી દરમિયાન રાજ્ય માહિતી કમિશ્નર સમક્ષ અધિકારીઓનો બચાવ હાથવગો હતો, 'સ્ટાફ ઓછો હોવાથી માહિતી આપી શક્યા નથી'.

છેલ્લે માહિતી મળી પણ અધુરી. માહિતી પરથી વિદ્યાર્થીઓની ફરિયાદ સાચી હોવાનું સાબિત થયું. અમદાવાદ શહેર, સાણંદ, બરવાળા, ધંધુકા, માંડલ, વિરમગામ, રાણપુર, દશક્રોઈ તાલુકાની વિવિધ સરકારી અને સ્વનિર્ભર કોલેજમાં દાકતર, નર્સ, ઈજનેર શાખામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની કરોડો રુપિયાની શિષ્યવૃત્તિ ચૂકવાઈ ન હતી.

**તારીખ ૩૧.૩.૨૦૧૩ સુધીમાં શિષ્યવૃત્તિ ન ચૂકવાઈ હોય તેવા ૧૬૧૩ કિસ્સા હતા જ્યારે 'ગ્રાન્ટ નાઅભાવે' ૧૫૧૨ વિદ્યાર્થીઓની દરખાસ્ત બાકી હતી.**

નહિ ચૂકવેલી શિષ્યવૃત્તિની રકમ ૩ કરોડ રૂપિયા હતી.

ધોરણ ૧ થી ૧૨ ના શિષ્યવૃત્તિ ન ચૂકવાઈ હોય તેવા બાળકોની માહિતી હજુ મળી ન હતી. જીલ્લા પછાત કલ્યાણ અધિકારીના કહેવા મુજબ તેમને શિષ્યવૃત્તિ ચૂકવવી છે પણ 'ઉપરથી' ગ્રાન્ટ આવતી નથી. સરકારી મેળાવડા પાછળ કરોડોના ખરચા માટે 'ઉપરથી' ગ્રાન્ટ આવે છે. હકીકતમાં દલિત વિકાસ માટે ફાળવેલા નાણા બીજાજ હેતુઓ માટે વાપરી નાંખવામાં આવે છે અને આ રાજરમત સામે અનામત પર ચૂંટાયેલા 'શાંત' બેઠા છે.

છેલ્લે, રાજ્યના મુખ્યમંત્રી અને સમાજ કલ્યાણ મંત્રી સમક્ષ આ પ્રશ્ન માટે તપાસપંચ નીમવાની માંગણી કરી. સરકાર આટ-આટલું થવા છતાં પોતાની મેળે ન જાગી. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચની નોટીસ મળી એટલે અને અખબારોમાં આ સમાચાર છપાતાં જાગી.

છેલ્લે ત્રણ વર્ષના અંતે ૩૧૨૫ દલિત વિદ્યાર્થીઓને રૂપિયા ૧૬ કરોડ ૩૯ લાખની શિષ્યવૃત્તિ ચૂકવાઈ.

## ઢળતી ઉંમરે હાથ લાંબો કરવો પડે

(પ્રીતીબેન વાઘેલા)

જીવુબેન નાયકને 'તમારી ઉંમર કેટલી?' તેમ પૂછવાની જરૂર ન જણાય. તેમનું મૂળ ગામ ધોળકા તાલુકાનું કોઠ ને અડીને આવેલું 'ટપરપરા'. પતિના મરણ બાદ નાના દીકરાને તેડીને બેગવા ગામે આવીને ભાડાની એક ઓરડીમાં વસી ગયા તે વાતને આજે ૧૯ વરસના વહાણા વહી ગયા. દીકરાને પરણાવ્યો એટલે તે વહુ સાથે કચ્છમાં મજુરી કરવા ગયો છે. ક્યારેક-ક્યારેક મા માટે 'પૈસા' મોકલાવે છે. જીવુબેન આ ગામના 'મૂળ' નાગરિક નથી એટલે એમને બી.પી.એલ કાર્ડ મળે તેમાં હજાર 'ટેકનીકલ' વાંધા કાઢવા માટે સરકાર પાસે સમય છે. સરકારે કોઈ પણ પ્રકારના વાંધા-વચકા કાઢ્યા વગર એમને 'આધાર-કાર્ડ' કાઢી આપ્યું છે.

એમના ઘરમાં લાઈટ નથી અને 'અંતર' ના અજવાળે ટકી રહ્યા છે. ફળિયામાં કોઈની 'આંતરડી કકડી ઉઠે' તો તે થોડું ખાવાનું તેમની તરફ લંબાવે છે. બાજુમાં રહેતાં ગૌરીબેન એમને બી.પી.એલ. કાર્ડ અપાવવા ઘણું મથ્યા પણ સફળ ન થયા. ઢળતી ઉંમરે પેટનો ખાડો સમતળ રાખવા હાથ લંબાવવો પડે તેને ક્યા મોઢે વિકાસ કહેવો?

# ગામમાં એક પણ સરકારી બસ આવતી નથી

(નીરુબન ચોરસિયા; અરવિંદભાઈ મકવાણા)

બુલેટ ટ્રેઈન, એરપોર્ટ અને સીક્સ-લાઈન ધોરીમાર્ગથી ઘર ઘરને જોડવાનું સપનું ભાવનગર જીલ્લાના વલ્લભીપુર તાલુકાના ચાળા ગામમાં લોકોને આકર્ષવામાં ઉણું પડી રહ્યું છે. આ ગામ વલ્લભીપુરથી ૨૪ કિલોમીટર દુર છે. ગામમાં ૧ થી ૭ ધોરણ વાળી શાળા છે.



ખેતીકામ કરતાં નિતેશભાઈ પોતાના એકમાત્ર સંતાન પુત્રને ૭ ધોરણથી આગળ ભણાવવા માંગે છે. પણ ગામમાં એક પણ સરકારી બસ આવતી નથી. શિક્ષણ મફત છે પણ તે માટે મુસાફરીનું ભાડું ભરવાની જવાબદારી બાળકોના વાલીની હોય છે. નિતેશભાઈની ત્રેવડ નથી કે પોતાના પુત્રને વાહન ખરીદી આપે. ગામના અન્ય શ્રમિક કુટુંબોની હાલત પણ એ જ છે. મંદી-નોટ બંધી-જી.એસ.ટી ના મારથી એક પછી એક એમ હીરા ઘસવાના તમામ કારખાનાં બંધ થઈ ગયા છે.

અત્યારે શહેરોમાં વિકાસ બાંધકામોમાં દેખાય છે. ગામમાં એક જ મજુરી મળી રહી છે 'રેતી ભરવાની'. આ કામ પણ નિયમિત મળતું નથી અને તમામ જરૂરિયાતમંદ લોકોને મળી શકે તેમ નથી.

# લાભ મળતો નથી કારણ 'સ્કોર' ઉંચો છે

(મંજુલાબેન મકવાણા અને ડાહ્યાભાઈ દાફડા)

ભારતના યુવાનોને ગાંડા કરી દે તેવી ક્રિકેટની દુનિયામાં એક નિયમ છે; જેટલો ઉંચો સ્કોર એટલા પૈસા અને ઈનામ વધારે મળે. ગુજરાત રાજ્યની વિકાસની દુનિયામાં ગરીબ-વિધવા સ્ત્રી માટે સાવ વિપરીત નિયમ છે; જેટલો સ્કોર ઉંચો એટલી સરકારી સહાય મેળવવા લાયકાત નીચી. ક્રિકેટના સ્કોર ગણવાના નિયમ પારદર્શક છે; સામાન્ય વ્યક્તિ પણ ગણી શકે છે; વિધવા સહાય મેળવવાની લાયકાતનો સ્કોર ગણવાના નિયમો અને ગણતરી સામાન્ય લોકોને ગળે ઉતરી શકે એમ નથી હોતા. કારણ ઉપરથી જે દેખાય તે સત્ય નથી હોતું.



રાજકોટ જીલ્લાના વિંછીયા તાલુકાના ફૂલઝર ગામમાં રહેતાં રૂપાબેન ૫૩ વર્ષની ઉમરે પહોંચ્યા છે. ત્રણ સંતાનોની મા એવા રૂપાબેન પતિના મૃત્યુ બાદ પિયરમાં રહે છે. પોતાના ત્રણ સંતાનો સાથે એક નાની ઓરડીમાં રહી પારકી મજુરી કરી પોતાના બાળકોને મોટા કરી રહ્યા છે.

બી.પી.એલ. ના લાભાર્થી બનવા માટે ગુજરાત સરકારે ૧૩ માપદંડ નક્કી કર્યા છે જેના આધારે 'સ્કોર' નક્કી થાય છે. ૦ થી ૧૬ના સ્કોરમાં આવે તે લાભાર્થી. એક માપદંડ 'ઘરની મોભી સ્ત્રી હોય' તેવો પણ છે. આમ હોવા છતાં રૂપાબેનને 'ઉંચો સ્કોર' હોવાથી બી.પી.એલ. સહીત કોઈ સરકારી લાભ મળ્યો નથી. મજુરી પર એક દીકરીનો પ્રસંગ પાર પાડ્યો છે. આ પ્રસંગે દેવું થયું છે તેનું ભરણું ચાલુ છે. વર્ષોથી રૂપાબેન એવું સાંભળતા આવ્યા છે કે તેમના માટે ઘરથાળનો પ્લોટ મંજુર થયો છે પણ એતો એમના હાથમાં આવે ત્યારે ખરું.

રૂપાબેન પાસે ખેતીની જમીન નથી. આટલા વરસોમાં ઘણી વાર વિધવા સહાય મેળવવા અરજી કરી છે પણ તેમને તે મળી નથી. વિધવા તરીકે ઘર કઈ રીતે સંભાળવું તે આવડતનો અને સંવેદનશીલતાનો સરકારનો કોઈ 'સ્કોર' નથી.

# જાહેરાત પાછળ ખર્ચ ૧૦૦ ટકા

સામાન્ય ગરીબ લોકોને સરકાર પાસેથી સીધો લાભ માત્ર યોજનાથીજ મળે છે. દર વર્ષે સરકાર નવી-નવી યોજનાઓની જાહેરાત કરે છે. યોજનાની જાહેરાત થાય પછી તે યોજના માટે પૂરતા પૈસા ફાળવવા પડે અને ફાળવેલા પૈસા વાપરવા પડે.

૨૦૧૬-૧૭ ના વર્ષમાં ગુજરાત સરકારે દલિતોના વિકાસ માટે 'સામાન્ય શિક્ષણ' ની યોજના માટે ૨૮૯.૮ કરોડ રૂપિયા ફાળવ્યા પણ એમાંથી વર્ષ પૂરું થઈ ગયું ત્યાં સુધીમાં વાપર્યા માત્ર ૨૩૦.૨ કરોડ રૂપિયા. એટલે કે ૫૯.૬ કરોડ વાપર્યા જ નહિ. આજ પ્રમાણે તકનીકી શિક્ષણમાં ૩.૧૫ કરોડ ; ખેલકૂદમાં ૬.૮ કરોડ; તબીબી અને જાહેર આરોગ્યમાં ૩૧.૬૭ કરોડ; દલિતોની વસ્તીના ૩૦ ટકાથી વધુ લોકો રહે છે તેવા શહેરી વિકાસમાં ૧૯૭.૩૮ કરોડ; શ્રમ અને રોજગારની યોજનામાં ૨.૩૧ કરોડ; સામાજિક સુરક્ષા અને કલ્યાણ માટેની યોજનામાં ૨૨.૪૩ કરોડ અને પોષણ ને લગતી યોજનામાં ૧૫.૧૯ કરોડ રૂપિયા વાપર્યા જ નથી.

સરવાળે જોતાં ૧૬૮ કરોડ અને ૮૫ લાખ રૂપિયા પડ્યા હોવા છતાં વાપર્યા જ નથી.

હા, એક એવી યોજના છે જ્યાં સો એ સો ટકા પૈસા વપરાયા છે અને તે છે 'માહિતી અને પ્રસારણ' એટલે કે પ્રચારમાં !



# હસ્તકલા કારીગરો પર કોઈ ધ્યાન નહિ

ભારતમાં ખેતી પછી સૌથી વધુ રોજગારી આપતું કોઈ ક્ષેત્ર હોય તો તે હસ્તકલાનું છે. આ ક્ષેત્ર અંગે ઝાઝા અભ્યાસ થયા નથી.

સરકારી આંકડા મુજબ દેશમાં ૪૩ લાખ વણાટ કારીગરો છે જે હેન્ડલુમ ક્ષેત્રમાં રોજગારી મેળવી રહ્યા છે. અન્ય હસ્તકલામાં ૭૦ લાખ લોકો પોતાની રોજી કમાઈ રહ્યા છે. જી.એસ.ટી. ની ઝપટમાં આ ક્ષેત્ર પણ આવી ગયું છે.

પરંતુ ૭૫% કારીગરોને ખબર નથી કે તેમને જી.એસ.ટી. લાગે છે. નવા લાગેલા કરથી તેમની વસ્તુઓના ભાવ વધવા છતાં કાચા માલ પર તેમણે ચૂકવેલા કરના પૈસા તેમને પાછા મળી શકે તેવી જોગવાઈથી ૮૯ ટકા કારીગરો અજાણ છે.

વાર્ષિક ૨૦ લાખ રૂપિયાથી ઓછી આવક હોય તો પણ બીજા રાજ્યોમાં માલ વેચવા માટે નોંધણી કરવી પડે એવી જોગવાઈથી ૭૬ ટકા લોકો અજાણ છે. પોતાના વ્યવસાયમાં જી.એસ.ટી કઈ રીતે કામ કરે છે તેની જાણકારી ૮૧ ટકા કારીગરો પાસે નથી.

## 'હોલસેલ' માં સસ્તું પડે પણ જથ્થાબંધ માલ લેવા પૈસા જોઈએ

(નીરુબન ચોરસિયા; અરવિંદભાઈ મકવાણા)

જીગ્નેશભાઈ બારૈયા ભાવનગર જીલ્લાના મહુવા તાલુકામાં મહુવા મિલની ચાલીમાં રહે છે. ત્રણ દીકરીના પિતા છે અને ઘરની પરિસ્થિતિને લઈ ૧૦ મા ધોરણ પછી ભણવાનું પડતું મુકેલું. મજુરી કરતાં ધંધામાં સારું એમ માની કરિયાણાની દુકાન શરુ કરી છે. હોલસેલમાં જથ્થાબંધ માલ લઈ વેચતાં વધુ નફો થાય તે સાદું ગણિત તે સમજે છે પણ જથ્થાબંધ માલ લેવા 'રોકાણ' જોઈએ જે તેમની પાસે નથી.

# હીરા ઘસાઈને ચમકે છે; જીન્દગી ઘસાઈને ચમક ગુમાવે છે

(નીરુબન ચોરસિયા; અરવિંદભાઈ મકવાણા)

મનુભાઈ વાળા. ગામ સિહોર તાલુકાનું પીપરડી. ૧૨ સુધી ભણેલા. ઉંમર ૩૯. એક બાળકના પિતા છે.

મનુભાઈ હીરા ઘસવાનું કામ કરે છે. ઘણા સમયથી ધંધામાં મંદી હતી. તેમાં કળ વળે તે પહેલા 'નોટ-બંધી'નો ફટકો પડ્યો. બીજું કઈ વિચારવાનું થાય તે પહેલા જાણે જી.એસ.ટી નું આભ ફાટ્યું. મનુભાઈને કામ મળે છે.

વર્ષોના અનુભવ પછી તે કારીગર બન્યા છે. પણ વિકાસના વિપરીત વમળમાં ફસાયા છે. સામાન્ય રીતે અનુભવ વધતાં આવક વધે; અહીં એનાથી ઉલટું, આવક ઘટી છે. આખો દિવસ કામ કર્યા પછી માંડ ૨૦૦ રૂપિયા મળે છે. ઘરમાં બીજું કોઈ કમાઈ શકે તેમ નથી. હીરાને ચમકાવી-ચમકાવી મનુભાઈની જીન્દગી જાણે ચમક ગુમાવી બેઠી છે.

## ત્રણ સાંધો ને તેર તૂટે

(નીરુબન ચોરસિયા; અરવિંદભાઈ મકવાણા)

ગીરીશભાઈ ચુડાસમા ૩૬ વર્ષની ઉમરે પહોચ્યા છે. ૧૫ વર્ષ પહેલા પિતાજીનું અવસાન થતાં ૯ માં ધોરણથી આગળ ભણવાના બદલે ઘર ચલાવવામાં લાગી ગએલા. ભાવનગર જીલ્લાના મહુવા ખાતે રહે છે.

ગીરીશભાઈ ક્યારેક કડીયાકામ તો ક્યારેક ડુંગળીના કારખાનામાં મજુરી કરે છે.

રોજના રૂપિયા ૧૨૦ મળે છે. પોતાના ચાર બાળકો, પત્ની, મા અને દાદી વાળા આઠ કુટુંબના સભ્યોનું પાલનપોષણ મહુવાના શહેરી વિસ્તારમાં કરવા કપરાં ચઢાણ ચઢવા પડે છે. મા ૬૨ વર્ષની ઉંમરે ભૂંગળાના કારખાને મજૂરી કરી ટેકો કરે છે.

ગીરીશભાઈએ પોતાની મોટી દીકરીનો અભ્યાસ અટકાવી દીધો છે. બહુજ તાણ પડે ત્યારે ગીરીશભાઈ સળંગ ત્રણ પાળી ડુંગળીના કારખાનામાં ખેંચી કાઢે છે.

છતાંય, ત્રણ સાંધતા તેર તૂટે એવો ઘાટ થાય છે.

# સરકારી નોકરી હોયતો સાસરું સારું મળે

(નીરુબન ચોરસિયા; અરવિંદભાઈ મકવાણા)

ભાવનગર જીલ્લાના વલ્લભીપુર તાલુકાના પચ્છેગામના લલીતભાઈ હેડંબા શિહોર ખાતે ખાનગી કંપનીમાં મજુરી કરે છે. આટલા વર્ષની નોકરી પછી તેમનો પગાર મહીને ૮૫૦૦ થયો છે તેમાંથી ખાસ્સા પૈસા ભાડામાં જાય છે. તેમને ત્રણ બાળકો છે. એક દીકરી હેતલ એમ.એ. સુધી ભણી છે. બીજી દીકરીએ એમ.સી.એ. નો અભ્યાસ ઘરની આર્થિક પરિસ્થિતિને કારણે અધુરો છોડ્યો છે. મીનાક્ષી પણ એક ખાનગી કંપનીમાં કામે લાગી છે. તેને મહિનાના ૭૦૦૦ રૂપિયા મળે છે તેમાંથી મહીને ૩૦૦૦ રૂપિયા મુસાફરીમાં જતાં રહે છે. હેતલ સતત નોકરી માટે અરજી કર્યા કરે છે. સરકારી નોકરી હોયતો સાસરું સારું મળે અને દીકરી દુઃખી ન થાય એટલે લલીતભાઈએ પેટે પાટા બાંધી બંને દીકરીને ઉચ્ચ શિક્ષણ અપાવ્યું છે.

## ભેદભાવ દેખાતો નથી પણ અનુભવાય છે

(નીરુબન ચોરસિયા; અરવિંદભાઈ મકવાણા)

ભાવનગર જીલ્લાના ઉમરાળા તાલુકાનું ટીંબી ગામ. દલિતોના અહીં ૪૦-૪૫ મકાનો છે. માત્ર બે યુવાનોને કાયમી આવક આપતી સરકારી નોકરી છે.

રાકેશભાઈ ૧૨ સુધી ભણ્યા. શરીરનો બાંધો મજબુત એટલે પોલીસની નોકરીમાં ઘણાં પ્રયત્નો કર્યા પણ નંબર ન લાગ્યો. પોતાની સાથે ભણતા અને પોતાના જેટલું જ ભણેલા સાથી મિત્રો બધા સારી આવકવાળા કામમાં સેટ થઈ ગયા છે. ફરક માત્ર 'જ્ઞાતિ' નો પડે છે. રખેને કોઈ આ સંજોગને 'છૂટી છવાઈ' ઘટના માની લે. ગામના તમામ દલિત યુવાનો બીજું કઈ કામ ન મળતાં મોટા શહેરોમાં જઈ પોતાના વંશપરંપરાગત 'સફાઈ' ના વ્યવસાયમાં અને 'સ્વચ્છતા મિસન' ને ઉજળું કરવાના પુણ્ય કાર્યમાં લાગી ગયા છે.

પિતા કાળુભાઈ હજુ પણ ખેતમજુરી કરે છે.

# મફતીયાપરા એટલે ઈશ્વરનગર

(દિનેશ પરમાર-વજુભાઈ પરમાર-હરજીભાઈ અંજારા)

શહેરીકરણ વધી રહ્યું છે તેની સાથે ઝુંપડપટ્ટી પણ વધી છે. શહેરમાં રોટલો મળે પણ ઓટલો ન મળે તે અગાઉ મુંબઈ માટે કહેવાતું. આથી, શહેરમાં મજુરી કરવા આવેલા લોકોએ માથે કંઈક તો આધાર જોઈએ એટલે શહેર બહાર ખુલ્લી જગ્યા મળે ત્યાં છાપરાં તાણેલા. સવિશેષ કાઠિયાવાડમાં આવા વિસ્તારો ને 'મફતીયાપરા' તરીકે ઓળખવામાં આવે છે. ભાવનગર શહેરમાં આવા વિસ્તારનું નવું સ્વમાન-પ્રેરક નામ પાડવામાં આવ્યું છે 'ઈશ્વરનગર'.

ગરીબોના ઈશ્વર પણ ગરીબ જ હોય છે. દલિત-દરબાર-કોળી પટેલ-ભરવાડ વખાના માર્યા અહીં ભેગા રહે છે. દોઢેક હજાર કાચા મકાનો અહીં છે. રસ્તાની પેલે પાર 'સોસાયટી' આવેલી છે જ્યાં દરેક ઘરે પાણીની પાઈપ-લાઈન નું જોડાણ છે. મકાનો સુખ-સગવડ વાળા છે. તે વિસ્તારનું નામ 'ઈશ્વરનગર' નથી.

ઈશ્વરનગરમાં પીવાના પાણીની રાડ ભારે છે. અમુક લોકોએ પોતાના ખાનગી હેન્ડ-પંપ નાંખ્યા છે અને જરૂરિયાતમંદ લોકોને મહિને ૨૦૦ રૂપિયાના દરે પાણી ભરવા દે છે. દલિત-કોળી પટેલ છૂટક મજૂરી-કડીયાકામ-હીરા ઘસવામાં રોકાએલા છે. દરબારો રિક્ષા ચલાવે છે. ધંધુકા, લીમડી, ધોલેરા, બરવાળા, બાવળા, ધોળકા તથા ભાવનગરથી સ્થળાંતર કરી લોકો અહીં ૩૦-૩૫ વર્ષથી વસ્યા છે. જિંદગી જીવવાનો સંઘર્ષ બળુકો બન્યો છે એટલે



આભડછેટ ઘસાઈ છે. મકાન કોઈના નામે થયા નથી. જે થશે તે સહુનું થશે તેવો પ્રારબ્ધવાદ બધાને નિશ્ચિંત રાખે છે.

હીરા ઘસવાના કામમાં પૈસા વધુ મળે પણ મંદીનો ભારે માહોલ છે. સરવાળે બધાની મહિનાની આવક શેર બજારમાં ગમે તેટલી ઉથલપાથલ થાય તો પણ રૂપિયા ૭૦૦૦-૮૦૦૦ થી વધતી નથી. સરકારી શાળા છે પણ ઓરડાનો અભાવ છે. અગાઉ શાળાનું ચેકિંગ થતું હતું એટલે ભણતર સારું ચાલતું. અત્યારે શિક્ષક પર કોઈ દબાણ નથી તેવું લોકો કહે છે.

હીરા કામદારનો પગાર બેંકમાં જમા થતો હોવાથી નોટ-બંધી વખતે લોકો ઘણા હેરાન થયા. હીરાના કારખાનાંવાળા વર્ષથી વધારે કોઈને કામે રાખતાં નથી જેથી કારીગર કાયમી ન થાય. આટલી મોટી વસ્તીમાં બી.પી.એલ. કાર્ડ માંડ ૧૦-૧૫ કુટુંબ પાસે છે.

સ્વચ્છતા મિસન અહીં નજરે ચઢે છે. સરકાર તરફથી રૂપિયા ૧૨,૦૦૦ ની સહાય સામે લોકોને સંડાસ બનાવવા પેટે ૨૦૦ ઈંટો (૯૦ રૂપિયા); ૨ થેલી સિમેન્ટ (૫૦૦ રૂપિયા), ૩૫ તગારા રેતી (૧૪૦ રૂપિયા), ૩૦૦ લીટર પાણીની ટાંકી અને કડીયાકામ મજુરી પેટે ૩૦૦૦ રૂપિયા મળ્યા છે. સરવાળો પાંચેક હજારથી વધતો નથી. બાકીના પૈસાનું શું થયું તે માત્ર સરકારને ખબર છે.

અગાઉ પુર હોનારત થાય ત્યારે લોકો કહેતા કે અમારી જાણમાં આવી હોનારત પહેલી વાર થઈ તેવું જ 'મોંઘવારી' વિષે કહે છે. અત્યારે જાત-જાતના અને ભાત-ભાતના કાર્ડ કઢાવવામાં લોકો પરેશાન છે; આધાર-કાર્ડ, રેશન-કાર્ડ, બેંક ખાતું, ચુંટણી-કાર્ડ, મા અમૃતમય-કાર્ડ વગેરે. કંટાળીને લોકોએ રંગબેરંગી યોજનાના ફોર્મ ભરવાનું બંધ કરી દીધું છે. રેસન માટે બાયો-મેટ્રિક પદ્ધતિમાં અંગુઠો મારવો ફરજીયાત છે પણ છાસવારે કમ્પ્યુટર બંધ હોય છે.

વાલીબેન છેલ્લા ૨૦ વર્ષથી ફોરેસ્ટ ખાતામાં બીજા ૧૧ બહેનો સાથે નોકરી કરે છે, તેમાંથી ચાર બહેનો કાયમી થયા નથી. તે બધા સાથે જમવા બેસે છે પણ વાટકી-વહેવારમાં નાત-જાતના નિયમ પાળે છે. પાણીના માટલા કામના સ્થળે 'અલગ' છે. 'કાયમી' ગણાતા બેનોનો ચાર રવિવારનો પગાર ચૂકવાતો નથી.

## મહેનત કરનારને ઓછા પૈસા મળે

(નીરુબન ચોરસિયા; અરવિંદભાઈ મકવાણા)

ભાવનગર જીલ્લાના વલ્લભીપુર તાલુકાના ઈટાડીયા ગામે રહેતા મુકેશભાઈ ૩૦ વર્ષની ઉમરે પહોચ્યા છે. ૧૧ ધોરણ પછી શિક્ષણ કરતાં રોટલાની ભૂખ બળુકી બનતા ધંધે ચઢી ગયા હતા. અગાઉ તેઓ 'સેન્ટીગ' કામ કરતાં હતા તે હવે પૈસા ઓછા મળતાં પડતું મુક્યું છે. પહેલા કામ સીધું મળતું હતું હવે પટેલ કોન્ટ્રાક્ટર બધા કામ રાખી લે પછી એની પાસેથી કામ મેળવવાનું હોવાથી પૈસા ઘટ્યા. ત્રણ સંતાનોનું ભરણપોષણ કરવા હવે તે છૂટક મજુરી કરે છે. તેમના અનુભવનો નીચોડ તેમના ઓછા શબ્દોમાં આવી જાય છે, 'મહેનત કરનારને ઓછા પૈસા મળે'.

## ૨૦૦ રુપિયા કમાવા રોજ ૨૫ કિલોમીટર જવું પડે છે

(નીરુબન ચોરસિયા; અરવિંદભાઈ મકવાણા)

૩૮ વર્ષના ત્રણ સંતાનના પિતા પરેશભાઈ ખીમજીભાઈએ પણ ૧૦મું ધોરણ ભણ્યા પછી ઘર ચલાવવાની જવાબદારી પોતાના માથે લઈ લીધી. તેમનું વતન ભાવનગર જીલ્લાના ઉમરાળા તાલુકાનું ટીંબી ગામ. દીકરો ૧૨ સુધી ભણ્યો છે પણ 'ઘર ચલાવવાનો' વારસો તેના ભાગે આવે તેવા એંધાણ છે. ખેતીકામમાં હવે મજુરી મળતી નથી કારણ નસવાડી થી મજૂરોની મોટી ફોજ અહીં ઓછા ભાવે કામ કરી આપે છે. સેન્ટીગ કામ ક્યારેક મળી રહે છે. તેમાં રોજ ૨૦૦ રૂપિયા મળે છે પણ તે મેળવવા સારું ૨૫ કિલોમીટર મુસાફરી કરવી પડે છે.

## સ્વમાનભેર જિંદગી તો જીવવી છે પણ...

(નીરુબન ચોરસિયા; અરવિંદભાઈ મકવાણા)

ભાવનગર જીલ્લાના વલ્લભીપુર તાલુકાનું દુદાધાર ગામ. 'પિતાજી અંધ હતા અને મેં મજુરી કરી પોતાના બે છોકરાં ભણાવ્યા.' ૧૦ ધોરણ ભણ્યા પછી વિપુલભાઈ કતપરાએ ઘરની જવાબદારી સંભાળી લીધી. નાની ઉમરે ખેતમજુરી અને સેન્ટીગ કામે લાગ્યા. પણ ઘરનું ભરણપોષણ કરી શકાય તેટલા પૈસા મજૂરીમાંથી મળતા નથી. વિપુલભાઈ હવે વધુ કમાઈ શકે તે માટે સુરત જવાનું વિચારી રહ્યા છે. માથેમેલુંનું કામ કરેલું નથી પણ એમને બીક લાગે છે કે સુરતમાં શૌચાલય સફાઈનું કામ જ વધારે મળે છે. તેમની હતાશા તેમના શબ્દોમાં પડઘાય છે અને વિકાસની વાતના છોતરાં પાડે છે, 'સ્વમાનભેર જિંદગી જીવવી છે પણ...'

# 'ઓન લાઈન' માં લાંબી 'લાઈન' તો ખરી જ

(નરેન્દ્રભાઈ પરમાર)

લોકોને 'વિકાસ' નો અહેસાસ થાય તે માટે શું જોઈએ છે તેની યાદી લાંબી છે. આવક-જાતિ નો દાખલો, આધાર-મા-ફીશીપ-રેસન જેવા કાર્ડ



કઢાવવા થતી કાર્યવાહી 'ઓનલાઈન' કહેવાય છે. પણ શહેરમાં ઘેર બેઠાં બેઠાં લોકો રેલ્વેનું બુકિંગ કરાવે કે ખાવા પિત્ઝા મંગાવે તેવું આ 'ઓનલાઈન' માં બનતું નથી. ગામના લોકોએ લાંબી લાઈનમાં ઉભા રહેવું પડે. ઘણી વાર 'સર્વર' ડાઉન થઈ જાય એટલે ધક્કો થાય અને ક્યારેક વારો આવે ત્યારે દહાડો પતવા આવે એટલે મજુરી ભાંગે. એ બધા કાર્ડ ગાળામાં લટકાવ્યા પછી 'લાભ' થવાની કોઈ ગેરંટી નહીં. આવી લાંબી લાઈનો તાલુકા મથકે બેંક-વ્યવહારમાં અને જમીનના દાખલા કઢાવવા-હક્કપત્રકમાં ફેરફાર કરાવવા માટે 'ઈ-ધરા' માં પણ જોવા મળે.

વિકાસનો જાદુ એવો છે કે ફૂંક મારતાં જ ગરીબો ગરીબી ની રેખા ઉપર જતાં રહે અને તેમને વિકાસ-બોન્ડ જેવું 'એ.પી.એલ.' (અબાઉ પાવર્ટી લાઈન) કાર્ડ મળી જાય અને સુખી સંપન્ન લોકો ઘડીના છઠ્ઠા ભાગમાં ગરીબીની રેખા હેઠળ આવી જાય અને બી.પી.એલ. ના હકદાર બની જાય.

**ગામડાના ઘણા લોકોને સમજાતું જ નથી કે કોઈ પણ બાધા-માનતા રાખ્યા વગર અને તેમની હાલતમાં કંઈ પણ સુધારો ન થવા છતાં તે ગરીબ કેમના મટી ગયા?**

પોતે ગરીબ જ છે એ સાબિત કરાવવાની લાઈન પણ લાંબી.

દરેક ગામમાં નાત-જાત-ધર્મ-ભાષા-પ્રદેશના ભેદભાવ વગર ૧૮ થી ૪૦ વર્ષના વયજૂથમાં ૧૨ થી ૧૫ રોજગારી માટે ટળવળતા યુવાનો જોવા મળે છે. રોડ-રસ્તા-ગટર-સ્ટ્રીટલાઈટ-શૌચાલય ની સગવડ હારીજ તાલુકાના ગામડે પહોંચી નથી.

# સ્મશાનની જમીન પર પણ દબાણ

(નરેન્દ્રભાઈ પરમાર)

પાટણ જીલ્લાના હારીજ તાલુકાના પીપલાણા, જુના માંકા, ખાખડી, જમણપુર અને વાંસા ગામમાં બિન-દલિતોએ દલિતો માટે નીમ થએલી સ્મશાનની જમીનોમાં દબાણ કરેલ છે. પીપલાણા ગામે જમીન સાવ ઓછી છે, એમાં એક તરફ ગામના ઠાકોરે દબાણ કર્યું છે અને ઘણી જમીન પર બાવળનું ઝુંડ છે એટલે સ્મશાનની જમીન હોવા છતાં દફન માટે ભારે તકલીફ પડે છે. સ્મશાન ગામથી દોઢ કિલોમીટર દુર છે. જુના માંકા ગામે દલિત-સ્મશાન જમીનમાંથી સરકારે રસ્તો કાઢતાં વધેલી જમીન બે ભાગમાં વહેંચાઈ ગઈ છે. એક બાજુના ખેડૂતોએ એમના ખેતરમાં સ્મશાન જમીન ભેળવી દીધી છે. ખાખડી ગામે દેસાઈ કોમના ઈસમે સ્મશાન જમીન પર બે વાડા બાંધી દીધા છે. દલિતો ફરિયાદ કરતાં નથી કારણ ફરિયાદ થાય તો અત્યાચાર થાય અને ન્યાય ન મળે તે વધારામાં. ગામમાં 'સામુહિક'



સ્મશાનનો દલિતો ઉપયોગ કરી શકે તેવી સ્થિતિ ૫૬ ઈંચ છાતી ધરાવતી સરકાર જ કરી શકે.

જમણપુર અને વાંસા ગામે દરબારોએ દબાણ કરેલ છે. આ બધા પ્રશ્નોમાં ચિંતાનો સવાલ એ છે કે અનુશાસન વગર લોકશાહી ચાલે ક્યાંથી ? બધા વ્યક્તિ કાયદો પોતાના હાથમાં લે તોજ ન્યાય મળે?

## સરવાળો શૂન્ય

(નીરુબન ચોરસિયા; અરવિંદભાઈ મકવાણા)

હર્ષદભાઈ કોલેજ પૂરી કરી સેન્ટીગ કામમાં લાગી ગએલા. તેમના પિતાએ ખેતરમાં મજુરી કરી ત્રણ બળકોને મોટા કર્યા. હર્ષદભાઈની નાની બહેન હાલમાં દસ વર્ષની છે પણ તે એક વર્ષની હતી ત્યારેજ માનું અવસાન થયું. અત્યારે સાત ધોરણ પછી બેન નિશાળે જતી નથી. ઘરનું કામ સંભાળવા કોઈની જરૂર પડે તે જ તાતી જરૂરિયાત છે. નાનો ભાઈ ૧૦મા ધોરણમાં છે. બાપુજીની ઈચ્છા હતી કે હર્ષદ આગળ ભણે પણ મા ની ગેરહાજરીથી તેનું મન ભણવામાં લાગતું નથી. છૂટક મજુરી રોજ મળતી નથી અને ઘર ચલાવવા પૈસાની જરૂર પડે. હર્ષદ અત્યારે ગામના પટેલની જમીનમાં ભાગિયા ખેતી ૩૦ ટકા લેખે કરે છે. હર્ષદને અનુભવે ભણતર સાથે 'ગણતાં' શીખવ્યું છે. પોતાના ભાગિયા ખેતીના ધંધાનો હિસાબ સમજાવતા કહે છે, 'સરવાળે શૂન્ય'.

## 'ખાલી' નોકરીની જાહેરાતો 'ખાલી' જ રહે છે

(નીરુબન ચોરસિયા; અરવિંદભાઈ મકવાણા)

સુરેશભાઈ રત્નોત્તર માતા-પિતાનું એકમાત્ર સંતાન. કોલેજનો અભ્યાસ પૂરો કર્યો. પિતાજી 'દલિતોના' બ્રાહ્મણ પણ હવે શ્વાસની બીમારીથી પીડાવાને કારણે કામ કરી શકતા નથી. સુરેશભાઈ હવે ૨૮ ની ઉમરે પહોચ્યા છે અને કુટુંબનું ભરણપોષણ કરવા ખાનગી કંપનીમાં જોડાઈ ગયા છે. મા થી હવે મજુરી થતી નથી ને સુરેશભાઈને મળતી આવકમાંથી ઘરના બે છેડા ભેગા થતા નથી. હવે તે વધુ આવક મળે તેમ માની અમદાવાદ જવાનું વિચારી રહ્યા છે. અવાર-નવાર સરકારની નોકરીની જાહેરાત પડે તેમાં તે અરજી કરે છે પણ કંઈ સારા સમાચાર મળતા નથી.

સુરેશભાઈનું વતન ભાવનગર જીલ્લાના વલ્લભીપુર તાલુકાનું નવાગામ. તે માને છેકે ભણવાનું કોઈ મુલ્ય નથી. ક્યારેક એમને લાગે છે કે પોતાના નસીબમાં વાંક છે.

## વિકાસ પક્ષ સાથે જોડાઈ ગયો છે

(નીરુબન ચોરસિયા; અરવિંદભાઈ મકવાણા)

ભાવનગરના વલ્લભીપુર ખાતે રહેતાં કલ્પેશભાઈ બોરીચા પણ સેન્ટીંગ કામની મજુરી કરે છે. 'નર્સિંગ'નું ભણતર પૂરું કર્યું છે પણ નોકરીનો મેળ આવતો નથી. મા-બાપની આર્થિક સ્થિતિ તેમના ઉચ્ચ શિક્ષણના સાહસને પોંખી શકે તેવી હવે રહી નથી.

કલ્પેશભાઈ કહે છે' 'વિકાસના કામો રાજકીય પક્ષ સાથે જોડાઈ ગયા છે'. સત્તાધારી પક્ષના લોકોનેજ વિકાસના કામો મળે છે. સરકાર કહે છે તેનાથી સાવ ઉલટું 'બજાર' મુક્ત નથી પણ ઈજારાશાહીથી ઘેરાઈ ગયું છે. એટલે ઘણા બધા ધંધા-રોજગાર ભાંગી ગયા છે.

કલ્પેશભાઈના મતે શહેરમાં મજૂરી કરવા જઈએતો 'શૌચાલય' સફાઈ જેવા કામ જ મળે છે એના કરતાં ગામમાં રહી જેવી મળે તેવી મજુરી કરવાનું તે પસંદ કરે છે.

# પ્રાથમિક શિક્ષણ નાગરિક ઘડતર માટે સર્જાયું છે?

(નરેન્દ્ર પરમાર)

પ્રાથમિક શિક્ષણ નાગરિક ઘડતરનું કામ કરી શકે તે માટે દેશના ઘણા વિચારક-ચિંતકોએ યોગદાન આપ્યું છે. કમનસીબે શિક્ષણ નાત-જાતના ભેદભાવ ટકાવી રાખવા અને મજબુત કરવાનો અખાડો બની ગયું છે.

હારીજ તાલુકાના વીસેક ગામના મુખ્ય શિક્ષક પાસેથી માહિતી મેળવતા જણાયું કે 'સ્કુલ મેનેજમેન્ટ કમિટી' ની રચના જ કરવામાં આવી નથી.

સરકારનો પરિપત્ર હોવા



છતાં શિક્ષક ગામ પર રહેતા નથી.

મધ્યાહન ભોજન માટે થાળી શાળા તરફથી આપેલી છે. છતાં થાળી દ્વારા આભડછેટ ન ફેલાય માટે થાળી આપવામાં આવતી નથી.

એજ રીતે આરોગ્યના બહાના હેઠળ બાળકોને એક માટલામાંથી પાણી પીવું ન પડે માટે બાળકોને બોટલમાં પાણી લઈ આવવા પ્રોત્સાહન આપવામાં આવે છે.

સરકારની સુચના અનુસાર શાળામાં મધ્યાહન ભોજનમાં રસોઈયા તરીકે દલિત સભ્યની નિમણુંક કરવામાં આવતી નથી અને નિયમાનુસાર દલિત બાળકોનો ભોજન પીરસવામાં વારો ન આવે માટે પીરસવાનું કામ રસોઈયો કરે છે.

દલિત બાળકોને મળતી શિષ્યવૃત્તિના ફોર્મમાં 'અસ્વચ્છ વ્યવસાયમાં રોકાએલા વાલીના બાળકો માટે શિષ્યવૃત્તિ' એવું લખવાનું ઘણી રજૂઆત પછી પણ ચાલુ છે. દલિત બાળકોને શિષ્યવૃત્તિ વહેંચવાનું કામ દલિત શિક્ષકોને આપવામાં આવે છે.

૨-૩ કિલોમીટર દુરથી આવતા બાળકો માટે નક્કી કરેલ ધોરણથી વિપરીત મુસાફરીની કોઈ વ્યવસ્થા કરવામાં આવતી નથી. બાળકો ચાલતાં આવે-જાય છે.

## કેરોસીન આપો; પાણી ભરી જાવ

(નરેન્દ્રભાઈ પરમાર)

તરસ્યાને પાણી અને ભૂખ્યાંને ભોજન તે હવે ગુજરાતી સંસ્કૃતિ રહી નથી. પાટણ જીલ્લાના હારીજ તાલુકાના ખાખલ ગામે સરકારી ટ્યુબ-વેલ મંજુર થઇ ગયો છે અને ત્રણ વાર કામ ચાલુ કરવા આવેલો સમાન પાછો મોકલી દેવાયો છે. કારણ, વર્ચસ્વ ધરાવતી ભરવાડ કોમનો આગ્રહ પાણીનું વડુંમથક પોતાનાજ વિસ્તારમાં થાય અને એમ ન થાય તો ક્યાંય ન થાય તેવો હઠાગ્રહ છે. ૨૦૧૧ ની ગણતરી પ્રમાણે ગામની વસ્તી ૨૭૩૨ છે. ગામની બાકીની તમામ પ્રજા પાણી વગર પીડાય છે પણ સરકાર જાણે જાતિવાદ સામે લાચાર છે. અમુક લોકોના પોતાના ખાનગી ટ્યુબવેલ છે તેમાંથી પ્રજાને પાણી મળી રહે છે. જોકે, આ પાણીના મૂલ મોંઘા છે. જેને પાણી જોઈતું હોય તેણે બોર ચાલુ હોય ત્યારે જવાનું અને પાણીના મૂલ માટે ૫૦૦ ગ્રામ કેરોસીન લઇ જવાનું. કાળું નાણું શોધવું તો અશક્ય છે પણ ગામમાં કાળાબજારમાં કેરોસીન ૩૦ રૂપિયે લીટરના ભાવે વેચાય છે માટે એક દિવસના ખપનું પાણી ભરવા ૧૫ રૂપિયા ભરવા પડે. આમાં પણ નાત-જાત ને લઇ વાલ્મીકી સમાજને સૌથી વધારે વેઠવાનું આવે.

## ભણ્યા મુજબ બે પૈસાનું કામ મળતું નથી

(નીરુબન ચોરસિયા; અરવિંદભાઈ મકવાણા)

નયનાબેન હેડંબા ભાનગર જીલ્લાના વલ્લભીપુર તાલુકાના પચ્છેગામના. એમણે એમ.એ. નો અભ્યાસક્રમ પૂરો કર્યો છે. પિતા સેન્ટીગ કામમાં મજુરી કરે છે. માબાપે નબળી પરિસ્થિતિ હોવા છતાં પોતાના ચાર બાળકોને ભણાવ્યા. નયનાબેન અનુસ્નાતક હોવા છતાં તેમને તેમના ભણતરને અનુરૂપ કોઈ કામ મળતું નથી. મા-બાપ વૃદ્ધ થયા છે એટલે હવે મા-બાપને ટેકો કરવા નયનાબેન ખેતરમાં મજુરી કરવા જાય છે. ખેતરની મજુરી સીઝન આધારિત હોય છે અને એમાં કામ કરતાં મજુરો વધારે હોવાથી વેતન ઓછું મળે છે. નયનાબેનનું મન કડવાશથી ભરાઈ ગયું છે. કહે છે, 'ભણ્યા મુજબ બે પૈસાનું કામ મળતું નથી'.

## એમ. એસ. ડબ્લ્યુ: માસ્ટર ઓફ સોસ્યલ વર્ક નહિ; પણ માસ્ટર ઓફ 'સેન્ટીંગ' વર્ક

(નીરુબન ચોરસિયા; અરવિંદભાઈ મકવાણા)

મહેશભાઈ સિંગલ ને એમ.એસ.ડબ્લ્યુ. કર્યા પછી ખાસ્સા વર્ષ નોકરી શોધવામાં લાગી ગયા પરંતુ નિષ્ફળ રહ્યા. પિતા રામજીભાઈએ પેટે પાટા બાંધી બંને દીકરા ભણાવ્યા. હવે તેમની ઉમર થઇ ગઈ છે. તે કામ કરી શકે તેમ નથી. એમને આશા હતી કે ભણીને દીકરા સારી નોકરી કરશે એટલે મજૂરીનો ધંધો એમને વારસામાં નહિ મળે. પરંતુ આ આશા હવે વિકાસ ની રાહ જોઈ જોઇને ઘરડી થઇ ગઈ છે.

બંને ભાઈએ કુટુંબની જવાબદારી સંભાળી લીધી છે. બીજો ભાઈ ૧૦ સુધીજ ભણ્યો છે પરંતુ એને પોતાના એમ.એસ.ડબ્લ્યુ. થએલા પોતાના ભાઈને સેન્ટીંગનું કામ ખુલ્લા તડકામાં કરતાં જોઈ પોતે ન ભણ્યો તેનો કોઈ રંજ નથી.

## કામ ન મળે તો ઘરે 'આરામ' કરીએ છીએ

(નીરુબન ચોરસિયા; અરવિંદભાઈ મકવાણા)

ગરીબને ક્યારેક 'ટકી' રહેવામાં પોતા પર કટાક્ષ કરવાથી મદદ મળી રહે છે. ભારે દોજખ ભરી પરસ્થિતિમાં બીજાને હસાવવાથી રાહત મળે છે.

દલપતભાઈ બોરિયા મહુવા તાલુકાના કરમદીયા ગામના છે. તે સંતાનોમાં સૌથો મોટા. નાનો ભાઈ મગજથી અસ્થિર. એટલે ૧૦ મા ધોરણ પછી ભણવાનું માંડી વાળી ક્યારેક કડીયાકામ તો ક્યારેક સેન્ટીગકામ માં મજુરી ચાલુ કરેલી. ગામ ડુંગરાળ વિસ્તારમાં એટલે ખેતરમાં ઝાઝું કામ ન મળે. જુનાગઢ બાજુ કામે જવાનું ચાલુ કર્યું પણ સરવાળે આવક ઘટી હોવાનું જણાયું. હાલ, બગદાણાના એક ભરવાડનું ટ્રેક્ટર હાંકે છે. દિવસના અઢીસો રૂપિયા મળે છે.

દલપતભાઈ હળવાશથી કહે છે, 'કામ ન મળે ત્યારે આરામ કરીએ છીએ'.

# પ્રશ્ન ન પૂછી શકે તે પછાત, દલિતો પ્રશ્ન પૂછી શકે છે

ડો. આંબેડકરનું માનવું દીવા જેટલું સ્પષ્ટ હતું. રાજકારણમાં દલિતોનું 'સીધું પ્રતિનિધિત્વ' તેજ તેમના 'વિકાસ' અને અધિકારોની સલામતીની જડીબુટ્ટી છે. ૨૦૧૭માં અનામતને કારણે સંસદમાં ચૂંટાયેલા ૧૨૫ સાંસદો અને દેશની તાલુકા-જીલ્લા પંચાયત અને વિધાનસભામાં ચૂંટાયેલા દલિત પ્રતિનીધીઓની નોંધપાત્ર હાજરી ભાજપમાં છે. ગત ચુંટણીમાં ભાજપ કેન્દ્ર સરકારમાં સત્તાસ્થાને આવી શકી તેનું કારણ 'દલિત' મત છે તેવું શંકા વગર કહી શકાય. તેમ છતાં રોહિત વેમુલાને આત્મહત્યા કરવી પડે અને શરમજનક રીતે સમગ્ર સરકાર રોહિત વેમુલા જેવા ઉચ્ચ શિક્ષણમાં રોકાયેલા નવલોહિયા યુવાનને 'આત્મહત્યા કેમ કરવી પડી?' તેના કારણો શોધવાને બદલે 'તેની મા અને તેનો બાપ કઈ જ્ઞાતિના હતા?' તે શોધવામાં પોતાની તમામ શક્તિ લગાડી દે તે આપણે નજરે જોયું.

છેલ્લા વીસ વર્ષમાં ગુજરાતમાં રાજકીય સ્થિરતા અને તે પણ બહુમતી સાથેની હતી.



દલિતોને સૌથી વધુ પરેશાન કરનાર પ્રશ્ન એ છે કે

આ સરકારે કેટલા એકર ખેતીની જમીન દલિતોને આપી? કેટલા હજારો એકર જમીન દલિતોના હાથમાંથી ઝુંટવાઈ ગઈ છે તેના કબજા દલિતોને સોંપ્યા? ગુજરાતમાં માથે મેલું ઉપાડવાનું કેમ ચાલુ છે? ગુજરાતમાં ખેતમજુરી કે છૂટક મજુરી કરતાં તમામ જ્ઞાતિના ખેત મજુરોને કાયદા પ્રમાણે લઘુત્તમ વેતન કેમ ચૂકવાતું નથી?

આ અને આવા અનેક ઉઘાડેછોગ થતાં અન્યાય સામે ચૂંટાયેલા દલિત પ્રતિનિધિઓ 'મૌન' રહે છે. દલિતોમાં ડો. આંબેડકર-ફૂલે-બુદ્ધ વિચારધારા હેઠળ અમાપ જાગૃતિ આવી છે પણ તેમનું રાજકીય પ્રતિનિધિત્વ હતાશાજનક છે. 'ડો. આંબેડકર વેચાણ પ્રતિબંધ સમિતિ' દ્વારા ગુજરાતના રાજયસભાના સાંસદ, લોકસભાના સાંસદ અને વિધાનસભ્યોને તેમના મૌન વિષે જાહેરમાં તેમના મત-વિસ્તારમાં જઈ પ્રશ્ન પૂછવાના કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. ગયા મહીને વડનગર, સુરેન્દ્રનગર જીલ્લાના શિયાણી અને ધોળકા ખાતે 'દલિતો માટે અત્યારની રાજકીય અનામત યોગ્ય છે કે ડો. આંબેડકરે માંગેલ અલગ મતાધિકાર?' તે વિષય પર જાહેર સંમેલન થયા. ૯૯.૯૯ ટકા મત લોકોએ અલગ મતાધિકારની તરફેણમાં નાંખ્યા.

ચુપચાપ પોતાનો અંગુઠો મારી દે તે સમય હવે ઈતિહાસ બની ગયો છે. લોકશાહીમાં તમામ નાગરિકોના અધિકારો સચવાય તે વિકાસની પૂર્વશરત છે.

## ગરીબાઈની રેખા હેઠળ ગુજરાતમાં વધારે ગરીબ કોણ?

ગુજરાતમાં અનુસુચિત જાતિની વસ્તી માત્ર ૭ ટકા છે પણ દલીતોમાંથી ગામડે રહેતાં ૨૧.૮ ટકા લોકો 'અત્યંત ગરીબ' છે. એટલે કે જે દલિતો ગામડામાં રહેછે તેનો પાંચમો ભાગ ગરીબાઈ રેખા હેઠળ જીવે છે. જે દલીતો શહેરી વિસ્તારમાં રહે છે, તેમાંના ૧૬ ટકા લોકો ગરીબાઈની રેખા હેઠળ જીવે છે. તેજ પ્રમાણે ગામડે રહેતાં ઓ.બી.સી. સમાજના ૧૯.૧ ટકા કુટુંબો અને શહેરી વિસ્તારમાં રહેતાં ૨૨.૯ ટકા ઓબીસી કુટુંબો ગરીબાઈની રેખા હેઠળ જીવે છે.

## કહેવામાં બીલ (ખર્ચ) નો આવે

(મહેશભાઈ રાઠોડ અને અશ્વિનભાઈ બાબરીયા)

પ્રવીણભાઈ ઉના તાલુકાના ગાંગડા ગામના છે. શિક્ષિત બેરોજગારની નવી ઉપાધી તેમને મળી છે. બી.સી.એ. (બેચલર ઓફ કમ્પ્યુટર એપ્લીકેસન) સાથે એસ.આઈ. (સેનીટરી ઈન્સ્પેક્ટર) નો અભ્યાસ કર્યો છે. હાલમાં સેન્ટીંગ કામમાં મજુરી કરે છે. કહે છે: 'ઘણી અરજીઓ કરી, પણ નોકરી નથી મળતી'. તેમની સાથે અન્ય યુવાનો માટે પણ સેન્ટીંગ કામ એકમાત્ર વ્યવસાય તેમના ગામમાં બચ્યો છે. સાંભળેલું કે સરકાર 'ધંધા' માટે લોન આપે છે એટલે ત્રણ વાર નિષ્ફળ પ્રયત્નો કર્યા છે. કાગળ ઉપર લોન આપવાની સરકાર ના નથી પાડતી; પરંતુ એવું લાગે છે કે આખરી સત્તા બેંક પાસે છે, કારણ બેંક 'ના' પાડે છે. બેંક આગળ સરકાર લાચાર જણાય છે.

ઉઘડતી યુવાની હતાશ છે. તેમના શબ્દોમાં, 'અમેતો હથોડી પછાડી-પછાડી ગુજરાન ચલાવીએ છીએ. આ સેન્ટીંગ કામ એવું છે કે આધાર-કાર્ડમાં 'ફિંગર-પ્રિન્ટ' લેવી હોય તો પણ ન આવે કારણ હાથ છોલાઈ જાય છે'.

યુવાનો બેરોજગાર છે તે સાચું પણ શિક્ષિત છે તે પણ સાચું. દેશની રાજકીય ગતિવિધિથી જાણકાર છે. કહે છે, 'નવી નોટ છાપવા સરકારે ૨૧,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો એનું દેવું જનતાના માથે જ ને? મકાન બનાવવા માટે 'વર્ક ઓર્ડર' થયાનું સાંભળ્યું છે પણ 'ગ્રાન્ટ' ફળવાતી નથી.

સરકારના વચનોની વણથંભી વણઝાર વિષે પ્રવીણભાઈ કહે છે, 'કહેવામાં તો હું કંઈ પણ કહી શકું. કહેવામાં બીલ નો આવે'.

## વિકાસ કરવો હોયતો અમને રખડતાં-ભટકતાં બંધ કરો

(મહેશભાઈ રાઠોડ અને અશ્વિનભાઈ બાબરીયા)

તેમનું નામ દેવીપુજક લખમીબેન. સાવરણી બનાવી ગામે ગામ ફરી વેચવાનો એમનો ધંધો. તે મૂળ જામનગર જીલ્લાના ભાણવડ તાલુકાના વેરણ ગામના છે. તેમનું પરિવાર ધંધાર્થે ફરતું ફરતું આકોલવાડી, તાલાલા-ગીર, થઈને ઉનાથી ભાવનગર જતાં ધોરી માર્ગે ઉભા છે. કામ શોધે છે.

લખમીબેન કહે છે, 'ધંધાના વિકાસ માટે દસ વરસ પહેલાં ૪૦,૦૦૦ રૂપિયાની લોન લીધી હતી તેના વિયાજ ભરી-ભરીને ધોવાઈ ગયા. હજુ અમારા ઘરના નળિયા બદલાયા નથી. અમને ક્યાંક વસાવો. રખડતી પ્રજા ભણી શકતી નથી. આરોગ્ય જળવાતું નથી. ગરીબ માણસોનો વિકાસ કરવો હોય તો અમને રખડતાં-ભટકતાં બંધ કરો'.

# 'જેને પરસવો પડે છે એને જ મુશ્કેલી છે'

(મહેશભાઈ રાઠોડ અને અશ્વિનભાઈ બાબરીયા)

વિશ્વભરના નકશામાં ભારતના 'મોટા સમઢિયાળા' ગામનું નામ કોતરાઈ ગયું છે. કરશનભાઈ નારણભાઈ સરવૈયા દલિત વડીલ છે ને વ્યવસાયે ખેડૂત છે.

ગુજરાતી સાહિત્યમાં ખેડૂતને 'જગતનો તાત' એવી પદવી આપી છે. કરશનભાઈ ને લાગે છેકે ખેડૂત વિકાસના વાયરામાં 'જગતનો દેવાદાર' બની ગયો છે. કહે છે, 'અમારા ગામના દેવીપૂજકે ગીર-ગઢડે ૨૦ લાખ રૂપિયામાં કેરીનો બગીચો રાખેલો. માંડ ૧૦ લાખના ફળ ઉતર્યા. ઘર-ટ્રક વેચવાનો વારો આવ્યો. ઉપજમાં તુટ પડે એટલે ઘર-મિલકત વેચવાનો વારો આવે



કારણ કેરી અને કાંદો, એનો વેપારી માંદો'.

કરશનભાઈ ખાટલો ભરવાનું વહાણ લેવા બજારમાં ગયા. વેપારીએ ૧૦૦ રૂપિયાના વહાણના ૧૨૫ ગણ્યા ત્યારે 'જી.એસ.ટી.' નામની વાત તેમને જાણવા મળી.

કરશનભાઈનો અનુભવ દેશના પ્રધાનમંત્રી કરતાં સ્પષ્ટ છે. 'જેને પરસવો પડે છે એને જ મુશ્કેલી છે'. તેમને ભ્રષ્ટાચારનો જાત અનુભવ છે. 'અમારા નાના દીકરા નાનજીભાઈએ નિયમ પ્રમાણે બાંધકામ કર્યું છે છતાં છેલ્લો હપ્તો આપતા નથી. અઢી વર્ષ થયા છતાં હપ્તો મળતો નથી. દરેક ટેબલે ભ્રષ્ટાચાર છે. પાંચ હજાર રૂપિયા આપ્યા તો પણ હપ્તો છૂટતો નથી.'

કરશનભાઈ ઝાઝું ભણેલા નથી અને અર્થશાસ્ત્રી નથી. કહે છે, 'નોટ-બંધીમાં ગરીબ માણસો જ લાઈનમાં ઉભા રહ્યા. કાળા નાણાના તો અગાઉ વહીવટ થઈ ગયા છે. જન-ધન ખાતાં એ બધું ખોટું છે. આ બધું ખાલી કે'વાનું છે; દેવાનું કાંઈ નથી.'

# સ્વચ્છતા મિશન : કચરો નાંખવા ડોલ આપેલી; ઢાંકણા પાછા લઈ ગયા

(મહેશભાઈ રાઠોડ અને અશ્વિનભાઈ બાબરીયા)

ગીર સોમનાથ જીલ્લાના ઉના તાલુકાનું પસવાળા ગામ. લોકો જાણે કોઈ પૂછવા આવે તેનીજ રાહ જોઈ રહ્યા છે અને ઉકળાટ ગળે આવી ગયો છે, 'અમને અહી કઈ જ મળતું નથી. રેશન મળતું હતું તે પણ બંધ કરાવી દીધું. હોય તો ખાવ; નહીંતર બેસી રહો એ વિકાસ છે'.

આછી-પાતળી જમીન ધરાવતા માલિકો પણ ખુશ નથી. કહે છે, 'ખેતીમાં ખોટ પડે છે. મોસમ નડે, જાનવર નડે, પાક ન ઉતરે. હાલ સરકારે ટેકાના ભાવ ૯૦૦ (મગફળી) બાંધ્યા છે; બિયારણ ટાણે અમે બે હજાર રૂપિયાના ભાવનું



બિયારણ વાયું છે. આમાં વળે શું?' કોઈ પાછળથી કહે છે, 'એક વાર ગરીબ-મેળામાં કોડીનાર ગએલા. ઘરનું ભાડું ખર્ચી ખાલી હાથે પાછા આવ્યા'.

અહીં સ્વચ્છતા મિશનમાં દરેક ઘરે કચરો નાંખવાની એક-એક ડોલ આપી છે. બહેનો પોતાનો સુર પુરાવતા કહે છે, 'ડોલ આપી ને ઉપરના ઢાંકણા પાછા લઈ ગયા'.

## 'મોંઘવારી'નો લાભ મળ્યો છે !!

(મંજુલાબેન મકવાણા અને ડાહ્યાભાઈ દાફડા)

'મજૂરી' શબ્દ સામાન્ય રીતે સંભળાતો શબ્દ છે પણ ગરીબ માણસો પોતાની વેદનાને વાચા આપવા તેમના શબ્દકોશમાં નવા



શબ્દોનું સર્જન કરી ઉમેરતા હોય છે. આવો એક શબ્દ છે 'પારકી મજૂરી'. પોતાના શ્રમ-પરસેવા પર પોતાનું માલિકીપણું નહીં.

લક્ષ્મીબેન હકાભાઈ ગોહિલ જસદણ તાલુકાના કડુકા ગામે રહે છે અને કહે છે, 'મારા જેવા એકલા બહેનો પોતાના સંતાનોનું ભરણપોષણ માંડ કરી શકે છે. રાત-દિવસ એક કરીએ ત્યારે માંડ કરીને જીવન જીવી શકીએ છીએ. હા, વિકાસ તો જેના મોટા પેટ હોય તે ભરાય પછી મારા જેવી બેનોના ભાગમાં કંઈક આવે'.

લક્ષ્મીબેન પાસે બી.પી.એલ. નંબર કે કાર્ડ નથી, ઘરથાળનો પ્લોટ નથી કે પોતાનું મકાન નથી. 'અંત્યોદય' રેસન કાર્ડ પણ નથી. એમને વિધવા સહાય પણ મળતી નથી તો બીજી સરકારી યોજના ક્યાંથી ઢુકડી આવે?

'આત્મહત્યા' કરી લે તેવા નબળા લક્ષ્મીબેન નથી. મરકતાં કહે છે, 'હા એકમાત્ર લાભ મને જરૂર મળ્યો છે; 'મોંઘવારી'નો.

# આંગણવાડીમાં અમારાં છોકરાને લેતા નથી

(મહેશભાઈ રાઠોડ અને અશ્વિનભાઈ બાબરીયા)

ઉના ખાતે પાવરહાઉસની સામેનો વિસ્તાર 'ખારા' વિસ્તાર તરીકે ઓળખાય છે. અહી છેલ્લા વીસ વર્ષથી ૧૦૦ જેટલા દેવીપુજક કુટુંબો રહે છે. જુના કપડાં વેચવાનું-ભંગારની ફેરીનું અને ડબ્બા-ઢાંકણાનું કામ કરે છે. નગરપાલિકામાં મત આપે છે પણ એક પણ કુટુંબ પાસે દેખીતાં ગરીબ હોવા છતાં 'બી.પી.એલ.' કાર્ડ ન હોવાથી સસ્તા દરે રાહતનું અનાજ મળતું નથી. સરકારે સંડાસ-બાથરૂમ બનાવવાની યોજનામાં તેમને મદદ આપી છે. અહી માત્ર સંડાસની દીવાલો દેખાય છે. બારણા નથી ને અંદર ખાડો



છે. ખાળકુવો પણ નથી. ચોમાસામાં ઓછું હોય તેમ એમાં પાણી ભરાય છે અને ગંદકી વધે છે. અહીં રસ્તો ન હોવાથી રિક્ષાવાળા પચાસ રૂપિયા ભાડું આપતાં પણ આવતા નથી. પંદર દિવસે એકવાર પાણી આવે છે. ૬૦૦૦ રૂપિયા ભરીને બધાએ લાઈટ મીટર લીધા છે અને વિજળીના તાર અસુરક્ષીત રીતે અહીં-તહીં બધે લટકતા જોઈ શકાય છે. કુપનમાં બે લીટર કેરોસીન મળે છે. નોકરી-સગવડવાળા બી.પી.એલ. કઢાવી શકે છે. રમેશભાઈ અને મધુબેન કહે છે,' આંગણવાડીમાં અમારાં છોકરાને લેતા નથી'.

બુલેટ ટ્રેઈન વિષે અહીંના લોકોને ન્હાવા-નીચોવવાનો સંબંધ નથી. કહે છે, 'મજૂરો બુલેટ ટ્રેઈનમાં બેસી થોડા મજૂરી કરવા જવાના?'

## માંદા બાળકને દવાખાને લઈ જવા વાહનની રાહ જોઈએ છીએ

(મહેશભાઈ રાઠોડ અને અશ્વિનભાઈ બાબરીયા)

વગડામાં ઝાડ નીચે સ્ત્રી- પુરુષ ઉભા છે. બંનેના ખભે ઊંઘતાં બાળક છે. માનું નામે તેજલ. ખભે નાંખેલ બાળકને ધાબળામાં વીંટેલું છે અને તેને દવાખાને લઈ જવા પતિ-પત્ની કોઈ ખાનગી વાહન મળે તેની રાહ જોતાં ઉભા છે. તેમનું મૂળ વતન ઉના. ૨૦ વર્ષથી ભાચા ગામે આવીને વસેલા છે. તેમની કોમ 'નટડા' છે. સ્ત્રી માથે સુંડલા મૂકી ગામેગામ ફરી કટલરી વેચવાનો ધંધો કરે છે અને પુરુષો બકરાં ચારે છે. જે જમીન પર રહેતાં હતા ત્યાંથી માલિકે તગેડી મુકતાં ગામથી ત્રણેક કિલોમીટર ખુલ્લા વગડામાં વસે છે. આવા વીસેક કુટુંબો અહીં રહે છે. રેસન કાર્ડ, આધાર કાર્ડ અને ચુંટણી કાર્ડ છે જેની જરૂર લાભ મેળવવા કરતાં સતત ભટકતી જીંદગીમાં નાગરિકતા પુરવાર કરવા વધુ જરૂરી બની રહે છે. એમનું પોતાનું કોઈ ઘર નથી.

'અમે મત આપીએ છીએ; પણ કંઈ મળતું નથી'. આપ-લે ના એકતરફી વ્યવહારથી તે જાણે ટેવાઈ ગયા છે.

કહે છે, 'ભગવાનના ભરોસે રહીએ છીએ'. આ પ્રદેશનું નામ 'દેવભૂમિ દ્વારકા'.

## અમેતો વિહ વરહથી આનું આજ ભાળીએ છીએ

(મહેશભાઈ રાઠોડ અને અશ્વિનભાઈ બાબરીયા)

ગામ મોટા સમઢીયાળા. કાળુભાઈ જીવાભાઈ વિંઝુડા એમનું નામ. ખેતમજુરી પર એમનું જીવન નભે છે. કહે છે. 'વિકાસ શાને કહેવો? આવી દશા પે'લા નોતી. બેંક લોન નથી આલતી. કહે છે તમને નો મલે. બે વાર મંજુર થવા છતાં (ઘરનો) પલોટ નથી મલતો. ૮૦ રૂપિયે તેલ અને ૩૦૦ રૂપિયે બાજરો; આમાં આગળ કાંથી અવાય? આપણું અનાજ આપણી કને હોય તીયારે ઈના ભાવ નઈ ને વેપારી જોડે જાય ઈટલે ઈના ભાવ થાય? આંધળું રાજ હાલે છે. અમેતો વિહ વરહથી આનું આજ ભાળીએ છીએ.'

# અમારે કોઈને વાડીઓ અને ઘોડીઓ નથી

(મહેશભાઈ રાઠોડ અને અશ્વિનભાઈ બાબરીયા)

મોટાભાગની ગરીબ સ્ત્રીના નામ 'લખમી' જોવા મળે તેમ આ બેનનું નામ પણ લખમી છે. પાછળ કચરાના ઢગલા છે અને રસ્તાની બાજુમાં બેસી માછલી વેચી પોતાનું ગાળું હાંકે છે. ગામનું નામ સીમર અને તાલુકો ઉના. એમનો આક્રોશ એમના જ શબ્દોમાં:

'સત્તર વરસથી વિધવા સહાય માંગું છું. હવે મારો છોકરો અઢારનો થયો એટલે કે'છે તમને નો મલે. કોઈ લાભ મલ્યો નથી. ગઈ ફેર ચુંટણીમાં કહેલું કે કમળને મત આલજો એટલે મચ્છી માર્કેટ બનાઈ આલીશું. કે'છે ખરા કે તઈણ લાખ મંજુર થયા; પણ કંઈ બનાયું નથી. આ વખતે મતનું કે'વા આવે તંઈ પૂછવાનું ને હિસાબ ચૂકતે કરવાનો'.

બાજુમાં મોંઘીબેન બેઠા છે અને આ જગ્યાએ બેસીને છેલ્લા પંદર વરસથી મચ્છી વેચે છે. એમની ફરિયાદ છે કે વાહનવાળા બેસવા દેતા નથી. કહે છે; 'અમો બધા કોળી છીએ; અમારે કોઈને વાડીઓ અને ઘોડીઓ નથી.'

બધા માછીમારો વીસ વરસથી દરિયા કિનારે વસેલા. ત્યાંથી નવા કલેકટરે 'આ કેન્દરની (કેન્દ્ર સરકારની) જગા છે' કહી ખદેડીને ભગાડ્યા. હાલ બધા એક દરબારની જગ્યામાં મહીને ૫૦૦૦ રૂપિયા આપવાનું કહી પડ્યા છે. 'ઈન્દિરાજીના વખતે અગાઉ ફક્ત એક પલોટ મળેલો'. અત્યારે તેમને ગરીબ-મેળામાં માછલાં વેચવાની 'પેટી' મળી છે. 'અમારા ગામમાં ગરીબોની હામે જોનારો મોટો માણસ જ નથી'. ગરીબો સારું વિકાસ, એ વાતું છે'.

## હાલ અમે 'ચામુંડા મા'ના મઢમાં રહીએ છીએ

(મંજુલાબેન મકવાણા અને ડાહ્યાભાઈ દાફડા)

મંજુબેન રાજાભાઈ વાળા પણ જસદણ તાલુકાના પારેવાળા ગામમાં રહે છે. ગામમાં બધાં કાં તો પોતાના અથવા ભાડાના મકાનમાં રહે છે. મંજુબેન બધાથી અલગ ચામુંડા માતાના મઢમાં રહે છે.



કારણ સમજાવતાં ૪૫ વર્ષના મંજુબેન સમજાવે છે, 'વારસામાં કાચું મકાન મળેલું. ત્રણ વર્ષ પહેલાં ચોમાસામાં મકાન પડી ગયું. પંચાયતમાં જાણ કરી એટલે તલાટી આવ્યા, સર્વે કર્યું અને ફોટા પાડી ગયા. હજી સુધી એક રૂપિયો પણ સહાય મળી નથી. ત્રણ વરસથી મકાન સહાયના ફોરમ ભરી ભરીને થાકી ગયા પણ મકાન મંજુર થાતું નથી. હાલ અમો ચામુંડા માતાના 'મઢ'માં રહીએ છીએ.

મંજુલાબેનનું ખાતું પણ બેંકવાળાએ 'જન-ધન' યોજનામાં હસતાં હસતાં ખોલેલું અને તે પણ કાણી પાઈ વગર. ગરીબોને ભારતમાં બેંકના આવા 'આદર-સત્કાર' નો અનુભવ થયો ન હતો ને મંજુલાબેન પણ સરકાર પર ઓવારી ગયેલા. હાલ બેંક મેનેજર મ્હોં કાળું કરી કહે છે 'તમારા ખાતામાં પૂરતા પૈસા ન હોવાથી તમારું ખાતું બંધ કરવામાં આવે છે'. મંજુલાબેન અકળાય છે, 'પણ આ ખાતું ખોલાવવા અમે ધક્કા ખાધા, મજુરી પાડી, ભાડાં ભર્યા એનું શું?' વિકાસનું સપનું જાણે પ્હો ફાટતાં પતી ગયું.

## ૧૮ લાખની બોટ સાથે બાપુ પણ ડૂબી ગયા

(મહેશભાઈ રાઠોડ અને અશ્વિનભાઈ બાબરીયા)

ભીખુભાઈ પણ સૈયદ રાજપરા ગામના. એમ.એ. સુધી અભ્યાસ કર્યો છે અને કહે છે કે ગામમાં અન્ય યુવાનો આટલું શિક્ષણ મેળવેલા છે. છતાં બાંધી આવકવાળી નોકરી ૧૦-૧૨ લોકો પાસે જ છે. થોડા યુવાનો સુરક્ષા દળમાં પણ છે. ભીખુભાઈ માને છે કે 'લોકોનો સૌથી મોટો સવાલ રોટલાનો છે'. આ નાના-અમથા વાક્યમાં ગુજરાતના કહેવાતા વિકાસ વિષે તેમનો અનુભવ સમાઈ જાય છે. સરકારના લાંબુ વિચાર્યા વગરનાં નોટ-બંધી, જી.એસ.ટી. જેવા પગલાએ લોકોનો જીવન-સંઘર્ષ વધારે યાતનાવાળો કર્યો છે. ભીખુભાઈના શબ્દોમાં, 'સરકારે ભૂખ ભેગા કર્યા છે'. માછીમારને વર્ષે ડીઝલમાં ૧૨૦૦૦ જેટલો ખર્ચ આવે છે એમાં સરકાર ૨૦૦૦ સબસીડી આપે છે. ભીખુભાઈની વાત પાછળ ભારે દબાયેલો આક્રોશ છે. તેમના પિતા ૧૮ લાખ રૂપિયાની નવેનવી બોટ સાથે ડૂબી ગયા અને તેમના પરિવારને કોઈ સરકારી સાંત્વના મળી નથી.

# વિકાસ ગાંડો નથી થયો; 'એ' ગાંડા થઈ ગયા છે



(મહેશભાઈ રાઠોડ અને અશ્વિનભાઈ બાબરીયા)

ઉના તાલુકાનું સૈયદ રાજપરા ગામ અને જીલ્લો ગીર સોમનાથ. ૬૧૨૧ ની વસ્તી ધરાવતું ગામ મોટું છે. બહુમતી વસ્તી કોળી-મુસલમાન-દલિત. અહી બધાં બંદર પર નિર્ભર અને ખલાસીનું કામ કરે છે.

માછલી વેચવાનું મુખ્ય કામ. તેમને ઘણી આશા હતી કે સાગરખેડુ યોજનાનો બધાને લાભ મળશે; પણ એકંદરે નિરાશ છે. ૨૨૫૦ રૂપિયા રીક્ષા ભાડું ભરી 'લીલો માલ' (તાજી માછલી) લાવી તેને સુકવી વેચવાનું તેમનું કામ છે.

કમળાબેન કહે છે, 'આ ધંધામાં દા'ડી જોગ મળી રહે'.

ગામમાં આઠ ધોરણવાળી શાળા છે. આગળ વધુ અભ્યાસ માટે ૨૩ કિલોમીટર દુર ઉના જવું પડે. છોકરીઓ માટે આ કારણથી આઠ ધોરણ પછી ભણતરનો અંત આવે છે.

### નોટ-બંધીમાં બેંકમાં મેળ ન પડતાં ૧૦ ટકા ક્મીસન પર લોકોએ નોટ બદલાવી છે

લોકો 'નોટ-બંધી' થી નારાજ છે. કોળી આગેવાન નરેન્દ્રભાઈ કહે છે: 'નોટ-બંધીમાં ઉલટાના ધોવાઈ ગયા. પૈસા બદલવા સીમર ગામે બેંકમાં જવાનું'. બેંકમાં મેળ ન પડતાં ૧૦ ટકા ક્મિશન પર લોકોએ નોટ બદલાવી છે. જેની પાસે સરકારી વગ હોય તેને લાભ મળે છે. આ ગામે અગાઉ રહેણાંક જમીનના પ્લોટ મળેલા પણ બધાને નહિ.

કમળાબેન ઉકળાટ ઠાલવતાં કહે છે, 'કહીને જાય તે પાછું વળીને જોતાં નથી. વિકાસ ગાંડો નથી થયો; 'એ' ગાંડા થઈ ગયા છે'.

# સરકાર સામે લોકો 'અવિશ્વાસ' ની દરખાસ્ત પસાર કરશે ત્યારે એમને 'અવિશ્વાસ' નો અર્થ સમજાશે

**(કાન્તીભાઈ પરમાર)**

વિકાસ કરે તેનું સન્માન થવું જોઈએ કે અપમાન?

'અનુસુચિત જાતિ ની અનામત' બેઠક પરથી જ અનુ. જાતિના ઉમેદવાર ચૂંટાય તે ધારો ૨૦૧૨માં મહેસાણા જીલ્લાના ખેરાલુ તાલુકાના નોરતોલ ગામમાં તુટ્યો. ૮ ઉમેદવારની સામે સામાન્ય બેઠક પરથી શિક્ષિત દલિત યુવાન ચંદુભાઈ જીત્યા. ઉત્તરાયણના દિવસે પતંગ ચગાવવાની નાની અમથી વાતમાં ઝગડો થયો અને ગામના ઠાકોર ટોળાએ ચંદુભાઈ પર સામુહિક હુમલો કર્યો. ચંદુભાઈએ એમના પર ઘણું દબાણ આવવા છતાં ફરિયાદ પછી ન ખેંચી. પોલીસ રક્ષણ મળ્યું. એવામાં આઝાદીનું પર્વ આવ્યું. ચંદુભાઈ ધ્વજ ફરકાવવા આવ્યા ત્યારે જાહેર થયું કે ગામની સૌથી વધુ ભણેલી કન્યા ધ્વજવંદન કરશે. ધ્વજવંદન કરવા માટે ઠાકોર કન્યાને સાસરેથી બોલાવી. આ યુવતી સરપંચ પર હુમલો કરનાર આરોપીની દીકરી હતી. ચોંકાવનારી વાત એ હતી કે ગામની દલિત કન્યાઓ ધ્વજવંદન કરનાર યુવતી કરતાં વધુ ભણેલી છે. ત્યારબાદ સરપંચ સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર કરવામાં આવી. ચંદુભાઈને ગામનો 'વિકાસ' કરવાના પોતાના સપનાંમાંથી વિશ્વાસ ઉડી ગયો છે.

મહેસાણા જીલ્લાના બેચરાજી તાલુકાનું ચડાસણા ગામ. ૨૦૧૨ માં અનુસુચિત જાતિની સરપંચ માટેની અનામત બેઠક પરથી સંતોકબેન સોલંકી સમરસ ચૂંટાઈ આવ્યા. મુખ્યમંત્રીએ તેમનું બહુમાન કર્યું. પંચાયતમાં સભ્ય તરીકે અન્ય એક દલિત બેન પણ ચૂંટાયા. ગામ બેચરાજીથી માત્ર ૭ કિલોમીટર દૂર છે. ગામથી થોડેક અંતરે વિકાસના વિકસેલા ઔધોગિક ધામમાં 'મારુતિ-સુઝુકી' નું મસમોટું કારખાનું આવ્યું છે. સંતોકબેન સામે ઓગસ્ટ ૨૦૧૩માં કોઈ જ વાજબી કારણ વગર અવિશ્વાસની દરખાસ્ત પસાર કરવામાં આવી. બે મહિના પછી ગ્રામપંચાયતના નિર્ણય સામે અપીલ જીતી ગયા એટલે સંતોકબેન પુનઃસ્થાપિત થયા. સંતોકબેને ગામનું અંદાજપત્ર રજુ કર્યું તેને બહુમતીથી સભ્યોએ નામંજૂર કર્યું એટલે 'અવિશ્વાસ' ની દરખાસ્ત વગર પંચાયત સુપરસીડ થતાં સંતોકબેનનો કાર્યકાળ સમાપ્ત થયો.

હિંમતનગર તાલુકાના સઢા ગામે અનામત બેઠક પરથી સરપંચ તરીકે ચૂંટાઈ આવેલા સવિતાબેને સ્ત્રી અને એમાંય દલિત સ્ત્રી એટલે વહીવટ કરતાં ન આવડે તેવા તમામ પૂર્વગ્રહોને મ્હાત કરી ગામમાં ૧૨૦૦ ફૂટ લાંબો આર.સી.સી. રસ્તો બનાવ્યો. ૭૦૦ ફૂટ લાંબી પાણીની પાઈપ નંખાવી. પાણીની ટાંકીનું કામ પૂરું કર્યું અને વીજળી મોટર થી તેનું જોડાણ કર્યું. અગાઉના પૂર્વગ્રહોમાં નવો પૂર્વગ્રહ ઉમેરાયોઃ 'દલિત સ્ત્રી ગામની શીકલ બદલે?' અવિશ્વાસની દરખાસ્ત પસાર થઇ ગઈ. બીજી વાર ચુંટણીમાં પણ સવીતાબેન જ ચૂંટાયા. છ મહિનામાં બીજી અવિશ્વાસની દરખાસ્ત પસાર કરવામાં આવી.

મહેસાણા તાલુકાના હેડુવા હનુમંત ગામે અનામત બેઠક પરથી ૨૦૧૨માં બાબુભાઈ સેનમા સરપંચ તરીકે ચૂંટાયા. તે કંઈ કામ શરુ કરે તે પહેલા તેમની સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર કરવામાં આવી. નવી થએલી ચુંટણીમાં અન્ય દલિત ઉમેદવાર સંજયભાઈ પરમાર ચૂંટાયા. તે કંઈ કામ શરુ કરે તે પહેલાં તેમની સામે પણ અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ. આઝાદ ભારતના ઈતિહાસમાં આ ગામમાં પહેલી વાર સરપંચ સામે 'અવિશ્વાસ'ની દરખાસ્ત પસાર થવાનો વિક્રમ ગામના ચોપડે નોંધાયો.

મહેસાણા શહેરથી માત્ર ૩ કિલોમીટર દુર લાખવડ ગામ આવેલું છે. ૨૦૧૨માં અનામત બેઠક પરથી કમળાબેન મકવાણા સમરસ સરપંચ બન્યા. સરપંચ બન્યાને મહિનાઓ વિતતા ગયાં છતાં એમને ચાર્જ આપવામાં ન આવ્યો તેમાં ભાજપનું રાજકારણ જવાબદાર. 'સમરસ' સરપંચ બન્યા એટલે સરકારે તેમનું જાહેરમાં સન્માન કર્યું પણ ગામમાં તે ચાવી મળેતો પંચાયતમાં જઈ શકે ને? મામલો છાપે ચઢયો ત્યારે સરપંચને 'ચાર્જ' મળ્યો.

પાટણ જીલ્લાના ચાણસ્મા તાલુકાના ચવેલી ગામે ૨૦૧૨માં રઈબેન સોલંકી અનામત બેઠક પરથી સરપંચ તરીકે ચૂંટાયા. તેમની સામે જાણે ગામને વર્ષો જુનું વેર ઉપડ્યું. તેમની સામે 'અવિશ્વાસ' ની દરખાસ્ત પસાર થઈ. અપીલ




જીતી જતાં રઈબેન પુનઃસ્થાપિત થયા. બીજીવાર, ત્રીજીવાર અને ચોથીવાર પણ અવિશ્વાસની દરખાસ્ત પસાર કરવામાં આવી. દરેક વખતે રઈબેનની જીત થઈ. છેલ્લે તેમણે રજુ કરેલું અંદાજપત્ર મંજુર ન થતાં ગ્રામ પંચાયત સુપરસીડ થઈ.

અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના ભીંગરાડ ગામે ૨૦૧૨માં વિનુભાઈ સોલંકી અનામત બેઠક પરથી સરપંચ તરીકે ચૂંટાયા. સરપંચ તરીકે ગામના પ્રથમ નાગરિક જરૂર બન્યા પણ નાત-જાતના પૂર્વગ્રહ ચૂંટણી તોડી શકતી નથી. તારીખ ૨૦ માર્ચ ૨૦૧૩ના રોજ ભરીસભામાં તેમનું અપમાન કરી તેમને ઉતારી પાડવામાં આવ્યા. તેમાં ગામનો સરકારી કર્મચારી તલાટી પણ ભેગો. વિનુભાઈએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી.

સુરેન્દ્રનગર જીલ્લાના લખતર તાલુકાના સવલાણા ગામે ૨૦૧૨માં અનામત બેઠક પરથી રામુબેન પીતામ્બરભાઈ સરપંચ તરીકે ચૂંટાયા. ગામ અવિશ્વાસની દરખાસ્ત લાવવામાં સફળ ન થયું. તેમણે ગેરકાયદેસર દબાણ દુર ન કર્યું તેવા તહોમત સામે તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા. રામુબેન ગુજરાતની વડી અદાલતમાં ગયા છે. ફરી ચુંટણી થતાં રામુબેન ચૂંટાઈ આવ્યા છે.

સુરેન્દ્રનગર જીલ્લાના લખતર તાલુકાના ભડવાણા ગામે લક્ષ્મણભાઈ હાજાભાઈ અનામત બેઠક પરથી સરપંચ તરીકે ચૂંટાયા. તેમની સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ. બીજી ચુંટણીમાં પણ તે સરપંચ તરીકે ચૂંટાતા હજુ કામ શરુ કરે તે પહેલા તેમની સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ.

સાણંદ તાલુકાના ચેખલા ગામે નિયમ પ્રમાણે દલિત સભ્ય હોઈ ચંપાબેન સેનવા સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ બન્યા. દલિત વિસ્તારમાં રસ્તાના સમાર કામની તેમણે દરખાસ્ત રજુ કરી એટલે સરપંચે ભરી સભામાં તેમને ઉતારી પાડ્યા. સંગઠિત આરોપી પોતાની વિરુધની ફરિયાદમાં પુરાવા કેમ આપે? પણ ચંપાબેન ઘડાએલા હતા. તેમણે સમગ્ર ઘટનાનું ઓડીયો રેકોર્ડીંગ પોતાના ફોનમાં કરેલું હતું. અગાઉ આનાકાની કરતી પોલીસ હવે ફરિયાદ નોંધવા મજબુર થઈ છે.

ખેડા જીલ્લાના મહેમદાવાદ તાલુકાના રાસ્કા ગામે અનામત બેઠક પરથી વિનુભાઈ મકવાણા સરપંચ તરીકે ૨૦૧૨માં ચૂંટાયા. તેમની કામગીરીથી ગામના સામાન્ય લોકો ખુશ હતા. ૧૫મી ઓગસ્ટ ૨૦૧૪ ના દિવસે સરપંચ તરીકે વિનુભાઈ રાષ્ટ્રધ્વજ ફરકાવવા ગયા ત્યારે તેમને ઉતારી પાડવામાં આવ્યા. વિનુભાઈએ આઝાદીના દિવસે પોલીસ મથકમાં 'આભડછેટ' ની ગુલામી સામે ફરિયાદ નોંધાવી.

ગાંધીનગર જીલ્લાના દહેગામ તાલુકાના જલુંદ્રા મોટા ગામે આઝાદી બાદ પ્રથમ વાર ગામમાં દલિતો માટે સરપંચની અનામત બેઠક આવી. ભીખાભાઈ કાળાભાઈ કામ શરુ કરે તે પહેલા અવિશ્વાસની દરખાસ્ત પસાર કરવામાં આવી.

આવા બનાવોની યાદી લાંબી છે. થોડા વર્ષ અગાઉ નડિયાદની ભાગોળે આવેલા મરીડા ગામે દલિત સભ્ય પંચાયતની મીટીંગમાં ખુરશી પર બેઠા એટલે તેમની જોડે ખુરશી ધોવડાવેલી. જામનગર જીલ્લાના લાલપુર તાલુકાના આરબલુર ગામે પંચાયતમાં સભ્ય એવા કરસનભાઈ પર હુમલો થયેલો. દહેગામ તાલુકાના વાસણા ચૌધરી ગામે સરપંચ લીલાબેન સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ. ભાવનગર જીલ્લાના ગારીયાધાર તાલુકાના ગણેશગઢ ગામમાં હરિભાઈ પારધી અને બનાસકાંઠા જીલ્લાના વડગામ તાલુકાના પેપોળ ગામે નાનજીભાઈ પરમાર સામે પણ અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ. હરિભાઈ અપીલ જીતી જતાં પાછા સરપંચ થયા છે.

હારીજ તાલુકાના બોરતવાડા ગામે ૨૦૧૭ ના એપ્રિલ મહિનામાં મહેશભાઈ સરપંચ તરીકે ચૂંટાઈ આવ્યા છે. ગામના બેંક ખાતામાં ૧૮ લાખની સિલક છે અને ૨૦ લાખ રૂપિયાના કામને મંજૂરી મળી છે પણ પંચાયતના ૬ સભ્યો સરપંચની આગેવાની વાળી વાત આગળ વધવા દેતા નથી. જીલ્લા વિકાસ અધિકારીને ફરિયાદ કરીતો તે આને 'ગામનો' પ્રશ્ન જણાવે છે. 'દલિતો માટેની અનામત કાઢી નાંખો' એવા આક્રોશ સામે જીલ્લા વિકાસ અધિકારી નિરુત્તર રહે છે.

હારીજ તાલુકાના કુંભાણા ગામે ચોમાસામાં બે દલિત કુટુંબોના મકાનની દીવાલ પડી ગઈ છતાં સહાય નથી મળી. આનાથી ઓછા નુકસાનવાળા ચૌધરી કુટુંબોને સહાય મળી. છેલ્લા ૬૭ વર્ષમાં દલિત વિસ્તારમાં કોઈપણ વિકાસની સગવડ થાય તેવા કામ થયા નથી. આ ગામે હવે અનામત બેઠક પરથી માનાભાઈ બિનહરીફ સરપંચ ચૂંટાતા તેમની સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર કરવાની ગતિવિધિ તેજ થઈ ગઈ છે.

જે સરકાર નાગરિકના કાયદામાન્ય અધિકારનું રક્ષણ ન કરી શકે તેની પાસેથી પ્રગતિશીલ પગલાંની અપેક્ષા ક્યાંથી રાખી શકાય? દલિતો સરકાર સામે ચુંટણીમાં 'અવિશ્વાસ'ની દરખાસ્ત પસાર કરે ત્યારેજ સરકારને અવિશ્વાસનો અર્થ સમજાશે.

# આઝાદ ભારતનો અપમાનીત રાષ્ટ્રધ્વજ

૧૦ રાજ્યના ૧૧૫ જેટલા વિદ્યાર્થી અને દલિત શક્તિ કેન્દ્રના શિક્ષકોએ સાથે મળીને ભારતનો સૌથી મોટો રાષ્ટ્રધ્વજ બનાવ્યો. ૧૨૫ ફૂટ પહોળો અને ૮૩.૩ ફૂટ ઉંચો રાષ્ટ્રધ્વજ ભારતના ઈતિહાસમાં અત્યાર સુધી બનેલો સૌથી મોટો રાષ્ટ્રધ્વજ છે. તેના માટે ખાદી સુરેન્દ્રનગર જીલ્લાના રાસ્કા, ભલગામડા અને બોરણા એમ ત્રણ ગામોના દલિતોએ હાથે વણી. ૧૧૨૫૦ ચોરસફૂટ ખાદીને ધોવા-રંગવા-સીવવા-ઈસ્ત્રી કરવાનું કામ દલિત શક્તિ કેન્દ્રના વિદ્યાર્થી-શિક્ષકોએ કર્યું. આભડછેટ મુક્ત ભારત અંદોલનઃ મિશન ૨૦૪૭ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રીને આ રાષ્ટ્રધ્વજ સાથે ૧૫ ઓગસ્ટ ૨૦૧૭ ના રોજ, ભારતની આઝાદીના ૭૧ માં પર્વ નિમિત્તે ગુજરાત રાજ્યના એક ગામને 'આભડછેટ મુક્ત' જાહેર કરવાનું આવેદન પત્ર ૧૧ ઓગસ્ટ ૨૦૧૭ ના રોજ આપવા ગુજરાતના ૧૦૦ થી વધારે તાલુકાના દલિત-આદિવાસી-ઓ.બી.સી. પ્રતિનિધિ ગાંધીનગર ગયા. મુખ્યમંત્રી રૂપાણી પોતાની કચેરીમાં હાજર હોવા છતાં આવેદનપત્ર અને રાષ્ટ્રધ્વજ સ્વીકારવા ન આવ્યા. એમના વતી સરકારી અધિકારીએ પણ તે સ્વીકારવાના બદલે લેખિતમાં આપ્યું કે સરકાર પાસે રાષ્ટ્રધ્વજ રાખવાની જગ્યા નથી. ભારતનો સૌથી મોટો રાષ્ટ્રધ્વજ દલિત આંદોલન દ્વારા એટલા માટે બનાવ્યો હતોકે ભારતની અખંડીતતાનું આ પ્રતિક મુખ્યમંત્રીને ગુજરાતમાં તેમની ગતિશીલ અને પ્રગતિશીલ સરકારની આભડછેટ દુર કરવાની નિષ્ફળતા યાદ કરાવે અને એ સંદેશ પણ આપે કે 'આભડછેટની હાજરીમાં વિકાસ શક્ય નથી'. આઝાદ ભારતના ઈતિહાસમાં ભારતના રાષ્ટ્રધ્વજનું સરકારના હાથે થયેલું આ સૌથી મોટું અપમાન હતું.



# હિજરત કરો પણ 'હિજરતી' જાહેર ન થાય'



સાંતલપુર તાલુકાના પર ગામે મરેલા પશુનો નિકાલ કરવાની ના પાડી તે માટે તેમના પર જાહેરમાં સામુહિક હુમલો અને મારપીટ થતાં ૧૪ કુટુંબના ૭૨ લોકોએ હિજરત કરવી પડી. લગભગ છ મહિના સુધી તેઓ સગાવહાલાને ત્યાં રહ્યા. ફેબ્રુઆરી મહિનામાં તેઓ પાટણ કલેકટર કચેરીએ આવ્યા. ઘણી રઝળપાટને અંતે તેમને બકરાદપુર ખાતે ઘર બાંધવાની જમીન અને પૈસા આપવામાં આવ્યા છે. ૭૦,૦૦૦ રૂપિયામાં અત્યારની મોંઘવારીમાં ઘર બનતું નથી એટલે ઘણા ઘર અધૂરા છે. એક દલિત ભાઈની ગામમાં ૧૬ એકર જમીન હતી તેના પર કોઈએ દબાણ કરી લીધું છે અને આ અંગે ફરિયાદ કરવા છતાં કોઈ પગલા સરકારે લીધા નથી. જોકે સરકારે પર ગામના લોકોને 'હિજરતી' જાહેર કર્યા નથી. આમ થાયતો તેમને બેરોજગારી ભથ્થું, રોકડ સહાય, લાઈટ-પાણી ની વ્યવસ્થા પૂરી પાડવાની જવાબદારી સરકારની બની જાય છે.



### યોગીનો અસલી પરિચયઃ

# દલિતોને ન્હાવા-ધોવા સાબુ-શેમ્પુ આપ્યા

૨૦૧૭ માં દેશ હજુ ડો. આંબેડકરની ૧૨૫મી જન્મજયંતી ઉજવીને સામાજિક ન્યાય પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી રહ્યો તે ટાણેજ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીની સરકારે દલિતોને પોતાના શરીરની ગંધ મુખ્યમંત્રીને ન આવે તે માટે ન્હાઈ-ધોઈ સભામાં આવવા સાબુ-શેમ્પુ વહેંચ્યા. આ ઘટના ઉત્તરપ્રદેશના કુશીનગરમાં બની. આ એજ જગ્યા છે જયાં ભગવાન ગૌતમ બુદ્ધનું પરીનિર્વાણ થયું હતું. દુનિયાભરના લોકો કુશીનગરમાં બુદ્ધે પ્રબોધેલા સાચા ધર્મના દર્શન કરવા આવે છે. ૨૦૧૭ માં, આઝાદીના ૭૧ વર્ષ પછી ને ડો. આંબેડકરની ૧૨૫મી જન્મ-જયંતિના વર્ષમાં જે રાજયની ૨૮ ટકા વસ્તી દલિતોની હોય ત્યાં દલિતોનું આવું જાહેરમાં ધોળાદહાડે અપમાન કરે તે મુખ્યમંત્રી જે રાજકિય પક્ષમાંથી આવે છે તેનો સાચો પરિચય છે.



તે ભારતમાંથી આભડછેટ દુર કરવામાં કેટલા સમર્પિત છે તેનો પરિચય છે. આભડછેટ મુક્ત ભારત અંદોલનઃ મિશન ૨૦૪૭ દ્વારા ગુજરાત તરફથી ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીને ભગવાન ગૌતમ બુદ્ધની પ્રતિકૃતિ ધરાવતો ૧૨૫ કિલોનો સાબુ તેમના મનની શુદ્ધતા માટે મોકલવામાં આવ્યો. આ સાબુ યાત્રા આગળ ન વધે તે માટે ઉત્તરપ્રદેશની ૭૦૦ જેટલી પોલીસે ઝાંસી ખાતે કાર્યકરોને ગાડીમાંથી ઉતારી ગુજરાત પાછા વળાવ્યા. હા, સાબુ સ્વીકાર્યાની પાવતી પોલીસે આપી. બીજે દિવસે લખનૌ ખાતે આ અંગે 'પ્રેસ કોન્ફરન્સ' કરવા 'પ્રેસ કલબ' પહોંચેલા આઠ કર્મશીલોને અટકમાં લેવા એક હજાર પોલીસનો કાફલો તૈનાત થયો. આઠ કર્મશીલોમાં નિવૃત પોલીસ વડા દારાપુરી પણ હતા. આઠમાંથી ચાર લોકો ૬૦થી વધારે વર્ષની ઉમર વાળા હતા અને બધા અલગ-અલગ સમાજના પ્રતિનિધિ હતા.

# વડનગરઃ દલિતો માટે 'સોનાની લંકા'

**(ભરતભાઈ પરમાર; શાંતાબેન સેનમા)**

વડનગર હવે નગરપાલિકા છે. જુનું ગામ ચોમેર ફરતા 'કોટ' ની દીવાલમાં સુરક્ષિત છે. કોટ-કિલ્લાના ૬ ઝાંપા. દલિત વસ્તી ઝાંપાની બહાર છે. વડનગરની ૭.૮ ટકા દલિત વસ્તી-વિસ્તાર ગંદકી, તૂટેલા રસ્તાથી અલગ તરી આવે છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૨૧૭૮ ની દલિત વસ્તીમાં કોઈની પણ પાસે સમ ખાવા પુરતી લગીરેય ખેતીની જમીન નથી.

બુદ્ધ જીવનના અવશેષો અહી મળી આવ્યા છે અને ગુજરાતના આવા અવશેષો ધરાવતા સ્થળોને સાંકડી લઈ જાપાન સરકારના સહયોગથી 'બુદ્ધ-દર્શન-પર્યટક-માર્ગ' તરીકે વિકસાવવામાં આવશે તેવી યોજનાની વાતો ઘણા સમયથી ચાલે છે. વડનગરમાં બૌદ્ધધર્મી માત્ર ૧ વ્યક્તિ સરકારી ચોપડે નોંધાયેલી છે.

વડનગરનું રેલમથક મોટું બનાવવાનું કામ ચાલુ છે. શહેરમાં મસમોટી 'ચા'ની કીટલી પણ મુકવામાં આવશે. વડનગરમાં ૨૭૭૯૦ની વસ્તીમાંથી ૮૧૫૪ પ્રજાજનો નિરક્ષર છે; માત્ર ૨૯.૩ ટકા લોકો!! વડનગરમાં 'સફાઈ કામ' કરવાવાળા દલિતો છે. ઘણાં દલિત કુટુંબો 'કચરો-




ભંગાર' ભેગો કરી વિણવા-વેચવાના 'ધંધા'માં રોકાયેલા છે. અન્ય લોકો કડીયાકામ છૂટક મજુરીમાં રળે છે. ઘણા લોકો શહેરની 'મશરૂમ' ઉગાડતી કંપનીમાં રોકાયેલા છે. સરકારી નોકરીનું દલિતોમાં પ્રમાણ નહીવત છે. થોડા યુવાનો 'હોમગાર્ડ'માં ભરતી થયા છે.

વડનગરમાં જુનો દલિત મહોલ્લો અકબંધ છે અને નાના મકાનો ત્રણ પરિણિત સભ્યોને સમાવે છે. દરેક ગામમાં 'ઈંદિરાનગરી' જોવા મળતી હોય છે પણ અહીં કોઈ નેતાના નામની દલિતોને ઘરથાળ આપી શકે તેવી 'નગરી' નથી.

વડનગરમાં ખુલ્લી ગટરોથી તમામ લોકો ટેવાયેલા છે. દલિત-ઠાકોર-ઓડ-ભોઈ-દેવીપુજક અને બાકીના ગરીબો ખુલ્લામાંજ 'શૌચાલય' કરે છે. સ્વચ્છતા મિશનની સો ટકા સફળતાનો દાવો સરકાર અહીં કરતી નથી. 'વિકાસ' અહીં બસમથકની આજુબાજુના રસ્તા, કોર્ટ-કચેરી અને નવી બની રહેલી ખાનગી શાળા-કોલજમાં સમાઈ જાય છે.

દલિત-ગરીબ રહેણાંક વિસ્તાર કાંટા-ઝાંખરાથી આચ્છાદિત જોઈ શકાય છે. દલિત-ગરીબને પજવતો બી.પી.એલ નો 'રાષ્ટ્રીય' સવાલ અહીં પણ મોજુદ છે.



# 'સ્કોર' છે; બી.પી.એલ. કાર્ડ મળતું નથી

**(મંજુલાબેન મકવાણા અને ડાહ્યાભાઈ દાફડા)**

સોમીબેન આયાભાઈ પરમાર 'જંગ' જીતી ગયા. તેમનો 'સ્કોર' ૦ થી ૧૬ માં આવે છે; પણ હજી તેમને ઘણાં આંટા-ફેરા કરવા છતાં 'બી.પી.એલ.' કાર્ડના દર્શન થયા નથી. રાજકોટ જીલ્લાના વિંછીયા તાલુકાના અમરાપુર ગામે રહેતાં સોમીબેનને સરકાર પ્રત્યે કોઈ આદરભાવ બચ્યો નથી. તેમના શબ્દોમાંઃ સરકાર કહે છે કે વિકાસ થયો છે પણ સરકારના મંત્રીનો થયો છે, મોંઘવારીનો થયો છે, ભ્રષ્ટાચારનો થયો છે, દલિતો પર અત્યાચારનો થયો છે.'

સોમીબેનને એટલો ઉકળાટ શા માટે? કારણ બે લીટર કેરોસીન મેળવવા તેમને પોતાના અંગુઠાની છાપ આપવા કલાક લાઈનમાં ઉભા રહેવું પડે છે, ને ક્યારેક એમાં જ દહાડાની મજુરી ભાંગે છે. પડતામાં પાટું એમ 'જી.એસ.ટી.' થી વધેલ મોંઘવારીમાં સોમીબેન કહે છે કે તેમના જેવા ઘર ચલાવવા 'રસ્તા પર આવી ગયા છે'.

# કોઈ જવાબ આપતું નથી

**(મંજુલાબેન મકવાણા અને ડાહ્યાભાઈ દાફડા)**

૪૦ વર્ષના વિધવા જયાબેન મુકેશભાઈ પરમાર પોતાની બે દીકરીઓને પ્રાથમિકથી આગળ ભણાવી શકતા નથી તેનાથી બહુ દુઃખી છે. ઘર ચલાવવા જેટલી મજૂરીની કમાણીમાં બાળકોને ભણાવવાનું કપરું છે. મોંઘવારી જયાબેનને મૂંઝવે છે. જસદણ તાલુકાનું કડુકા ગામ તે એમનું હાલનુંસરનામું. બી.પી.એલ. કાર્ડ કઢાવવાના ઘણા કોઠા ભેદ્યા હોવા છતાં સાતમો કોઠો હજી જયાબેનને જીતવાનો બાકી છે. એ 'સ્કોર' માં



જીત્યા. બી.પી.એલ. નંબર મળી ગયો. હજુ કાર્ડ નજરે ચઢતું નથી. રેશન ન મળે ત્યાં મકાન બનાવવા પ્લોટ ક્યાંથી મળે?' જયાબેન કહે છે, 'બી.પી.એલ.' કે એ ન મળેતો 'અંત્યોદય' કાર્ડ કઢાવવા ઘણા 'ધક્કા' ખાધા; પણ કોઈ જવાબ નથી આપતું'. જયાબેન અર્થશાસ્ત્રી નથી કે કાર્લ માર્કસનું નામ સાંભળ્યું નથી પણ ઉકળાટ ઠાલવતાં કહે છે, 'આ મૂડીપતિઓની સરકાર છે. ઉદ્યોગપતિઓને આપવા એમની પાસે ઘણું છે. ગરીબોને આપવા એમની પાસે કશું નથી'.

# નોટબંધીમાં નોટ હતી જ નહિ તે બદલવાની કાંથી?

કપીલા નાયકા, દિનેશ રાકવા,
પાલસંડા, છોટાઉદેપુર, ૯ ઓક્ટોબર ૨૦૧૭

થોડા વર્ષો પહેલાં સુખી ડેમથી અસરગ્રસ્ત થતાં ૧૨ દલિત કુટુંબો આ ગામે સ્થાયી થયાં અને મળેલ વળતરની રકમમાંથી ઘરની જમીન ખરીદી. તેઓ સફાઈ કામમાં પેઢીઓથી સંકળાયેલા નથી અને વાંસમાંથી ટોપલા, સાવરણા, અનાજ ભરવાની કોઠી કે સૂપડાં બનાવે છે.

ભાથીજીના મંદિરના નાના આંગણામાં ઝાડ નીચે પંદર જેટલી સ્ત્રી અને એટલા જ પુરુષો ભેગા થયા છે. બાળકો પણ ભળ્યાં છે. એક સ્ત્રી બીજી ચોપડી ભણી છે. બાકીમાંથી કોઈ નિશાળે ગયું નથી. તે સ્ત્રીઓની ઉંમર ૨૦ વર્ષથી માંડી ત્રીસ વર્ષ સુધીની દેખાય છે. સૌથી વધુ ભણેલો યુવક ત્યાં આધુનિક ફેશનવાળાં કપડાં અને હાથમાં મોબાઈલ લઈને ઊભો છે, તે બારમું ભણેલો છે. એક યુવતી આઠ ભણી છે.

આઠમા ધોરણનાં બાળકો હિન્દી અક્ષરો વાંચી શકતાં નથી. બાળકોની સંખ્યા ઘટે તો શાળા બંધ થાય અને શિક્ષકોની કદાચ દૂર બદલી થાય તે પરિસ્થિતિ ટાળવા શિક્ષકોએ પોતાના પગારમાંથી ફાળો કરી વાહન બાંધ્યું છે, જે બાળકોને શાળાએ લઈ જાય અને ઘરે મૂકી જાય છે.

બધા જ લોકો વાંસકામમાં નથી. આમેય ખેતીની મોસમમાં બધા ખેતમજૂરીમાં જોતરાય છે અને દિવસના રૂપિયા ૧૨૦ મેળવે છે. વાંસ ખેડૂતના ખેતરમાંથી ખરીદવા પડે છે. વાંસની વસ્તુઓ આજુબાજુનાં ગામોમાં હાટ મંડાય ત્યારે વેચવા જાય છે. વાંસ કેટલા વપરાય તેના આધારે તેમને વસ્તુઓના ભાવ મળે છે. ક્યારેક અનાજના બદલામાં સૂંડલા-સૂપડાં વેચાય છે.

સામે ભાઈ બેઠા છે. પિસ્તાળીસની ઉંમર જણાય છે. હમણાં જ મોતિયા ઉતરાવ્યા તેમાં લેન્સનો ખરચ રૂપિયા પાંચ હજાર અને



ચશ્માંનો ખર્ચો સાડી પાંચસો રૂપિયા આવ્યો છે. ઊછીના-પાછીના પૈસા ભેગા કરી માંડ ઑપરેશન પતાવ્યું. તેવામાં વીજળીવાળા ત્રણ બાકી બિલની રૂપિયા ૨૯૦૦ની ઉઘરાણી કરવા આવ્યા. એમને રૂપિયા ૧૫૦૦ આપી બીજા ભરવાનો વાયદો કર્યો તોય વીજજોડાણ કાપી મીટર લઈને જતા રહ્યા.

હું એમના ઘરે બેઠો હતો ત્યાં મારી નજર એક ગાડી પર પડી. એમના જુવાનજોધ દીકરાએ પોતાના શોખ માટે તે રૂપિયા ૬૦,૦૦૦માં ખરીદી હતી. આ વિસ્તારમાં રસ્તા સારા છે. કારણ

**વાંસ કેટલા વપરાય તેના આધારે તેમને વસ્તુઓના ભાવ મળે છે. ક્યારેક અનાજના બદલામાં સૂંડલા-સૂપડાં વેચાય છે.**

વડોદરા જેવા શહેરોના બાંધકામ માટે આ વિસ્તારમાંથી રેતી અને પથ્થરની ગાડીઓ પૂરપાટ દોડે છે પણ બસ દિવસમાં એક વાર આવે છે એટલે લોકો બચત કરી વાહન વસાવે છે. પેટ્રોલ પંપ દૂર પડે એટલે નાના નાના ગામમાં પણ છૂટક પેટ્રોલ, ઑઈલ અને ડિઝલ વેચવાનો ગૃહઉદ્યોગ પૈસાપાત્ર લોકો કરે છે.

હું પેલા ગાડી ધરાવતા પણ મજૂરી ન કરતા જુવાનિયા સાથે વાત કરતો હતો ત્યાં એના બાપે મોતિયાના ઑપરેશનવાળી આંખેથી ચશ્માં ઉતારી વાંસકામ કરીને બરડ થઈ ગયેલી પોતાની હાથની ચામડીથી ચશ્માંના કાચ સાફ કરતા કહ્યું, "ટોપલા બનાવી બનાવી છોકરો ઉછેર્યો. એને ભેગો બેસાડી ટોપલા બનાવવાનું શીખવ્યું પણ એને કામ ફાવતું નથી. મજૂરી કરતો નથી." બાપની સુક્કી આંખનો ભીનો ખૂણો હું જોઈ શક્યો. વિ-કા-સના વિજ્ઞાન અને ટેક્નોલોજી અહીં ના હતા, પણ બાપના ભાગે કાળી મજૂરી (કા) હતી અને બેકાર છોકરાના ભાગે સપનાં (સ) આવ્યાં હતાં. જ્યાં જૂઓ ત્યાં જુવાનિયા હાથમાં મોબાઈલ ફોન મચડતા દેખાય છે. થોડાં કુટુંબો બકરાં અને મરઘાં ઊછેરે છે. બકરીની ચારેબાજુ ગાંધી મને ન મળ્યા. બકરીનું દૂધ લોકો વાપરતા નથી પણ તેનાં બચ્ચા માટે જ રહેવા દે છે. મુસ્લિમ વેપારી આવી બકરાં-મરઘાં ખરીદે છે. અજેય હાટમાં આદિવાસી જોવા મળે ત્યારે જેની બગલમાં મરઘું દબાવેલુ હોય કે હાથમાં બકરું હોય. એની પાસે પૈસા નથી હોતા. એટલે મરઘાં-બકરાંના બદલામાં બજારથી ઘરવખરી અને અનાજ ખરીદે છે.

અહીં સરકારી યોજનામાં ઈંદિરા આવાસનાં ઘરો મળ્યાં છે. નવું ઘર પાક્કું ગણાય એટલે એનો ઘરવેરો જૂના માટીના અને મોટા ઘર કરતા સરકાર બમણાથી વધુ વસુલે છે. વાંસકામ માટે લોન મળે છે પણ ઘણાએ લીધી નથી. શહેરોમાં લોન લેવા કાવાદાવા થાય ત્યારે અહીં લોન લેવાની અનીચ્છા જોતાં મને આશ્ચર્ય થયું. જાણવા મળ્યું કે સ્વરોજગારીમાં રૂપિયા વીસ હજારની યોજનામાં દસ હજાર બૅંક લૉન અને દસ હજારની સબસીડી મળે છે. બૅંકવાળા લોન કાગળ પર બતાવી તરત કાગળ પર વસૂલી લે છે. બાકી વધેલી સબસીડીમાંથી એજન્ટ અને અધિકારીઓ કટકી કરે છે, એટલે હાથમાં રૂપિયા સાડા છ હજાર કે સાત હજાર આવે છે પણ વ્યાજ તો ન મળેલા પૈસા પર પણ ભરવું પડે છે. વિકાસના આ નવતર પ્રયોગોમાં લોકોને રસ પડતો નથી.

ચાનો ઉકાળો પીતાં પીતાં મેં પૂછ્યું, "સરકારે નોટબંધી કરી તેમાં કેટલી નોટો બદલી?' તેમણે કહ્યું, 'નોટ હતી જ નહિ તે બદલવાની કાંથી !"

# વિકાસઃ કોનો થયો અને કોનો ન થયો ?

દેશમાં અને ખાસ કરીને ગુજરાતમાં વિકાસ થયો જ નથી તે કહેવું 'અસત્ય' છે. આપણી પાસે પુરતા પુરાવા છે જેનાથી અમુક લોકોનો વિકાસ થયો છે તે જોવા દીવો સળગાવવાની જરૂર નથી.

ગયા મહીને, ઓક્ટોબર ૨૦૧૭ માં દિવાળી પહેલાં 'વિકાસ' ના ભારતમાં સૌથી સારા સમાચાર એ આવ્યા કે ભારતના સૌથી ૧૦૦ પૈસાદાર લોકોને છેલ્લા એક વર્ષમાં 'નોટ-બંધી' અને 'જી.એસ.ટી.' લાગવા છતાં ધંધામાં ખોટ ગઈ નથી પણ તેમની મિલકતમાં વધારો થયો છે. કેટલો વધારો થયો? આંકડો છેઃ ૩૧ લાખ ૫૦ હજાર કરોડ (૩૧,૫૦૦,૦૦૦,૦૦૦,૦૦૦) રૂપિયા. આ આંકડો ગણવાનો આપણને અઘરો લાગે. સાદી ગણતરી કરીએ તો આ પૈસામાંથી ૩૧ કરોડ અને ૫૦ લાખ કુટુંબોના ૧ લાખ રૂપિયાની કિંમતવાળા ઘરો બની શકે. અથવા બીજી રીતે જોઈએતો ભારતમાં ૨૦૧૧ની સાલમાં ૨૪ કરોડ ૮૪ લાખ ૮ હજાર ૪૯૪ કુટુંબોની વસ્તી હતી તે તમામ કુટુંબોને આ પૈસા વહેંચી દઈએ તો દરેક કુટુંબના ભાગે ૧,૨૬,૮૦૭ રૂપિયા આવે.

**યોગગુરુ બાબા રામદેવના પરમ શિષ્ય આચાર્ય બાલકૃષ્ણની પતંજલિ કંપની છેલ્લા એક વર્ષમાં કુદીને ૧૦૦ પૈસાદાર વ્યક્તિઓની યાદીમાં ૪૮મા નંબરેથી ૧૯મા નંબરે આવી છે અને તેની પાસે હાલમાં ૪૩ હજાર કરોડ રૂપિયાનો કારોબાર છે**

ગુજરાતના પુત્ર આ ૧૦૦ વ્યક્તિમાં સૌથી આગળ છે જેમની આવક માત્ર છેલ્લા એક વર્ષમાં અઢી લાખ કરોડ (૨,૫૦૦,૦૦૦,૦૦૦,૦૦૦) રૂપિયા થઈ છે. અહીં દર્શાવેલા ૧૦૦ વ્યક્તિની આવક માત્ર એક વર્ષમાં ૨૬ ટકા વધી છે.

યોગગુરુ બાબા રામદેવના પરમ શિષ્ય આચાર્ય બાલકૃષ્ણની પતંજલિ કંપની છેલ્લા એક વર્ષમાં કુદીને ૧૦૦ પૈસાદાર વ્યક્તિઓની યાદીમાં ૪૮મા નંબરેથી ૧૯મા નંબરે આવી છે અને તેની પાસે હાલમાં ૪૩ હજાર કરોડ રૂપિયાનો કારોબાર છે.

એટલે, હા 'વિકાસ' જરૂર થયો છે. આ સામે ગુજરાતના દરેક કુટુંબે વિચારવાનું કે છેલ્લા એક વર્ષમાં તેમના કુટુંબની આવક કેટલી વધી? કરોડ? લાખ? હજાર? કે દેવું થયું?

**ગુજરાતના પુત્ર આ ૧૦૦ વ્યક્તિમાં સૌથી આગળ છે જેમની આવક માત્ર છેલ્લા એક વર્ષમાં અઢી લાખ કરોડ (૨,૫૦૦,૦૦૦,૦૦૦,૦૦૦) રૂપિયા થઈ છે**

## આર્થિક વિકાસને લીધે અમીરોની સંપત્તિ વધી છે અને ગરીબોની ઘટી છે

દેશની સંપત્તિમાં સૌથી પૈસાદાર ૧% લોકોનો હિસ્સો

દેશની સંપત્તિમાં સૌથી પૈસાદાર ૧૦% લોકોનો હિસ્સો




માહિતી સ્રોતઃ ક્રેડીટ સુઈસ ગ્લોબલ વેલ્થ ડેટાબુક ૨૦૧૪ અને ૨૦૧૫

# ગુજરાતનો 'દલિત વિકાસ' ઉનાના દલિત યુવાનોની પીઠ પર કોતરાયો છે

શોલે ફિલ્મમાં ડાકુ ગબ્બરસિંહ પોતાની છાતી ઠોકીને પોતાનું સમાજમાં કેટલું વર્ચસ્વ છે તે બતાવવા કહે છે, 'જયારે કોઈ ઘરમાં બાળક રડતું હોય તો એની મા બાળકને કહે છે કે બેટા સુઈ જા નહીંતર ગબ્બરસિંહ આવશે'. હતા; ઉનાની યાદથી દલિતોની આંખોમાં આક્રોશના તણખા ઝરે છે. આધુનિક ફેસન મુજબ જીવન જીવતા, મોબાઈલ કે કમ્પુટર વાપરતા, સારા પગારવાળી નોકરી કરતા, ઉચ્ચ શિક્ષણ પામેલા; પ્રગતિ કરવાના સપનાં ધરાવતા દલિત યુવાનોને હતા. દલિત યુવાનો એ દ્રશ્ય ભૂલી નથી શકતા કે મોટા સમઢિયાળાના દલિત યુવાનોની પીઠ પર લાકડીઓના ધડાધડ ફટકા ઉના પોલીસ મથકની સામે, પોલીસ ની હાજરીમાં, પોલીસના દંડાથી મારવામાં આવ્યા હતા અને



ગુજરાતના દરેક દલિત બાળક, સ્ત્રી, યુવાન, વૃદ્ધ સહુને 'ઉનાના મોટા સમઢિયાળા ગામે દલિત યુવાનોની પીઠ પર જાહેરમાં મારવામાં આવેલા ફટકા' યાદ છે. ફરક એટલોજ છેકે ગબ્બરસિંહ ની યાદ આવતાં બધા ડરીને થીજી જતાં એવું લાગ્યું કે લાકડીના ફટકા પોતાની પીઠ ઉપર પડી રહ્યા છે.

દલિત યુવાનો એ દ્રશ્ય ભૂલી નથી શકતા કે ઉના શહેરના ભરચક જાહેર વિસ્તારમાં દલિત યુવાનોને ગાડીની પાછળ બાંધીને ઢસડવામાં આવેલા પોલીસ હસી રહી હતી.

દલિતો એ ભૂલી નથી શકતા કે ઉના ખાતે દલિતો પરના આ હુમલાનું કાવતરું ચૂંટાયેલા સરપંચની આગેવાની હેઠળ ઘડવામાં અને પાર પાડવામાં આવ્યું હતું. 'રાજકીય સત્તામાં વિકાસ' પામેલા લોકો દલિતોને કેવા પ્રકારની ગુલામીમાં ઢસડવા માંગે છે તેનો આ અત્યાચાર એક પરચો હતો.

જાગૃત દલિતો એ સમજે છે કે વિકાસનું મહોરું પહેરીને ફરતાં સત્તાલાલચુઓને દલિતોના માત્ર 'મત' ની જરૂર છે. દલિતોને યાદ છે કે 'મારા દલિત ભાઈઓને મારવાના બદલે મને ગોળી મારો' કહેનાર ભારતના વડાપ્રધાને ૨૧ દિવસ સુધી પોતાનું મ્હો ખોલ્યું ન હતું.

'૮૦ ટકા ગૌરક્ષકો નકલી છે અને ધર્મના નામે પોતાની હાટડી ખોલીને બેઠા છે, તે દરેકની પ્રવૃત્તિ વિષે 'ડોઝીયર' (ફાઈલ)તૈયાર કરવામાં આવશે તેવું વડાપ્રધાન બોલેલા. ગુજરાતમાં કે દેશમાં કેટલા ગૌરક્ષકોની પ્રવૃત્તિઓ વિષે 'ફાઈલ' બનાવી? ગુજરાતમાં ગૌરક્ષકો દ્વારા હાડકાંનો વ્યવસાય કરનાર દલિતોની ટ્રક સળગાવી, તેમના ખાતર બનાવતા કારખાનાંને આગ ચાંપી, મરેલ ઢોરનો નિકાલ કરવાની ના પાડનાર સગર્ભા સ્ત્રીને પેટમાં લાતો મારવામાં આવી. આમાંથી કેટલા ગૌરક્ષકોને સજા થઈ?

ઉનાનું 'સમઢીયાળા' ગુજરાતના વિકાસનું મોડલ હોય તો તે મોડલ દલિતોને મંજુર છે?

# સંતોષી મરી પહેલા એના છેલ્લા શબ્દો; 'હે રામ' ન હતા

એનું નામ સંતોષી. ઉંમર ૧૧ વર્ષ. માનું નામ કોયલીદેવી. બાપ માનસિક બીમારીમાં સપડાએલો છે એટલે મજૂરી કરી શકતો નથી. કોયલીદેવી અને એની વીસ વર્ષની બહેન બીજા લોકોના ઢોર માટે ઘાસ કાપવા જાય છે એમાંથી દરરોજના નહિ પણ અઠવાડિયાના રૂપિયા ૮૦-૯૦ કમાય છે. ઘણા મહિનાથી 'નરેગા' યોજનામાં કોઈને કામ મળતું નથી. સંતોષી ઝારખંડ રાજયના સિમડેગા જીલ્લાના કરીમતી ગામની.

છોકરાં શાળામાં વેકેસન પડે એટલે ખુશ થઈ જાય પણ સંતોષી દુર્ગા-પૂજાની રજાઓ પડી એટલે દુખી હતી. ભણવાનું નહિ મળે માટે તે દુખી ન હતી પરંતુ શાળા બંધ હોવાથી મધ્યાહ્ન ભોજન પણ બંધ હતું. એટલે એનું અને એના ભાગમાંથી ઘરના બીજા લોકોને બે કોળિયા ખાવાનું મળે તે પણ બંધ થયું. એનો એક વર્ષનો ભાઈ સરકારી ઘોડિયાઘરમાં છે અને એના માટે જમવાનું મળે તેમાંથી પણ ઘરનાં બીજા લોકોને જમવાનું મળે.

કોયલીદેવી પાસે રેસન-કાર્ડ છે પણ છ મહિનાથી સસ્તા અનાજની દુકાનવાળો રેશન આપતો નથી. કારણ? સરકારે ફતવો બહાર પાડ્યો છે કે જેનું કાર્ડ 'આધાર' સાથે જોડાએલું ન હોય તેને સસ્તા ભાવનું અનાજ ન આપવું. ભારતની સર્વોચ્ચ અદાલતે આવા ફતવાની ના પાડી છે તો પણ 'વિકાસ'ની ઉતાવળમાં એના માર્ગમાં જે કોઈ આવે તેને ચગદી નાંખવાની ઘેલછામાં સંતોષી ૧૧ વર્ષની કુમળી વયે કાગડા-કૂતરાં મરે તેનાથી પણ ભૂંડી રીતે મરી.

**એના ઘરમાં ભાત બનતા ત્યારે ભાતમાં ચોખા કરતાં પાણી અનેક ગણું વધારે રહેતું**

સંતોષીના ઘરમાં પાંચ દિવસથી કોઈને ખાવાનું મળ્યું ન હતું, કારણ દેશના ગોદામોમાં અનાજ ભલે સડતું હોય, સંતોષી પાસે આધાર કાર્ડ ન હતું એટલે એના ઘરમાં અનાજ ન હતું. ૨૮ મી સપ્ટેમ્બરના દિવસે એના શરીરમાં નૂર ન રહ્યું એટલે કોયલીદેવી એને દાકતર પાસે લઇ ગઈ. દાક્તરે કહ્યું, 'એને ખવડાવો' પણ ઘરમાં દાણો હોયતો ખવડાવેને? રાત્રે સાડા દશ વાગે સંતોષી મરી ગઈ. એના છેલ્લા શબ્દો 'હે રામ' ન હતા. એના છેલ્લા શબ્દો 'ભાત-ભાત' હતા.

એના ઘરમાં ભાત બનતા ત્યારે ભાતમાં ચોખા કરતાં પાણી અનેક ગણું વધારે રહેતું.

સરકાર કુદી પડી છે. કહે છે 'સંતોષી ભૂખથી નહિ પણ મેલેરિયાથી મરી છે'. સરકારનું આરોગ્ય ખાતું જણાવે છે કે સંતોષીને મેલેરિયા થયાની વાત ખોટી છે. જયાં દેશના ગોદામો અનાજથી ચિક્કાર ભર્યા હોય ત્યાં કોઈની તાકાત છે કે ભૂખે મરે ?

પડતામાં પાટું તેમ ગામવાળાઓએ કોયલીદેવીને એના ઘરમાંથી ભગાડી મૂકી છે કારણ સંતોષીને ચુપચાપ દાટી દેવાના બદલે એણે સેવાભાવી સંસ્થાને વાત કરી અને આ સમાચાર આખી દુનિયામાં ફેલાઈ ગયા એટલે ગામ 'બદનામ' થયું. વિકાસનો વિરોધ કરશે તેવી સરકાર ચૂંટાશે (એટલે કે ભાજપ સિવાયની) તો કેન્દ્ર સરકાર તેને પાઈની પણ મદદ નહિ કરે તેવી ધમકી હમણાં ગુજરાતના ચુંટણી પ્રચારમાં વડાપ્રધાને ઉચ્ચારી છે. સંતોષી વિકાસની વિરોધી હતી? ના એને તો ભાતના દાણા જોઈતા હતા. ગરીબ સુદામા પાસેતો કૃષ્ણને રીઝવવા ચોખાના દાણા હતા. સંતોષી પાસે તો ચોખાના દાણા પોતાના માટે પણ ન હતા.

સરકારના 'વિકાસ'ના આયોજનમાં સંતોષી માટે કોઈ સ્થાન ન હતું તે સ્પષ્ટ છે. સંતોષી-કોયલીદેવી અને ભાજપ સરકારની વિકાસની વ્યાખ્યા અલગ છે.

સંતોષીના હાથમાં બંગડી ન હતી. હોતતો પણ વિકાસના નામે પોતાના ભૂખમરાના વિરોધ માટે તે ફેંકવાનું જોર પાંચ દિવસથી ભૂખ્યા અને આંતરડા ચોંટી ગએલા તેના શરીરમાં ન હતું. ભુખમરામાં પણ તે ચૂં-ચાં ન કરે એટલા માટેજ કદાચ કોયલીદેવીએ એનું નામ 'સંતોષી' પાડ્યું હતું.